प्रेमभक्ति-ग्रन्थमाला

ઇન્દુકુમાર

અંક ૨ જો : રાસ

ન્હાનાલાલ દલપતરામ કવિ

પ્રેમભક્તિ–ગ્રન્થમાલાનાં

નવીન ગ્રન્થો અને આવૃત્તિઓ

	પ્રથમાવૃત્તિની સાલ
૧૭, શકુન્તલાનું સંભારણું (૨જી આવૃત્તિ) ...	૧૯૨૬
૧૮, કુરુક્ષેત્ર: પ્રથમ કાંડ, યુગપલટો (૩જી આવૃત્તિ)	૧૯૨૬
૧૯, કુરુક્ષેત્ર: દ્વાદશ કાંડ, મહાસુદર્શન (૨જી આવૃત્તિ)	૧૯૨૭
૨૦, ઉદ્‌બોધન (૨જી આવૃત્તિ)	૧૯૨૭
૨૧, અર્ધશતાબ્દિના અનુભવબોલ	૧૯૨૭
૨૨, સંસારમન્થન (૨જી આવૃત્તિ)	૧૯૨૭
૨૩, વિશ્વગીતા (૨જી આવૃત્તિ)	૧૯૨૭
૨૪, ઇન્દુકુમાર, અંક ૨જો (૨જી આવૃત્તિ) ...	૧૯૨૭
૨૫, ન્હાના ન્હાના રાસ, ભાગ ૨જો (૨જી આવૃત્તિ)	૧૯૨૮
૨૬, ગીતમંજરી	૧૯૨૮
૨૭, જહાંગીર–નૂરજહાન	૧૯૨૮
૨૮,–૨૯, કુરુક્ષેત્ર: ચતુર્થ કાંડ, યોધપર્વણી ...	૧૯૨૮
પંચમ કાંડ, પ્રતિજ્ઞાદ્વન્દ્વ ...	૧૯૨૮
૩૦, કુરુક્ષેત્ર: એકાદશ કાંડ, શરશય્યા	૧૯૨૯
૩૧, કુરુક્ષેત્ર: દ્વિતીય કાંડ, હસ્તિનાપુરના નિર્ઘોષ ...	૧૯૨૯

૧૯૩૦માં છપાશે

૧, શાહાનશાહ અકબરશાહ

૨, ઇન્દુકુમાર, અંક ૩જો

૩, પાંચ ઉપનિષદો, સમશ્લોકી

૪ ધર્મમન્થન

૫, સંબોધન

૬, કુરુક્ષેત્ર: તૃતીય કાંડ, નિર્ધાર

૭, કુરુક્ષેત્ર: દશમ કાંડ, કાળનો ડંકો

કુરુક્ષેત્ર મહાકાવ્યના ૭ કાંડ છપાયા છે: ૧૯૩૦માં બીજા બે કાંડ છપાશે.

પ્રેમભક્તિ-ગ્રન્થમાલા

પ્રથમાવૃત્તિની સાલ

૧,	કેટલાંક કાવ્યો, ભાગ ૧ લો (૨જી આવૃત્તિ)	૧૯૩૦
૨,	રાજ્યસૂત્રોની કાવ્યત્રિપુટિ ...	૧૯૦૩-૦૫-૧૧
૩,	વસન્તોત્સવ (૩જી આવૃત્તિ)	૧૯૦૫
૪,	કેટલાંક કાવ્યો, ભાગ ૨ જો (૨જી આવૃત્તિ)...	૧૯૦૮
૫,	ઇન્દુકુમાર, અંક ૧ લો (૩જી આવૃત્તિ) ...	૧૯૦૯
૬,	ન્હાના ન્હાના રાસ, ભાગ ૧ લો (૬ઠ્ઠી આવૃત્તિ)	૧૯૧૦
૭,	શ્રીમદ્ ભગવદ્ગીતા, સમશ્લોકી (૨જી આવૃત્તિ)	૧૯૧૦
૮,	જયા-જયન્ત (૪થી આવૃત્તિ)	૧૯૧૪
૯,	મેઘદૂત, સમશ્લોકી (૩જી આવૃત્તિ) ...	૧૯૧૭
૧૦,	ઉષા (૪થી આવૃત્તિ)	૧૯૧૮
૧૧,	ચિત્રદર્શનો	૧૯૨૧
૧૨,	રાજર્ષિ ભરત (૨જી આવૃત્તિ)	૧૯૨૨
૧૩,	પ્રેમકુંજ (૨જી આવૃત્તિ)	૧૯૨૨
૧૪,	પ્રેમભક્તિ-ભજનાવલિ	૧૯૨૪
૧૫,	સાહિત્યમન્થન	૧૯૨૪
૧૬,	વેણુની ષોડશ ગ્રન્થો, સમશ્લોકી	૧૯૨૫

પ્રેમભક્તિ-ગ્રન્થમાલા

ઇન્દુકુમાર

અંક ૨ જો, રાસ

ન્હાનાલાલ દલપતરામ કવિ

વિ. સં. ૧૯૮૬] [ઇ. સ. ૧૯૩૦

કીમત દોઢ રૂપીઓ

પ્રકાશક: ન્હાનાલાલ દલપતરામ કવિ,
ભદ્ર, અમદાવાદ, નં. ૧

આવૃત્તિ ૧ લી	૧૯૨૭	પ્રત ૨૦૦૦
આવૃત્તિ ૨ જી	૧૯૩૦	પ્રત ૧૧૦૦

*

*

મુદ્રક: મોતીભાઈ મથુરભાઈ પટેલ
મુદ્રણસ્થાન: ચરોતર પ્રિન્ટિંગ પ્રેસ, આણંદ

નિવેદન

ઈ. સ. ૧૯૦૯ માં ઇન્દુકુમારનો પહેલો અંક છપાયો હતોઃ આજે સોળે વર્ષે એ નાટકનો બીજો અંક છપાય છે. રસરસિકોની યે ધીરજને અવધિ હોય. વાંચક! વિલંબને માટે ક્ષમા આપજે. હું ઉંઘ્યો યે ન્હોતો કે આળસ્યો યે ન્હોતોઃ એ અન્તર્ગાળાના સોળ વર્ષની મ્હારી સાહિત્યસેવાનો ઇતિહાસ ગુજરાત પાસે મોજૂદ છે.

અને છેલ્લાં સોળ વર્ષો! એ સોળ વર્ષોમાં જગત નવુંજૂનું થઇ ગયું. વીસમીસદી બાલક હતી તે પચ્ચીસ વર્ષની પ્રમદા બની છે. યૂરોપનો નકશો નવો ચીતરાયો. પૃથ્વીના ખંડ-ખંડ પલટાઇ ગયા. માનવ-ઇતિહાસે ન્હોતો દીઠો એવો મહાસંગ્રામ ખેલાઇ ગયો. એ જગદ્દાકલના પડઘા ભરતખંડમાં—ને આપણા ગુજરાત દેશમાં યે ગાજી ગયા. વાવાઝોડું આવે ને આંધી ચ્હડે, એમ જગતભરમાં એક વાવાઝોડું વાઇ ગયું. સંસાર નવા ઘડાયા; જગત જાણે નવે જન્મે આવ્યું.

આવી જગતઉથલપાથલોમાં યે અમ્મર કોઇ હોય, તો એક કવિતા. સૈન્યો હણાયાં, નગરો ભટવાયાં, પ્રજાઓ છૂંદાઇ, સંસ્કૃતિઓ પલટાઇઃ ત્હો યે શેલી શીલર કે દયારામ એના એ જ છે અમૃતસ્થંભો—ત્ય્હારે હતા

ર્‌હેવા આજ. કાળના પલટાતા યુગાન્તરોથી કવિતા પર છે. કવિતા ક્‌ય્હારે ય જૂની થતી નથી. કાળની ઝાળથી ન કરમાય, એ એક કવિતા. મહાકવિ કાલિદાસ પછી કેટકેટલા યુગાન્તરો હિન્દના ઇતિહાસમાં પલટાઇ ગયા? મેઘદૂત કે શાકુન્તલને એ સંસારવિપ્લવો ઓળાથી યે અડકી ગયા છે? સંસારવિપ્લવોની તડકીછાંયડીથી કવિતા સદા પર છે.

એવી—સંસારવિપ્લવથી પર કવિતા ઇન્દુકુમારમાં છે કે નથી એ ઉચ્ચરવાનો મ્હારે હક નથી. ઇન્દુકુમાર રચાતાં રચાતાં આજ સત્તાવીશ વર્ષ પૂરાં થવાં આવ્યાં; એ સત્તાવીશ વર્ષમાં આપણો દેશ એનો એ જ રહ્યો છે? હજી હવે છપાશે તે બીજા-ત્રીજા અંકમાંનાં ઘણુાંખરાં ગીતો તો વીશેક વર્ષો પૂર્વે લખાયેલાં; ને પૂર્ણાહૂતિનો કળશ મ્હડતાં હજી કંઇક વર્ષો તો વીતશે. મ્હારી મનોભાવનાઓનાં આ શબ્દચિત્રો આટઆટલે વર્ષે યે મ્હને પૂરાં સન્તોષતાં નથી, ને વાંચક! ત્‌હને યે પૂરાં એ ન સન્તોષે તો આપણે સમદુઃખિયાં છીએ એટલું સંભારજે; અને ત્‌હારી સુજનતા ગણવા દે તો ત્‌હેમને ક્ષન્તવ્ય ગણજે!

જાનેવારી ૧૯૨૫

ન્‌હાનાલાલ દલપતરામ કવિ

ઇન્દુકુમાર

અંક બીજો, રાસ

સ્થળ: અમૃતપુર નામનું નગર

કાળ : એક ગ્રીષ્મ

પાત્રો:

સ્ત્રી પાત્રો:

પાંખડી

નેપાળી જોગણ

કાન્તિકુમારી

યશોદેવી

પ્રમદા સુન્દરી

વિલાસ

વસન્ત

કાંચન

તારા

કુમારી

પુરની અન્ય સુન્દરીઓ અને કુમારિકાઓ

પુરુષ પાત્રો:

ઇન્દુકુમાર

જયદેવ

ભદ્રરાજ: યશોદેવીનો પતિ

બાબો બિન્દુ

બાલો

પુરના અન્ય ગૃહસ્થો

પ્રવેશ ૧ લો

સ્થલકાલ: સાગરને તીરે સ્હવાર

રાસે રમે રંગવેલી,
      સાહેલડી રાસે રમે રે.
            (શિખરેથી જગતમાં ગીતટહુકો ઢોળાય છે.
અખિલગુલાલના સાથિયા રે પૂર્યા;
વિશ્વ ભરી ઝોળ એ ઉડેલી:
      સાહેલડી રાસે રમે રે.

(અટાપટી રંગવલ્લીઓનો સંસારધ્વજ જાણે અવકાશ ભરી ઉડાવતી હોય એમ ધ્વજધારી પાંખડી ટેકરીની આભમાંડી ધાર ઉપર ગાતી ઉભી છે. ધ્વજપટમાં નવરંગે ચિતરેલું છે 'બાલલીલા.' અમૃતપુરની કૌમાર-સેનાનો અગમ્યગામી સંઘ નીચે સાગરતીરે ટોળે મળ્યો છે. સ્હવારનો સૂર્યરાજ ત્હેમને તેજકિરણોથી વધાવે છે.)

એક બાલક: આવો, આવો, બાલવીરો!
      રેતીમાં લખિયે: લખો, સંસાર.

એક બાલા: રેતીમાં લખેલું તો ભૂંસાઇ જાય.

બીજો બાલક: મ્હોટા કહેવાતા ઘણાયે રેતીમાં લખે છે.

બિન્દુ: પાંખડી કહેતી હતી કે
'બ્રહ્મલીલાનો મ્હારો સંસારધ્વજ
હું તો ખોડીશ ખડક માથે.'
ખડકોમાં અક્ષર કોતરાવે
એ વીરરાજ વિરલા.
ઓ—એ ઉભી આભને આરે.

બીજી બાલા: જગતની જાણે મ્હારેલી મંજરી!

તારા: એક રાજર્ષિ હતા,
ખડકોમાં ત્હેમણે ધર્મમન્ત્રો લખાવ્યા'તા.

(જાણે આભની હવેલીઓમાંથી આવતી હોય એમ ગાતી ગાતી પાંખડી ઉતરે છે: અન્તરિક્ષના પગથારમાં લહરતાં ધ્વજ ને ગીત પાછળ પાછળ ઉતરે છે.)

પાંખડી: ચોળીમાં મોરલા ને ચુંદડીમાં ચાતકો;
અંગઅંગ ફૂલડે ફૂલેલી:
　　સાહેલડી રાસે રમે રે.
આંખોમાં ઉગિયા આશાના ચન્દ્રમા;
મુખડે શી મોહિની ચ્હડેલી!
　　સાહેલડી રાસે રમે રે.

(સાગરતટની એક ભેખડછાયામાં બાલખેલ જામ્યા છે ત્હાં જનાન્તિકે)

ત્રીજો બાલક: જેને સીમા નહીં તે સાગર.

બીજી બાલા: જો! હું ત્હારો સાગર કૂદી.

(મણુમણુનો ફૂદકો મારે છે.)

ત્રીજી બાલા: આ હું ત્હારો સાગર પી જાઉં.

(પોતાનો ખાલી ખોબલો પી જાય છે.)

બિન્દુ: ધરતીમાંથી જાણે ઉછળતી ચન્દા !
કે અગસ્ત્ય ઋષિની ઋષિપુત્રી જન્મી?

(આથે ગોરંભતી ઘટામાંથી શંખનાદ થાય છે; ટેકરીપેટાળમાંથી પાંખડી ઘટાઘોરવતા તે શંખનાદને શંખનાદે સત્કારે છે. સાગરગર્જના ને શંખગર્જનાના સંગમધ્વનિથી અન્તરિક્ષ ધમધમી ઉઠે છે. વેરાગેલ્લા કૌમારસેનાનીઓ સાગરતટમાં ટોળે મળે છે.)

પાંખડી: ભ્રુકુટિ નમેલી, કંઠકળી યે નમેલી;
નમણી નમેલી દેહવેલી:
સાહેલડી રાસે રમે રે.

(સંસારસેનાધિપતિણીને વેશે રાજરાજેશ્વરી શી કાન્તિકુમારી દૂરથી આવતી દેખાય છે.)

મદે ઢળી ચાલમાં, સોહાગભર્યા ભાલમાં,
કામિનીની કવિતા ઝૂકેલી:
સાહેલડી રાસે રમે રે.

ચોથો બાલક: (શંખનાદ સાંભળી દોડતો આવતો)
સાગરકાંઠે રત્નો વીણવા આવજો સૌ.
રંગરંગીલા પથરા વીણી લાવ્યોઃ
મોરપીંછાંની જાણે નરી કણીઓ.
ઉષા આવી હતી વેરવા;
વેરીને સન્તાઇ ગઇ ગગન પાછળ.

પાંચમી બાલા: પત્થરની હીરાકણીએ તો
ઉભરાય છે સારો યે સાગરકાંઠો.

બિન્દુ: ઉભરા યે કોણે ને કેટલા ઝીલ્યા?
કંકરે શંકર છે—નર્મદાના તો સૌ.
ને રત્નોની ખાણુ કંઇ ખેતરે ખેતરે હોય?

(કૌમારસંઘ સંસારવ્યૂહમાં ગોઠવાય છે.)

પાંખડી: (ટેકરી ઉતરીને)
આત્માની પ્રેમજ્યોતે દેહે કીધા દીવડા;
દીપે દીપે દુનિયા દાઝેલી:
સાહેલડી રાસે રમે રે.

(કૌમારસેનાનીઓના આગમ્યગામી સંઘમાં સેનાધિપતિણીને વીરપગલે કાન્તિકુમારી સંચરે છે.)

કૌમારસંઘ: **सत्यमेव जयते.**

(એ વીરગર્જનાથી કૌમારસંઘ કાન્તિકુમારીને સત્કારે છે.)

કાન્તિ: **सत्यमेव जयते, नाऽनृतम्.**

(કૌમારસંઘના સત્કારનો કાન્તિકુમારી સુમધુર કંઠે મૃદંગધીમેશથી પ્રત્યુત્તર વાળે છે.)

પાંખડી: મોહની ભૂલાવી, મહામાયા સ્મરાવતી,
કૂદડી ફરે છે અલબેલી:
સાહેલડી રાસે રમે રે.

રાસે રમે રંગદેલી,
સાહેલડી રાસે રમે રે.
सत्यमेव जयते.

(એ સનાતન મન્ત્રોચ્ચારે વન્દન વન્દતી વસન્તવેશે પાંખડી આવે છે.)

કૌમારસંઘઃ सत्यमेव जयते, नाऽनृतम् .

(એ મન્ત્રગર્જનાથી કૌમારસંઘ પાંખડીને પ્રતિસત્કારે છે.)

કાન્તિઃ આજનો કૌમારસંઘ, કાલનો તે સંસાર.
સંસાર ત્‌હમારો છે, સાધજો!
પધારો અગમ્ય સાગરને તીર,
ને રમો સંસારની વ્યૂહરમણા.
પ્રભુએ પ્રેમકુંજ સ્થાપી પૃથ્વીમાં,
મનુષ્યે કીધું જગતનું કુરુક્ષેત્ર.
સંસાર એટલે સુન્દરતાની વાડીઃ
લોકે કીધાં પાણીપતનાં મહાસંગ્રામ.
જાગો, ઉઠો, આનન્દો સદા;
પ્રભુને કાજે, સત્યને કાજે,
સમસ્ત માનવકુલને કાજે.
અગમ્યગામી સંઘનાં સન્તાનો!
ભીષ્મ ત્‌હમારા રાજરાજેન્દ્રઃ
વાગ્વિશારદ ત્‌હમારા પ્રધાન પુરુષ.
પ્રેમ શૌર્ય ધર્મ ધૈર્ય અનુકમ્પા;
દયા દાન દીનતા સત્ય બ્રહ્મચર્ય;
વણપૂર્યું જ્ઞાન ને અણડોલી શ્રદ્ધા;
જગત સરિખું ઔદાર્ય,
વિશ્વ સમોવડ વિશાલતાઃ
એ ત્‌હમારાં સાધન શસ્ત્ર ને શાસ્ત્ર.
ઉઠો, ઉદ્ધારો, આનન્દો.

પ્રભુ જેટલો પુરાતન છે મન્ત્રઃ
सत्यमेव जयते.

કૌમારસંઘ. सत्यमेव जयते, नाऽनृतम्.

કાન્તિઃ પાંખડી! રોપ ત્‍હારો સંસારધ્વજ
સાગરને તીર, અગમ્યના બ્રહ્મચોકમાં.

(વસન્તપાંખો ફડફડાવતી પાંખડી દેવપગલે પધારે છે, અસીમ સાગરતીરે સંસારધ્વજ રોપે છે; દેહ જેવડી ઢાલ સમી પાંખડી પડખે ઉભે છે.)

એ સંસારધ્વજ ધારીને ઘૂમ્યા છે
જગતના સાચના સેનાનીઓ.
ઘૂમો ને જીતો ત્‍હમે ય તે.
એ જ છે માર્ગ સંસારના મહાવીરોનો.

(કાન્તિકુમારી ઝીલાવે છે, અમૃતપુરનો કૌમારસંઘ ઝીલતો ઝીલતો સંસારધ્વજ લેઇને ઘૂમે છે.)

સાચના સીપાઇ,
અમે સાચના સીપાઇ,
સાચ અમારી તરવારે,
　ને સાચની બાંધી સવાઇઃ
　અમે સાચના સીપાઇ.

(વિધવિધના સંસારવ્યૂહ રચતા એમ કેટલીક વાર સુધી ઘૂમે છે.)

કાન્તિ : सत्यमेव जयते.

કૌમારસંઘઃ सत्यमेव जयते, नाऽनृतम्.

કાન્તિ : જાવ, રમો, આનન્દોઃ કમરબન્ધ ખોલોઃ
હાકલ વાગ્યે આવજો.
વસન્તપાંખો ફૂટે એ વીર.

(બે–બે ત્રણ–ત્રણ પાંચ–પાંચનાં કૌમારવીરોનાં ઝૂમખાંઓ સાગરતીરે ટેકરીઓમાં ઘટાઓ ભીતર હોડકાંઓમાં વેરાય છે. એક બાલા બુલબુલ શા રબ્બરના બલૂન છોડે છે; એક બાલક ધન્તુરાનાફૂલથી સાબુના પરપોટા ઉડાડે છે.)

કાન્તિ: પણ, પાંખડી! દેવબાલે!
આ વસન્તવેશ શે ધાર્યો?
પોપટની પાંખો જેવાં પાંદડાં,
ને આભનાં ચાંદરણાં જેવાં
કેસૂડાંનાં અંગોઅંગે છાંટણાં.

પાંખડી: કાન્તિ બ્હેન! સંસાર જીતવાને.
કેસરિયાં કરવાને કેસૂડાં.
એ પાંખોએ આભમાં ઉડવું છે.
કેસૂની એ તારાટપકીએ,
વીરોના એ વસન્તરંગે
જગત સારાને રંગવું છે.
ગઇ વસન્તપંચમીની સ્હાંજે
દેવ મ્હને વનખેલમાં ભમાવતા'તા.
બાહુએ ને મુગટે મ્હારે
પાંખડીઓ પ્રગટી છે આજ,
એમ ડાળે ડાળે પલ્લવ ફૂટતાં.
નભનીતર્યાં હીલમહીલાં અજવાળાં,
સ્નેહ જેવાં, ઝાડે ઝાડે ઢળતાં.
વસન્તની સોહાગઓઢણી

જગતે ઓઢી, એમ દેવ કહેતાઃ
એક આંબલા નીચે અમે ઉભાં.
ઉપર મંજરીઓમાં માળો હતો,
મંહી મેનાપોપટ રમતાં'તાં.
મંજરીની ચાંચ ભરી ભરીને
પોપટજી મેનાને ધરાવતા.
મેના મંજરીઓ સ્વીકારતી,
આંસુની આંખડીએ પોપટને નિહાળતી.
દેવને પૂછ્યું, આ શું?
દેવે વસન્તવેશનું ગીત ગાયું.

કાન્તિ: દેવે ગાયું? પાંખડી!

પાંખડી: સાગરને ઘેરે સૂરે દેવે ગાયું.

કાન્તિ: ગા, પાંખડી! ગા, જોઉં,
એ વસન્તવેશનું ગીત.

પાંખડી: પોપટ ઉડતો એમ ઉડું તો ગાઉં ને?
ઝાલશો ઘડીક આ સંસારધ્વજને?

(સંસારના ધ્વજનાયક શી કાન્તિકુમારી સંસારધ્વજને ઝાલી ઉભે છે, ને મેનાની પેઠમ ન્હાનકડા કૂદકા ભરતી, પ્રેમપંખિણીના ક્‌વ્હારેક કો અદ્દ્‌ભુત ભાવ ભજવતી, પાંખડી વસન્તવેશનું ગીત ગાય છે.)

મેના પોપટજીને વીનવે રે,
કેસૂડાં શાં અણિયાળાં નાક
પોપટ! ત્હમે કયમ કીધાં રે?

લીલાં આંબલિયે પાંદડાં રે,
વીણી મનોહર પાંખ
પોપટ! ત્હમે કયમ ધરી રે?
અમૃતકંઠની માધુરી રે,
નયણુંમાં નેહ હસન્તઃ
પોપટ! ત્હમે કય્હાં પામ્યા રે?

કાન્તિ: તું ય માનવમેના છો સ્તો!
હેખે તે ભૂલે કે વનમાંથી જનમાં
પ્રેમપંખિણી કો ભૂલી પડી છે.
પોપટજી શું ઓચર્યા પછી?
અધીરી મા કર, પાંખડી!
અધીરપે ઉર ફાટશે.

પાંખડી: પોપટ પાતળિયાનો તો એક—
પ્રેમનો જ ઉત્તર હોય.
કહેઃ જાણ્યાંઅજાણ્યાં મેના રાણી!

વળતા પોપટજી બોલિયા રે,
એક દિન લાગ્યો'તો થાકઃ
મેના! વ્હાણું બહુ વીત્યાં કે?
ઉડતો થંભ્યો આ આંબલે રે,
ભાળી:તમ રસભરી આંખઃ
મેના! ત્હમે નવ જાણો કે?
આવી બેઠો સુખસ્હોડમાં રે,

પછી લીધો વેશ વસન્ત:
    મેના ! ત્હમે વીસર્યાં કે ?

પછી પોપટજી આકાશે ઉડયા,
ને મેના રાણી ગગન નિહાળતાં બેઠાં.

કાન્તિ: ભગવાન રામચન્દ્રજીના વારાથી
પુરુષો એવા જ છે—કઠોર કાળજાના.
એટલામાં યે રિસામણાં ?
એવડા શા વસ્યા મેનાના વાંક ?

પાંખડી: પુરુષ કાળમીંટનો કટકો છે,
તો સ્ત્રી છે સરિતાનું પૂરઃ
તરતાં ન આવડે ત્હેવા કંઇ-કંઇને
હૈયે ઝીલી-ઝીલીને યે ડૂબાડે.

કાન્તિ: જવા દે ને-છોડને છાલ.
રોજ ને રોજ શી એ
સ્ત્રીપુરુષની જગડ્હોળામણી રામાયણ ?
ફૂલ દે, ને વાર્તા ક્‌હે ત્હારી.

(ફૂલડાંનો અભિષેક કરી ફૂલછાબમાંથી પાંખડી એક ફૂલ આપે છે. સંતમ નયનપાંદડીએ એ ફૂલપાંદડીઓને ચાંપી કાન્તિકુમારી એ ફૂલ ચોળીના ઉપલ્યા બોરિયામાં પરોવે છે.)

પાંખડી: સ્ત્રીપુરુષની જગરામાયણ તો
જગત પુરૂં થયે પૂરી થાય ત્યહારે.
આજે તો લખાય છે એના અધૂરા કાંડ.
—ને એમે નહીં, કાન્તિ બ્હેન !

હેવે કહ્યું: અબૂઝ મેનાએ ન બૂઝયું
કે વસન્તવેશ પ્રેમવેશ હતો
એ પ્રેમરાણીજીને પોતાને જ કાજે.
મેનકાની અડપડિયાળી આંખડલીએ
ન ઓળખ્યો પ્રેમ,
કે ન પારખ્યો પ્રેમી.
વીરના કે વ્હાલાના હોય વસન્તવેશ.
પ્રેમપરિવેશના ધારી એ પંખીરાજ
ઉડયા જગતના ઉદ્ધાર કલ્લોલતા.
હું યે પછી સજું છું
વારંવાર આ વાસન્તી વેશ.

કાન્તિ: પ્રેમનાં પ્રગટયાં કો પ્રભાત?
કે વીરત્વનાં વાયાં કો વાવાઝોડાં?
પાંખડીના શા કારણે આ વસન્તવેશ?
કીયા સમરાંગણમાં ઉતરશો?
સંસારનાં કે સ્નેહનાં?
યોગમાયાની ઓ કુંવરી!
તું તો પન્દરે તિથિએ નવરી.
ને નવરીના આ તુજ નુક્તા.
—પણ ના, ભૂલતી ભાસું છું.
વેલીને કુંપળો પ્રગટે,
એમ પાંખોનાં પીંછાં પ્રગટે છે
પંખિણીને ને પ્રેમપંખિણીને.
પાંખ ફૂટે તે પાંખડી.

પાંખડી: ત્ય્હારે કાન્ત ફૂટે તે કાન્તિબા.
કાન્તિ બ્હેન! સાચ્ચું કહું છું હો!
રોમરોમની રેખાઓમાંથી ત્હમારા
કોડામણા કાન્ત પ્રગટે છે:

(સહસા વજ્ર વાગ્યા શી કાન્તિકુમારી ચમકે છે.)

રજનીને ઓઢણે તારલા તરવરે તેમ.

કાન્તિ: (સ્હેજ સ્વસ્થ થઇને, સ્મિત વર્ષાવતી)
અસંખ્યજીહ્વાળું જગત
અસંખ્ય નામે ઓળખે છે ત્હને.
ફૂલને પાંદડીઓ, એટલી ત્હારે કાજે જીભ.
બીજું નામ સાર્થક કીધું આજ:
પાંખડી તે પાંખડી.
જા, ફૂલતરસ્યાંઓ વાટ જૂવે છે ત્હારી.

(જગતરાણીનો સુકોમળ આજ્ઞાભાવ કરનિર્દેશથી ભજવતી હસતી કાન્તિકુમારી દિશા દાખવે છે. આજ્ઞા સન્માનતી પાંખડી ગાતી ગાતી સાગરતીરની જળઝાડીઓમાં સિધાવે છે.)

પાંખડી: મેદની ભૂલાવી, મહામાયા સ્મરાવતી,
ફૂદડી ફરે છે અલબેલી:
　　સાહેલડી રાસે રમે રે.

કાન્તિ: યોગમાયાનો જાણે અવતાર!
ભગવાને ભાખ્યું કે મમ માયા દુરત્યયા:
આટલી ઢીંગલી યે દુસ્તર છે ઓળખાવી!

મ્હારા યે પોપટજી આકાશે ઉડયા
વસન્તના વાઘા સજીને.
આશાઅભિલાષની પાંખોનાં એ ઉડવાં.
જગતના ઉદ્ધાર થશે—કે આથમશે,
મ્હારે તો અન્ધકાર ઉતર્યાઃ
સ્મરણો યે શોષાઇ ગયાં.
गतांसुनगतांसूंश्च नानुशोचन्ति पंडिताः
પંડિતો એવા અભેદ્ય આત્માના હશે?
(ઘડીક વિચારને લ્હેરખે ચ્હડે છે.)
પાંખડી! તું સાચ્ચી છો હો!
વસન્તપંચમીએ યશદેવીને શણગારી,
સ્નેહમન્દિરે લગ્નપર્વણીનો મહોત્સવ ઉજવ્યો,
રોમ-રોમ રટે છે ત્ય્હારથી
મ્હારા અન્તર્યામી પ્રેમદેવને;
રોમરાજીની જીહ્વાઓ જપે છે
'નાથ' 'નાથ' 'નાથ.'
ઉરનો સાગર ઉછાળે ચ્હડયો છે,
મંહી આત્માનો હિંડોલ ડોલે છે.

(પવનપન્થે પરવરતી પંખિણી ચમકીને પાંખ સંકેલી થંભે એમ કાન્તિકુમારી ચમકે છે, સ્હોડ વાળી મૌનશાળી થંભે છે. મંથાવટીએ, હૈયાપાલવડે, સાડીની સ્હોડમાં કંઇક શોધે છે. આંબામ્હોરની મંજરીઓ ઉગે એવી દેહદેશે તેજચ્છાયાની મંજરીઓ ઝબકે છે.)

શેના એ પડછાયા?
આભમાં વાદળી નથી.

ઝાડની ડોલતી ડાળખીનું ચે
નથી છત્ર માથે.
અંગેઅંગે મંજરીઓ મ્હોરે છે મ્હારે.
ભાગ્યદેશે તેજરેખા જાણે દોરે છે કો,
ને અદૃશ્યની બીજી અંગુલિ ભૂંસે છે તે.
વિધાતા આલેખે છે અમૃતાક્ષરી,
ઓળાઓ ઓપે છે એને અન્ધકારે.
જીવન એટલેજ તેજછાયાના અટાપટા.

(વળી ઘડીક થંભે છે, વિચારે છે.)

વસન્તપંચમી એટલે સ્નેહની જન્મતિથિ.

(ઉરસાગરના ગર્તોમાં ડૂબી ગયેલી જાણે તરી આવીને, ચમક્યા સરિખડી)

વિરહ એટલે શું?
વિરહિણી એટલે શું?
હોલવાયેલા દીવાના ધૂમાડા શી
કવિઓ ગાય છે વિરહકવિતાઓ.
એ ગીત છે કે રૂદન?
વિરહ એટલે કોયલનો ટહુકાર.
ચિત્રકારો ચીતરે છે કોઇક
એકાકિની, આશાભંગ, બ્હાવરી,
દિશદિશની સૂની વનવાટોને ઢૂંઢતી.
એ રંગચિત્ર નથી, છાયાચિત્ર છે.
એ કવિઓ ને એ ચિત્રકારો તો
વિરહની વાડીમાં નથી, વાડે છે.
વિરહિણી એટલે પપૈયા શી રસતરશી.

વિરહ એટલે અમૃત નહીં, પણ અગન.
વિરહ એટલે પરમ ચિતાસ્નાનઃ
રઘુવીરજીની સમક્ષ લંકાના ચોકમાં
સીતા માતાએ કીધું હતું તે.
પ્રેમપાવકની એકજ્યોતમાં જલતી,
વિરહિણી એટલે પરમ સતી.
વિરહ એટલે આત્મનૂપકવતો પ્રેમાગ્નિઃ
વિરહિણી એટલે વ્રજની નાર.

(મેઘખંડને ધીરગંભીર પગલે ભદ્દરાજ પધારે છે.)

રાજઃ सत्यमेव जयते.

(ખડખડાટ હસી પડે છે.)

કાન્તિઃ (ભરી ભરી વાહળીની સવિશેષ ગંભીરતાથી)
सत्यमेव जयते, नाऽनृतम्.
રાજ! ત્હમે ય તે?
—ને જગગંભીર વાતોની મશ્કરી?

રાજ: ઉપહાસ કો આદરે ત્હારે
દલીલના ભંડાર ખૂટ્યા સ્હમજવા.
જગન્માતા જોગણે આદેશ આપ્યો
ને નગરવિધાત્રીએ કૌમારસંઘ સ્થાપ્યો,
ત્ય્હારથી સાગર ઉછળે છે એમ
અમૃતપુર ઉછાળે ચ્હડ્યું છે.

કાન્તિઃ મણુમણના દેવ ને મણુમણની દેવીઓ.
એ દૂધ નથી, ઉભરા છે.

રાજઃ સનાતનતાથી ભારત તો ભણ્યું છે

સત્ એટલે પ્રભુ, અસત્ એટલે માયા.
સત્‌ના પયગમ્બરો યે અસત્‌ખોળે ખેલે છે
દેહમાયાના અંચળા ઓઢ્યા છે ત્ય્હાં સૂધી.
સતિયા હોય કે જનક વિદેહી.
—પણ સમુદ્રફીણે ઔષધિ છે અવનીવાસીઓને.
સંસાર સારો યે છે બાલખેલ
મનુબાલની બાલકતાનો.
આધેડો બાલખેલ ખેલે છે ત્ય્હાં
કૌમારનો તો હક્ક જ ને બાલખેલનો?
જગગૂંથણી એટલે જ
સત્‌અસત્‌ની ધૂંચાયેલી બાજી.
ધૂળરોળ્યાંને ન્હવરાવે, ઉજળા વાઘા સજાવે,
ધૂળેટીની ઘેરને એમ અજવાળી છે.
એ વસ્ત્રો છે? કે અન્તર્યામીના પાકા રંગ?
અંગ ઉજળાં કીધાં; આત્મા આવશે-ક્ય્હારેક.
અમૃતપુરનો કૌમારસંઘ તો છે
અમરાપરના ફિરિસ્તાઓનો.
બાલસૂર્યના ને બાલચન્દ્રના
સંગજન્મ્યા એ બાલગોઠિયાઓ
નવસ્હવાર સોહવશે સંસારમાં.
વૃન્દાવનના બાળગોવાળિયાઓનો
યુગે યુગે થતો એ નવઅવતાર.

ક્રાન્તિ: ત્હમે જોયું એવું કોઇએ નથી જોયું.
જોયાં છતાં યે ઉપહાસશો?

રાજ : જોઉં છું માટેજ હસું છું.
ચન્દ્રનાં અમૃત ઉકરડે ઢોળાય છે,
પુણ્યવર્ષાથી પાપનાં ખાબોચિયાં ભરાય છે.
વાવ્યાં નહીં ઉગે એ.
ત્હમારે સુજવા છે સંસારતારાઓ,
અગમ્યમાં વ્હામ ભરતા આત્માઓ.
યુગના યુગથી ઉપનિષદ્ ઉચ્ચારે છે કે
नाऽयमात्मा बलहीनेन लभ्य.

કાન્તિ : રાજનો આ જ નિષ્કામ રાજયોગ કે?
નહીં, રાજ! નહીં:
આંબે મ્હોર એટલાં ફળ ન ફળે.
વાવણિયાનો ધર્મ એક જ,
વાવણીની ઋતુમાં વાવવું:
વિભુ વર્ષા વર્ષશે એ શ્રદ્ધાથી.

રાજ : ખરાબો કે ખેતર પારખીને વાવજો.
વાવો, વિશ્વ વિશાળ છે.
પ્રેરણા પાવ, ઓજસ્ સીંચો;
ઉત્સાહ વર્ષો, ઉછરંગનાં પૂર આણો.
જુવાનિયા યે આજના ઘૈડિયા છે;
ઘરડેરાંને યે યૌવનપ્યાલા પાવ.
પણ ભૂલશો મા લણણીનાં જગસૂત્રો:
વાવશો એવું લણશો;
વાવશો એથી અદકેરૂં લણશો.

કાન્તિ : રાજ! વિરહ એટલે શું?

રાજ: વિરહ એટલે બેઠી છે એ ઋતુ:
લૂનાં લ્હેરખાં ને વગડાના વંટોળ.
વિરહ એટલે વ્રજની નાર:
ગોખતાં'તાં ને ત્હમે જ હમણાં!
ભોળીઓની ડુંગરમ્હોટી ભૂલ.
કેટકેટલા વેગળા હતા
વ્રજ કે ગોકુળથી મથુરાના રાજમહેલ!
વિશ્રામઘાટને સ્હામે આરેથી યે
વેણુ સંભળાત ને દર્શન થાત.
ફીયા પડ્યા'તા સાત સાયર વચ્ચે,
કે માંડી'તી અણુઓળંગાતી અગમ્યતાઓ?
યુગ આથમીને ઉગ્યા, વિરહના ને
વૃથા ફજેત કીધો ક્હાનડને.

ક્રાન્તિ: એ જ વિરહની વિરાટઝાળ.
મળે ને ન બોલે એ અબોલડા:
નિરખું-નિરખું ને ન ઉતરાય
પ્રેમજમનાને સ્હામે તીર:
પ્રેમવિયોગની એ પરાકાષ્ટા.

રાજ: કહું? ક્ષમા છે મ્હને?
આજની તો પ્રત્યેક સ્ત્રી વિરહિણી છે.

ક્રાન્તિ: હોય સ્તો.
એમાં શાં આશ્ચર્ય ભાખ્યાં જગતે?
વરેલાને વરવા દેતો નથી સંસાર,
ને વરેલો વરવાનાં કેટલીકનાં છે ફાંફાં.

પરણીને ફાંફાં મારે તે ફસાય;
ને ઢૂંઢે નહીં તે સોહાગણ સંન્યાસિણી.
સંસારના ને સંસારીઓનાં ઉરના
મેળ જ નથી આજ જગતમાં:
સંસારનો તંબૂર બસૂરો બોલે છે.
—ને પુરુષના મનોરથો તો
મ્હોર્યાં સર્વે યે ફળતા હશે ને?

રાજ: સૃષ્ટિમાં પુરુષ જ છે પાપસ્રષ્ટા.
સ્ત્રીસોહાગની છે આંબાની અમરાઇઓ.
મંજરીએ મ્હોરે ને ફળે નહીં,
પુરુષનાં એ સાગ વન.

કાન્તિ: કુલવાસના ત્હો યે પીઢિયાં ને થાંભલા.

રાજ: પણ વિરહનાં પાનાંઓ
ક્ય્હાંથી ઉઘડયાં આ આજ?

કાન્તિ: ત્હમને નહીં ઉકલે વિરહનાં રસશાસ્ત્ર.
સ્નેહસંયોગનાં જોગીજોગણ
ક્ય્હાંથી ઓળખો વિયોગના વંટોળને?
ત્હમે છો વસન્તનાં પંખેરૂઓ:
ગ્રીષ્મના ઘામ ધખ્યા ન પ્રીછો.

(અદૃશ્યેથી પોકાર આવે છે:)

ફરિયાદ, ફરિયાદ સેનાધિપતિણીજીને.

રાજ: (સ્વગત)
અજબ નથી આજના આ ખેલ?
પરણ્યાંના વિરહ વાંચ્યા છે.

આ તો કુંવારાંને થયા કોડ,
ને વિરહના ઓરતા સાંપડ્યા.

(બિન્દુ ને બે બાલિકાઓ આવે છે.)

કાન્તિઃ તોફાનને ઘોડે ચ્હડ્યો છે કે? બિન્દુ!

બિન્દુ: મ્હારે નથી મનદુઃખ, કાન્તિ બ્હેન!
ન્હાનકડી બાળકીઓ બબડે છે.
કહે છેઃ ઉપર દેખાય છે
એવું અન્દર નથી દેખાતું.

એક બાલિકાઃ ઉંચામાં ઉંચી ડાળે ચ્હડી બિન્દુ
ઊંડામાં ઊંડું નિરખી રૂહે છેઃ
કહે છે મોરે એમ કરે છે.

બીજી બાલિકાઃ અન્ધારામાં આગિયા ઉડતા'તાઃ
જગતની તાપણીના તણખા જેવા.
સળગે ને હોલવાય,
હોલવાય ને વળી સળગે.
ઝાલવા જાઉં તો ઝલાયે નહીં.

કાન્તિઃ પણ ફરિયાદ છે શી?

પહેલી બાલિકાઃ ઉપર દેખાય છે
એવું અન્દર નથી શે દેખાતું?

કાન્તિઃ એ તો જગત જેવડી ફરિયાદ છે,
કાળજૂની ને સનાતન.
રાજ! સાંભળો ને સ્હમજાવો.

બીજી બાલિકાઃ આરસો માંડી તારા ઉતાર્યાઃ
વીણવા જાઉં તો વીણ્યા વીણાય નહીં.

કથરોટમાં પાણી ભરી આભ ઉતાર્યું:
તારલિયા તગતગે ને ઉડી જાય.
દેવમુદ્રિકામાં જોયું તો મ્હારૂં મ્હોં:
વાતો માંડું તો હોંકારો યે ન ભણે.

બ્હેલી બાલિકા: પાંખડીની પાંખડીઓ યે એવી છે:
એકકે યે નથી ઝીલતી ગવરાવ્યાં ગીત.
અમારી સંગાથે અમને
હજી નથી આવડતી વાતો કરતાં.

રાજ: જગત એટલેજ માયાના છાયાચિત્રો.
દેખાય ને ઝલાય નહીં તે જગત.

કાન્તિ: ધીરી, બાળાઓ! જરા ધીરી.
આત્માના સન્દેશા યે સંભળાશે.
ને સંભળાય ત્યહારે કલ્યાણના હજો સો.
આવ; મ્હારે હૈયે વિરામ; હુંફ લે.

(પહેલી બાલિકાને કાન્તિકુમારી તેડે છે, હૈયે ચાંપે છે. બાળકી ઘડીક કાન્તિકુમારીની આંખલડીમાં ઊંડું નિરખી રહે છે. પછી ચન્દ્રક ચૂમે છે.)

બિન્દુ: ચન્દ્રક ન બોટિયે, બાળા!
ચન્દ્રક બોટવાની દેવની આણ છે.

બાળા: (ન સાંભળતી જેવી)
કાન્તિ બ્હેન! બડાં પક્કાં છો હો!
આંખડલીમાં તારામંડળ ઝળકે છે,
ચન્દ્રકમણિમાં મ્હને પૂરી ફરો છો.

કાન્તિ: ન્હાનકડાં નયનનયનોમાં સૌનાં
બ્રહ્માંડ સંકેલેલાં છે, બાલા!
ત્હારાં યે લોચનિયાંમાં
બ્રહ્માંડ ઝળહળે છે.
મ્હોટી થજે ને નિહાળજે.

બિન્દુ: હરિના મુખમાં ઝળહળતું'તું ત્હેવું?

કાન્તિ: (સ્વગત) અવધિ, ભગવન્!
બાલકોના બોલ તો કારમીક
અમ્મર વાણુ ઉચ્ચરે છે,
આત્માને યે વ્હલોવી નાંખે છે.
મ્હારા ચન્દ્રક બોટાયા—

(દૂર-દૂરથી ગાજતો-ઘૂમતો-ઉછળતો પાખંડીનો શંખનાદ આવે છે: દિશાઓ ધણુધણી ઉઠે છે. ઉલ્લાસની લહરીઓ ઉછળે છે. એ ઊર્મિઝૂલે કાન્તિકુમારી ઝૂલે છે.)

ઉઠો, સંઘ જમાવો, સંસારધ્વજ રોપો
ભાગ્યવિશાળા સાગરચોકમાં.
શંખનાદે પ્રારબ્ધને જગાડો.
પૃથ્વીપુરાણી સાચની હાકલ ગજાવો.
મહામૈયાનું મન્દિર મંડાય ત્યહારે
ઘંટાના કલઘોર બોલાવજો,
શંખની સિંહગર્જના ઘોરાવજો,
સત્ય શબ્દની નેકી પોકારજો.
સંસાર એટલે પ્રકૃતિના રાસ.

પાંખડી પ્રકૃતિને ખોળે ખેલે છે.
જાવ; આનન્દો; ઉઠાવો
પાંખડીના પુણ્યમન્ત્રોની આણ.

(સાગરના સંસારચોકમાં કૌમારસંઘ ટોળે મળે છે. બ્રહ્મલીલાનો સંસારધ્વજ ફરકાવતી પાંખડી કૌમારસંઘને સિંહાસને આવી ઉભે છે. મુખડે મુખડે ઉત્સાહ ને દેવવીરત્વ ઝળહળે છે.)

પાંખડી: सत्यमेव जयते.

કૌમારસંઘ: सत्यमेव जयते, नाऽनृतम्.

પાંખડી: અગમ્યઓળંગતો આજનો કૌમારસંઘ
આવતી કાલનો એ સંસારસંઘ.

કાન્તિ: કરમાય નહીં તે કુમાર.
કૌમારસંઘ છે બજરંગ શો બલવન્તો:
સીતાજીની સાધ તે લાવશે.
કાળપાચેલાં એ ઉછળતાં બ્રહ્મબાણ,
બ્રહ્મચારીઓના ઉર્ધ્વગામી આત્માઓ,
યુગયુગના એ લવ ને કુશ,
રામસેનાને યે મૂર્છા પાય.
મનુષ્યપગલાંમાંથી કાંટા નીન્હવા,
જનમાર્ગના ભાગ્યા ચીલા સમારવા,
વિષવલ્લીઓ ઉખેડી અમૃત ઉગાડવાં:
એ આપણા પુણ્યમાર્ગ,
એ આપણા ભાગ્યપન્થ.
ન્હાનકડી નથી એ સંસારસેવાઓ.
મહાશય છો, મહાનુભાવી છોઃ

વેહવાટે વિચરતા બ્રહ્મચારીઓ !
ઓળંગજો અગમ્યની યે પાળ.
કાલીને માથે બાલકૃષ્ણ નાચ્યા,
નાચજો એમ કાળને મસ્તકે.
કાલીને નાથ્યો એમ કાળને નાથજો.
કૌમાર છે કાળનું વિધાતા.
બોલો सत्यमेव जयेत.

કૌમારસંઘ: सत्यमेव जयते, नाऽनृतम्.

કાન્તિ: સંસારવ્યૂહ ખેલવા સ્હેલા નથી.
પાંખડી ! ગવરાવ એ સાચની ઋચાઓ,
ને શીખવ સંસારરમણાની દેવલીલા.

(સંસારધ્વજ રોપી પાંખડી કૌમારસંઘને સાચની ઋચાઓ ગવરાવે છે. વિધવિધના સંસારવ્યૂહ રચતો કૌમારસંઘ સંસારધ્વજ સન્મુખ ઘૂમે છે, શપથ લે છે, ને સાચનું સનાતન ગીત ઝીલે છે. રસના રસાવતાર શી પાંખડી વચ્ચે વચ્ચે દેવમધુરી જલતરંગ બંસી અધરે ધરી એ બંસીબોલથી બ્રહ્માંડમંડળ ડોલાવે છે.)

સાચના સીપાઇ,
અમે સાચના સીપાઇ;
સાચ અમારી તરવારે,
ને સાચની બાંધી સવાઇ.
અમે સાચના સીપાઇ.

(ઉપર આકાશઆલેખી ટેકરીઓની ધારે ઝુંડમાં નેપાળી જોગણુ દર્શન દે છે.)

સાચા અમારા લ્હડવૈયા,
તે લ્હડશે સાચલ્હડાઇ ;

સુણો, અમારાં બ્યૂગલ વાગે,
સાચની હાક છવાઇઃ
અમે સાચના સીપાઇ.
જૂવો, અમારી ધજા ફરફરે,
સાચની લહરો વાઇ;
જામે સાચનું લશ્કર સઘળે,
આવો વ્હમે ય, ભાઇ!
અમે સાચના સીપાઇ.

(કાન્તિકુમારી સંસારસેનાધિપતિણીનો મહાશંખ વગાડે છે. ટેકરીઓમાં, ઝુંડોમાં, જલઝાડીઓમાં એનો મહાઘોર ઘૂમી વળે છે.)

કાન્તિ : (બે વીર ડગ આગળ ભરી સિંહણને શબ્દે ગાજતી)
બરખા–આ–સ્ત.
सत्यमेव जयते.

કૌમારસંઘ : सत्यमेव जयते, नाऽनृतम्.

(અમૃતપુરનો કૌમારસંઘ વેરાઇ–વિખરાઇ ઉભે છે.)

કાન્તિ : (દુંદુભિનાદે સાગરતરંગ શાં શબ્દમોજાંઓ ઉછાળતી)
સંસારની એક કેડી નથી;
એક માર્ગે સહુ સંચરતા મા.
વૃક્ષને શાખાઓ–પ્રશાખાઓ છે,
એટએટલા છે સંસારના પુણ્યમાર્ગ.
વડલાને પાંદડાં છે,
અમૃતપુરનાં એટએટલાં છે કુલધામ.
ભૂલશો મા, શ્વાસોચ્છ્વાસે સ્મરજો:
સંસાર છે અનેકશાખાળો બ્રહ્મવડલો.

ને એક જ બ્રહ્મવડલાની છે
અસંખ્ય આ શાખામહાશાખાઓ.
જાવ; નિજનિજને રાજમાર્ગે સંચરજો!
સંસારને બ્રહ્મમાર્ગે વિહરજો!
અંગારા વેરતા મા; ફૂલડે વધાવજો.

(જગતની દીવાદાંડી સરિખડી કાન્તિકુમારી તર્જનીકિરણે અમૃતપુરની દિશા દાખવે છે. ફૂલપરખમાંથી પાંખડી સૌને ફૂલડાં વ્હેંચે છે.

ઘોરમના સાગરની ગર્જનામાં નિજનિજનો ન્હાનકડો શંખનાદ ગજાવતો કૌમારસંઘ નિજનિજના દિશાદેશમાં સંચરે છે. સંસારધ્વજ ફરકાવતી પાંખડી જોગણના ઝુંડમાં શિખરે ચ્હડે છે. અપાર સાગરની અગાધ જલલીલા નિહાળતી, યોગમાયાની મૂર્તિ સમી કાન્તિકુમારી સાગરને તીરે એકલડી, જગતના અગ્રીઅગ્રની ભૂશીર સમી, ઉભે છે.

શિખરે, ઝુંડની ઝાડી નીચે, અમૃતદીવડાની એકજ્યોત શિખા શી ઉભેલી નેપાળી જોગણ ભગવદ્ગીતાના શ્લોક ઉચ્ચારે છે.)

નેપાળી જોગણ :

यद्यद्विभूतिमत्सत्त्वं, श्रीमदूर्जितमेव च,
तत्तदेवावगच्छ त्वं मम तेजोंशसंभवम्.

પ્રવેશ ૨ જો

સ્થલકાલ: યશદેવીને સૌભાગ્યઆશ્રમે પહેલો પહોર.

યશ : જાવા દ્યો, જોગીરાજ! અળગા રહો, નાથજી!
આમ શું માયા લગાડો રે?
સરિતાને કાંઠડે કે વનની મઢુલીમાં-
ક્‌હાં તમ કુલરોપ રોપશો રે?
જાવા દ્યો, જોગીરાજ!

ભેખ હસાવશો ને ચુંદડી લજાવશો,
રત્નોને રજ તો ન્હડાવશો રે;
હું તો છું બાલુડી ને આપ દેવદેહી,
આંખડલી રાજ! મા નચાવશો રે:
જાવા દ્યો, જોગીરાજ!

(ઘડીક રસકૂદડી ફરે છે.)

કાન્તિ : નવાં ગીત ને નવી જ ગાથા.
રોજ રોજ આવા ચન્દનીના મેઘ
યશ! ક્‌હાંથી પામ છ?
આત્માની ઔષધિઓ લાધી ત્‍હને તો.

યશ: મ્હને જડી છે સંસારની જડીબુટ્ટી.
એક દિવસ આંખ ઢાળી,
ને ઉઘાડું તો સ્વર્ગગંગાને તીરે.
અઢળક રસઝડીઓ વર્ષે છે, કાન્તિ બ્હેન!
તમદીધો એ પ્રાણમણિ તો.
રોજ ઉછળે છે મહાતરંગ
સદ્ભાવનાની એ સુરગંગાના,
ને રોજ ઉતારૂં છું હું ય તે
અન્તરનો એક એક મળનો અંચળો.
કાન્તિ: ઓચિન્ત્યું લાધ્યું તુજને, યશ!
ને અણઆથમ્યું તપજો તેઃ
સહાયની સ્વર્ગવસન્ત સમોવડું.
પણ સૌભાગ્યઆશ્રમનાં સંસારસૃજનારને
જોગીનાં ગીત કેમ ભાવ્યાં?
યશ: એ કથા યે સાંભળો અનેરી.
અગાસી ભરી એકદા પૂર્ણિમા ઢાળાતી,
ત્હાં ચન્દનીચોકમાં ત્હમારા વીરે
માયાવાદની પોથી ઉઘાડી,
ને **का तव कान्ता?** વાળું ગાયું.
નયણે નીર ઉભરાયાં,
ને મ્હને ઓછું આવ્યું.
એક આંખે શ્રાવણ વરસે,
ને બીજી આંખે ભાદરવો.
હું તો રિસામણે ચ્હડી.

ઘડીક તો રાજે પોથી ફેંદી.
પછી ચન્દ્ર શુ મીટ માંડી.
અમારી અગાસીમાંથી ઉડીને
આકાશની અગાસીઓમાં ઘૂમી આવ્યા.
અન્તે મ્હને ફૂલ માર્યાં,
અરીસાનો ઓળો પાડો
તેજથી આંખડલી આંજી,
ફરી ફરીને મ્હને ફોસલાવી
કે માયા એટલે તો સ્નેહ.
ઉઠીને ઘો ઘો કીધો,
વદનચન્દ્રે ચન્દન ચર્ચ્યાં,
ભાગ્યદેશે કાશીતીર્થનાં કુંકુમ અર્ચ્યાં,
વળી વળીને વેણી બાંધી,
પાલવથી હૈયું ઢાંક્યું.
વિધવિધનાં મનામણાં મનવ્યાં.
અન્તે અમે ઉઠયાં
શાંકર પાઠની સદાની બાધા લઇને.
મ્હારા ઉત્તરોને ગૂંથી ગૂંથી
વળતે દિન આ ગીત આપ્યું.

કાન્તિ: ત્મ્હારે ત્હમારાં અદ્વૈત કેટકેટલાં ?
કેવલાદ્વૈતનાં રસયોગીઓ ત્હમે નહીં ?

યશા: ના, અમે એક જ નહીં.
અમે બે, ને અમે ત્રણ.
રાજે સાચ્ચા, ને હું યે સાચ્ચી;

ને અમારૂં રસઅદ્વૈતે સાચ્યું.
અમે તો દ્વૈતઅદ્વૈતનાં રસરસિયાં.

કાન્તિ: યશ! ત્હમે યે અદ્‌ભુત રતો.
કેટલાંક પરણે ત્ય્હારથી પાંગરે;
કેટલાંક પરણે ત્ય્હારથી ઓસરે.
નાટક ને વાર્તામાંની પેઠે
કેટલાંકનાં લગ્ન એટલે પ્રેમની પૂર્ણાહુતિ.
ત્હમે તો નિરન્તરનાં સ્નેહીઓ,
સંવનનની વાડીઓમાં સદા વિહરતાં.
ભમ્મર તો ભાગેલી ને ભાગેલી,
ને પોપચાં તો મલકતાં પોયણાં.
કચમાં સોહાગ જ અનેરો,
ને પાટલી ઉછાળતાં પગલાં
તો જાણે શરમાતાં સસલાં!
એ ક્ય્હાં પામી? યશ!

યશ: રસની નિશાળે બેસાડીને
ત્તમે જ પૂછો છો એ પ્રશ્ન?
કાન્તિ બ્હેન! ત્હમને ય તે
ગંગાતીરે એવો ગુરુ લાધજો:
શીખવે, સોહાવે ને ઉદ્ધારે.

કાન્તિ: રસગંગાને તીરે, યશ!
વસિષ્ઠે મળે ને દુર્વાસા ય તે.

યશ: પણ જુઓને પ્રમદા ભાભીને જ.

કાન્તિ : ભાઇભાભીનું તો પૂછવું જ નહીં

રાશી–કરાશીના મેળનું, યશ !
બાલપણમાં યે એ તો
ઘર ઘર રમતાં.
હું ય તે એકની સાથે
નીકની નદીઓમાં નાવ તરાવતી,
ને નયન નમાવી નમતી.
ગગનના ઘુમ્મટમાં નિગૂઢ
એ પ્રાણપોષન્ત પ્રતિમા–
વીજલતાના કો ઝબકારા જેવી–
એક મીટ માત્ર ઝબૂકે જો !
મેઘલી અમાસે ગુરુનો ગ્રહ પલકે,
ભૂતકાલની ભવાટવીની ગુફાઓમાંથી
પલકે છે મુજ હૃદયે
એવા એ રસના ગુરુદેવ:
દુનિયાની દીવાદાંડીનો જાણે દીવડો.
નયન ઉઘડો કે મીંચાવ,
વાદળ ઘેરાવ કે વેરાવ,
અન્તરે તે આથમતો નથી.
ચન્દ્રક ચ્હોડવાનો, દેવી!
ત્હેને અધિકાર મળ્યો;
મ્હારે તો મનમનામણાંના આ ચન્દ્રક.
ક્‌ય્હારે મળશે મ્હને એ મનમોહન?

યશ : મુક્તા માતાના તહેલમાં રમવાં

ને મોતી માટે જ રુદન ?
લંબાવો હાથ ને લ્યો,
ગૂંથો ને પ્હેરો એકાવળ હાર.
વર વરવાના ત્હમારા કોડ-

કાન્તિ: ત્હમારા સૌભાગ્યઆશ્રમનાં
દ્વારમાં કામણ છે એ કોડ તો.
રસદગિયાં જગદ્રષ્ટાઓનાં
સ્વપ્નાં ત્હમે સાચ્ચાં પાડયાં, કે
વર ને વહુ એટલે અનન્તનાં પ્રેમીઓ.

યશ: અમારે રસયોગીઓને તો સં-અં-સાર,
જગતનો સોહામણો સાર
એ જ રસરઢિયાળો સંસાર.
દેવ કહેતા'તા, સંસાર કડવો લાગે
ત્હેની જીભ કડવી.
રાજ કહે છે, સંસાર ખારો લાગે
ત્હેને મનગમતી સુન્દરી પરણાવવી
કે અમીની મધુરપો પાય.

કાન્તિ: સંસારનાં વિષનો ઉતાર
કાં સ્નેહ, કાં સંન્યસ્ત.
તુજ ગૃહકુંજે કિરણો ચમકે છે, યશ!
એ તો પ્રેમદેવનાં છે બાણ:
આવશે. ત્હેમનાં વીંધાશે હૈયાં,
ને પતિના કોડવન્તાં પધારશે પાછાં.
હું યે આવી છું ત્યારે ઉધાને

ફૂલ વીણી પ્રભુજીને કાજ મુગટ ગૂંથવા.
યશ : કીયા પ્રભુને કાજે?
આવ્યા?–પ્રાણપ્રભુ પધાર્યા?
વાટડી નિહાળો છો તે
હૃદયવાસી પરદેશીને આમન્ત્રી આણ્યા?
સાંભળ્યો કો દેશપરદેશમાં એમણે
જીવનભરનો તમ આમન્ત્રણટહુકાર?
વાડી સારી યે વીણો ને ગૂંથો,
ને વધાવો હૃદયવલ્લભને.
ત્હમે યે પૂરોને પતિના કોડ?
કાન્તિ : ભૂલી, યશ! તું ભૂલી.
પ્રેમનાં સન્તો તે ભૂલતાં હશે?
સૂરજમાળામાંથી ચન્દ્રરાજ
નથી શોધવાના રહ્યા પૃથ્વીને.
ચિત્તના ચન્દ્રક તો મ્હારે
દીધા લેવાના છે હવે.
શિલ્પિઓ મૂર્તિ ઘડે દેવની,
તે માંડવાની દેવને સિંહાસન.
એથી તો સારી પાર્થિવેશ્વરની પૂજા,
કે પૂજનદેવ હાથના તો ઘડેલા.
રડતી આંખે હસવાનું,
ને સ્વજનોને હસાવવાનું;
એવું સદ્બોધે છે સહુ હમણાં.
—પણ એમે હશે સ્તો કે

એકલા હૈયાનો ભરોંસો નહીં,
કોઈને સોંપીએ એટલે સાચવે.
તું સાચવીશ? યશ! ત્હને સોંપું?
તું જો કુમાર હોત,
તો તો ત્હને જ પરણુત.
પિતા કુળ શોધે છે,
ને માતા તો લક્ષ્મીનાં અક્ષયપાત્ર.
પ્રમદાને તો દિલના દેવ જ છે
મદ, યૌવન ને પ્રતાપ.
આત્મજ્યોતિઓનો રસયોગ એ લગ્નઃ
એ વ્યાખ્યા તો કવિતામાં રહી.
કાવ્યોમાં, નાટકોમાં, કાદંબરીઓમાં
સંસારે દેશવટો દીધો છે સ્નેહલગ્નને.
સદ્ભાવનાને માનતા નથી સાચી
અર્ધશ્રદ્ધાળુ આજના યુગવાસીઓ.
પ્રમદા પૂછે તો શો ઉત્તર આપું?
યશ! એ વિચારીશું જીવનપ્રશ્ન?
આવી'તી તો એ પૂછવા,
શો ઉત્તર આપું પ્રમદા બાલીને?
સૂરજનો થાળ ફૂટે,
કણકણ જેવડા કડકા વેરાય,
ને ભાસ્કર અન્ધારસાગરમાં ડૂબે;
એવો લાગે છે મ્હને, દેવિ!
આત્મનો અમૃતથાળ

ફૂટતો, ડૂબતો, વેરાતો.

યશ : શા આ અધૂરાના ઉછળાટ ?
પ્રભુ છે, ને કોડ પૂરશે.

કાન્તિ : મ્હારો પ્રભુ આથમ્યો ભાસે છે, યશ !
જો ! મન્દિરધ્વજની પાટલીઓ શો
કેવો ઉડે છે રસપ્રફુલ્લ ત્હારો સાળુ ?
હલેતી રમતિયાળ ત્હારી ગતિ
લજ્જાભારે હવે લજામણી લાજે છે.
રસભારે હૈયું યે લચેલું છે.
ત્હારો આંબો મ્હોર્યો, દેવિ !
હિંગળોકવર્યો ત્હારો વદનચન્દ્ર,
કુંકુમપૂરી ત્હારી સેંથીરેખા,
કમલદલ શો ભાલપ્રદેશ,
કેસરછાંટી ત્હારી રંગચોળી,
ઢળી–નમી જતું ઉભરાતું ઉર,
સૌભાગ્યની કંકાવટી જેવી હથેળીઓ,
સોળે કળા ઝગમગતું ત્હારૂં શરીરઃ
યશ ! હું ત્હને ફૂલડે તોળતી,
ને કિરણથી યે કુમળી નિહાળતીઃ
આજ પ્રભાપૂર ધમધમે છે
ત્હારી સૌન્દર્યની વસન્તકુંજોમાં.
ત્હારૂં દર્શન પીતી આંખડલી
નવદર્શન પામે છે દુનિયાનું.
અંગરવન્તી તું લક્ષ્મીધેનુ લાગતીઃ

અડવી તો જાણે કુંજની કુંજરી;
કુંજરની લગનીમાં ઝોલાં ખાતી.

યશ: કાન્તિ બ્હેન! સાંભળો તો ખરાં.
એક સન્ધ્યાની સન્ધિકાએ અમે
પ્રેમજોગીની પવનપાવડીએ બેઠાં,
ને સિધાવ્યાં રસલોકમાં.
સૂર્યભર્ગ દેવઓજસ્ બ્રહ્મવર્ચસ્
રસલોકનાં રસાત્માઓનાં નિહાળી નિહાળી
સૌભાગ્યસંકલ્પ કીધો અમે કે
પૃથ્વીલોકમાં અમારે ચે માંડવી
પ્રાણની ધનવન્તરીશાળાઃ
ને રસનાં રસાયનો વડે
સાધવાં આત્માનાં આરોગ્ય.
જોગણ વિમાસે છે કે
આજકાલ તો રસ એટલે અનાચાર,
અને પ્રેમ એટલે પાપાચારઃ
સંસારીઓનો સંસાર એટલે
દેવનાં મન્દિર નહીં, દૈત્યોનાં ધામ.
પુણ્યસ્નેહના કોડ જગાડતો
આશ્રમ સ્થાપવો છે અમારે તો.
ઔષધિઓ સંઘરીએ છીએ.
સંસારના રસાયનશાસ્ત્રી કો લાધે
તો પાઠવજો અમ આશ્રમે.

કાન્તિ: પ્રેમઘેલેરો છે માંડવડો ત્હમારો.

ને એ રસના રસાયનીઓ છે
કાં તો દેવમન્દિરે, કાં તો કાવ્યમન્દિરે.
આત્માનાં મીઠાં મીઠાં આશ્વાસન
ને પ્રાણની ચેતનવન્તી પ્રેરણાઓ
કાં તો છે સાધુતામાં,
કાં તો છે કવિતામાં.
પૃથ્વીમાં નથી બીજે તે,
જે ફૂટેલા આત્માને સાંધે,
થાકેલા આત્માને સચેત કરે.
ત્હમારાં જીવનઝરણાંના નદ વિસ્તર્યા.
મહાપૂરે ગાજે છે એ નીર.
પડઘો કુંજકુંજમાં બોલે છે
ઘેરો, ઊંડો ને મધુરો.
સંસારનું અમૃત છે સ્નેહ.
એ સ્નેહના મેઘ વરસે છે અંહીં,
ને નવઅંકુરો પ્રગટે છે ઉરઉરમાં.
ભાવનાનાં એવાં પ્રગટે છે ઝરણાં
યશ! ત્હારે સૌભાગ્યઆશ્રમે.
ભવોભવના જાગે છે પોઢેલા ભાવ.
યશ: એકને બદલે બે આત્માઓ
દીપે છે મ્હારે દેહ, બ્હેનાં!
પ્રાણસિંહાસને પ્રેમી પધરાવ્યા હતા,
હવે દેહમન્દિરિયે પધરાવ્યા છે પતિને.
કાન્તિ: અને ત્રિવેણીતીર્થ મંડાશેઃ

પ્રાણનાથ પાંગરશે સ્તો પુત્રપાંખડીએ.
ત્હમારો કુલવાસ તો જાણે
વસન્તનો ફૂલમાંડવડો:
અને ત્હમારાં લીલાં ઉદ્યાન
તો જાણે પંચવટીની પ્રેમકુંજ.
રસની ગોદાવરીને આરે
અનેરો જ છે ત્હમારો સૌભાગ્યઆશ્રમ.

(પલ્લવઘટામાંથી ભદ્રરાજ આવે છે.)

રાજ: પધારો, કુમારી! અમ સૌભાગ્યઆશ્રમે,
ને અખંડ સૌભાગ્યવન્તાં થાવ.
રસરસિયાંની અમ આશિષ છે.
કૌમારવ્રતની અવધિ આવી ભાસે છે જો!
જગતમાંથી કૌમાર આથમ્યું જાણું હવે.

કાન્તિ: કુમારિકાઓએ શો વાંક કીધો છે
ત્હમારો? રસના રાજવી!
કે કૌમારને દીઠે-દાખવ્યે
ગદાએ જ પ્રહારો છો?
એકલડી યે ચન્દ્રકલા
અમૃત નિર્ઝરશે જગતે.
કહો; સન્તાઇ-છૂપાઇને
શી શી વાતો સાંભળી લીધી?

રાજ: ત્હમે તો પરીક્ષાના સવાલ પૂછો છો.
પોતાના ઘરમાં રહેવું,
ને પોતાની વાતો સાંભળવી:

એમાં યે વાંક વસ્યા!
સહિયરની કથામાંથી શું શું શીખ્યાં!
શીખ્યાં લગ્નનાં વ્રતમન્ત્રો!
કાન્તિઃ એક તો શીખી, રાજ!
ત્હમારો નિષ્કામ કર્મયોગ.
જગતજોગણના પ્રવચનપાઠમાંથી
ઝડપ્યું છે ત્હમે બન્નેએ
ગીતાજીનું એક જ પરમ વચનઃ
तस्मात् योगी भवाऽर्जुन!
રસનાં ત્હમે રસયોગીઓ.
ને બીજું; જગતભરમાં ન્હોતું જોયું
તે જોયું આ સ્નેહના આશ્રમમાંઃ
સુન્દરીના સૌભાગ્ય સમા સ્વામિન્,
ને પુરુષની પ્રભા સમી પત્ની—
રાજ: ને ઉભયને આશીર્વાદ આપતાં
કલ્યાણમૂર્તિ સમાં શારદસહિયર.
યશ: રાજ! અમૂંઝવશો મા
એમ કાન્તિ બ્હેનને.
નહીં તો નહીં પધારે
અમૃતપુરને સૌભાગ્યઆશ્રમે.
બોલતાં જ બાંધો મોઃ બાળ.
(હસતી હસતી મીઠા મર્મનો ચ્હુકો કરે છે.)
રાજ: સાંભળ્યું, સંસારસેના[illegible]ઓ!
ડૂબતાં તારો—

કાન્તિ : કોણે? કોને તાર્યો?
રાજ : અમૃતપુરના રાજઅતિથિએ,
સાચના એક સેનાનીને.
કાન્તિ : સાચ્ચેને ડૂબતો તાર્યો?
રાજ : સાચના સેનાનીને ડૂબતો તાર્યો
અમૃતપુરના અતિથિદેવે.
યશ : અધૂરૂં ભાખી જિજ્ઞાસાજ્યોતને સંકોરો છો.
કહી નાંખોને સૌ યે અદ્ભુતતા?
રાજ : જાણીશ તે સૌ યે કહીશ.
સુન્દરી સુન્દરતાથી સોહાય
કે પુરુષ પુરુષાતન દાખવે
એમાં અદ્ભુત શું?
આજ તો સારૂં અમૃતપુર શોધે છે
અમૃતપુરના એ અતિથિદેવને.
યશ : અહોહોહોહો! ભટ્ટરાજ!
કેટકેટલા પુરુષોએ દાખવ્યાં પુરુષાતન
–પગારખી સિપાઇઓ શિવાય?
આજ તો વીર વિરલા છે જગતમાં.
કાન્તિ : જાઉં, ને શોધી કહાડું સાગરતારાને.
કૌમારસંઘ વતી ત્હાડનાં વચને—
રાજ : ના–ના, પેલું નાટકના જેવું ન થાય પાછું.
ત્હાડ એટલે પ્રેમનું પ્હેલું પગથિયું.
યશ : લોક શોધે છે, પણ જડતા નથી
જગતના એ જોગીરાજ.

રાજ : જગના જોગીરાજ કે ભવના ભોગીરાજ
એ તો ઓળખું ત્હારે ઓળખાવું.
આજ તો અદૃશ્યની ઝાડીઓમાં
ઝીલે છે ક્‌ય્હાંક.
કાન્તિ : અજાણ્યા યે અતિથિને
અમૃતપુરનાં છે આદર.
રાજ : સાગરના મહાતારા ભાસે છે કો.
કાન્તિ : તરનારો ને તારનારો તો
એક હતો સંસારના સાગરનો.
ડૂબકી મારી ગયો એ જળમહેલોમાં.
–યશ ! ત્હારે આશ્રમે તો ને
સ્વર્ગ ઉતર્યાં અન્તરિક્ષેથી.
સુભાગી સહુ યે આવશે આંહી
જીવનનાં અમૃત ઝીલવા,
સ્હવારના ઉદય સરિખડી
ભાગ્યોદયની ભવ્યતામાં હીંચકવા.
રાજ : અમે તો શોધિયે–સંઘરિયે છીએ
આત્માની ઓષધિઓને.
પણ, આ યશદેવી જેવાં,
જીવનનાં આવ્યાં અમૃત પાછાં ઠેલતાં
કેટલાં યે વસે છે ધરતીખોળે.
રસ રમતાં ય રિસાય
ને રૂસણાંનાં ગીત રચાય.
બન્ને ય સહિયરો એવી છો,

આપ્યાંને અનાદરો—એક વેળા તો.

યશ: રસનાં રૂસણું ન હોત જગતમાં,
તો કવિતા અધૂરી રહેત, રાજ! એટલી.

કાન્તિ: જગતની અધૂરી કવિતા યે પૂરાત
સ્નેહપાંગર્યાં સૌભાગ્યઆશ્રમનાં
તમ અણમૂલાં કથાગીતોથી.
સાચ્ચે જ લાધી છે ત્હમને, યશ!
સંસારની જડીબુટ્ટી.
બન્ને ઉભાં જ છો કેવાં?
જાણે કવિતાની સૌન્દર્યમૂર્તિઓ!

યશ: અમારે આશ્રમે તો અમૃત વરસ્યાં,
ને સ્વર્ગ કોળ્યાં સોહામણાં.
પણ ત્હમારે તો હજી, બ્હેનાં!
જોગીનાં ગીત ગાવાં છે ને?

કાન્તિ: જોગી જ છે જગતના મહાભોગી,
મહીતલના મનમ્હાલ્યા માણીગર.

યશ: જાવા દો, જોગીરાજ! અળગા રૂહો, નાથજી!
આમ શું માયા લગાડો રે!

(રાજ પ્રત્યે હાવભાવ ભજવતી ગાતી ગાતી સખીઓ રમે છે.)

પ્રવેશ ૩ જો

સ્થળકાળ : અમૃતપુરનાં ખંડેરોમાં સહવાર

જોગણ : જગતની ઘૂંચો અટપટી છે.
નાથ! ઘૂંચો ઉકલશે? કે તાર તૂટશે?
દેવમોતીનાં ઝૂમખાં સરિખડા,
તારકઝૂમખડે ઝગમગતો,
બ્રહ્માંડનો બ્રહ્મવીંઝણો રમણે ચ્હડયો છે.

(એકતારો વગાડે છે ને ત્હેની રમઝટમાં ડૂબી તલ્લીન થઇ જોગણ એકાકી ગાય છે ને નાચે છે.)

નીલો કમલરંગ વીંઝણો, હો નન્દલાલ!
રઢિયાળો રતનજડાવ, મોરા નન્દલાલ!
બ્રહ્મા વીંઝે બ્રહ્મવીંઝણો, હો નન્દલાલ!
સોનાનો સૂરજ શોભિતો, હો નન્દલાલ!
રૂપેરી ચન્દની બિછાવ, મોરા નન્દલાલ!
બ્રહ્મા વીંઝે બ્રહ્મવીંઝણો, હો નન્દલાલ!
કોરેમોરે ભર્યાં હીરલા, હો નન્દલાલ!
ઝાલરે ઝીક કેરી વેલ, મોરા નન્દલાલ!
બ્રહ્મા વીંઝે બ્રહ્મવીંઝણો, હો નન્દલાલ!

દાંડી બ્રહ્માજીના હાથમાં, હો નન્દલાલ!
માનવીના ભાગ્યના એ ખેલ, મોરા નન્દલાલ
બ્રહ્મા વીંઝે બ્રહ્મવીંઝણો, હો નન્દલાલ!
અગમ્યનાં પગથિયાંની પાયરી નિહાળીને
બુદ્ધિના પાય થાકે છે.
ધરતીનાં કણુ જેટજેટલાં મનુષ્યો,
ને પ્રત્યેકનું પૃથક પૃથક ભાગ્યચક્ર.
સૌનાં ભાગ્યસમન્વયે ધરતીનાં ભાગ્ય ઘડાય;
ને ધરતી સરજે સૂરજમાળનું ભાગ્યચક્ર.
અભિમન્યુના ચક્રાવાથી યે કોટિધા
અટપટો છે આ જગચક્રાવો.
ને જોબનઝૂલન્તા કંઇ કંઇ સૌભદ્રેયો
હોમાય છે એ દેવવ્યૂહના જયપરાજયમાં.
એ ચક્રચક્રનો છે અધિદેવ.
વંજુકુંજ શી ઉગમતી
ને વટઘટા શી ફાલતી
જોઉં છું અમૃતપુરની અધિદેવજોડલી;
એક પ્રાણુપ્રફુલ્લેલા ઇન્દુકુમાર,
ને બીજા પાંખપ્રગટેલા ભટ્ટરાજ;
રાજયોગના એ મહારાજવીઓ.

(મ્હોરેલા મોગરાના છોડ જેવા ભટ્ટરાજ આવે છે. વિશાળપત્રાળા કદળીસ્થંભ સરિખડા પડખે દેવ પધારે છે. સ્મિતવદનથી જોગણુ ત્હેમને સત્કારે છે. પરસ્પર વન્દન વન્દી વડવાઇઓની હિન્ડોળા લેતી જટાઘટા નીચે છોબન્ધ ઓટલે સહુ બેસે છે. આસપાસ દર્ભાસન પડ્યાં છે.

આઘે ખંડેરમાં એક મોરલો કળા પાથરી નાચી રહ્યો છે.)

જોગણુ : રાજા ! સંસારમાં પ્રવેશ્યા; શુભ થાવ;
સંસારને ઓળખ્યો – પારખ્યો ?
રાજ : સંસાર એટલે સર્પની કાંચળી:
ઓઢી, ઉતારી, ઉશેટી દેવાની.
જોગણુ : તો તો સંસાર નિર્વિષ કહેવાય.
સોહામણા સંસારસરોવરિયાની
એક પાળ છે કૌવચબાંધી,
ને બીજી પાળ છે ચન્દનપગથિયાંની.
એક પાળે કાંટા પાથર્યા છે,
ને બીજી પાળે જડ્યા છે મણિ.
કમલપ્રફુલ્લેલી કમલિનીનું
સંસાર છે જળજાળું.
તરતાં આવડે તે કમળ વીણે,
ને અન્તરના અધિદેવને ચ્હડાવે;
ન આવડે તે ઘૂંચમાં ઘૂંચવાઇ ડૂબે.
ભૂલભૂલામણીનો બ્રહ્મખેલ તે સંસાર.

(જાણે સૌન્દર્યની વેલીઓ ડોલન્તી આવતી હોય ત્હેવાં પ્રમદા, યશદેવી ને કાન્તિકુમારી પધારે છે. એમને આવન્તાં પેખીને)

દેવ : કેમ પાછળ રહી ગયાં કંઇ ?

રાજ : ઇન્દ્રની પાછળ ઇન્દ્રાણી,
ને બ્રહ્માની પાછળ બ્રહ્માણી.
સંસારમાં સ્ત્રી મોખરે ક્ય્હારે હતી જે ?
કાન્તિ : ચ્યૉરીમાં ચોથું મંગળ ફર્યા'તા ત્ય્હારે.
રાજ : ચોથું મંગળ ફરો પછી કહેજો, સાંભળીશું.

કોઇ યુગનો ઇતિહાસ તો ઉચ્ચરતો નથી.
પ્રમદા: એ ઇતિહાસના આંકડા વિધાત્રી ભૂંસશે.
ઘડાતા નવઇતિહાસ ઉચ્ચરશે કે
સંસારની હરોલ સ્ત્રીજાતિએ સોહાવી.
રાજ: લખાશે ત્ય્હારે ભણીશું એ ઇતિહાસો.
નિજનિજના વરથી ઉંચેરડી
કેટકેટલી રૂપગર્વિલીઓ જગતમાં છે?
કાન્તિ: સીતાની પાછળ રામ,
ને રાધાની પાછળ શ્યામ:
આર્યકુલની તો એ આર્યતા.
માજીના ચરણકમલમાં વિરાજ્યા છો
ત્ય્હાં યે એવું ઉચ્ચરશો?
મજાકમાં યે મીઠપ હોય.
અમૃતપુરની આ ગુરુપીઠિકા—
જોગણ: આપ સૌ મ્હારાં ગુરુઓ છો:
શીખવું છું તેથી શીખું છું અધિકડું.
પધારો, સૌન્દર્યની પાંખડીઓ!
પધારો, સંસારની સુજનારીઓ!
મનુષ્યની ધાત્રી ને પ્રારબ્ધ ઘડનારી
સંસારની વિધાત્રી સુન્દરી છે.
દેવ: સુન્દરી એટલે પુરુષની પ્રતિભા ને પ્રેરણા.
કુમાર એટલે વર્ણુપંખાળો પંખેરૂ.
કાન્તિ: માજી! શી ચાલતી'તી સદ્બોધવાર્તા?
જોગણ: વત્સે! વિશ્વના ભાવિની.

અમે જગતનાં જોગીઓ:
અમારે ત્ય્હાં જગતકથા જ હોય.
વર્તમાનવાડીમાં વિહરતા સંસારયાત્રી
એક આંખડીએ નિરખે છે
અનંતકાળની વેરાયેલી કાળપાંખડીઓને,
ને બીજી આંખે છાંટે છે
ભવિષ્યની ફૂટતી કળીઓને.
ભૂતભાવીની ભવવાડીઓ ભાળતાં ભાળતાં
અમે યે વહતાં'તાં વર્તમાનનાં વ્હેણમાં.

પ્રમદા: નથી એની અમૂંઝણો આજથી શી!
ને ગયાંની શોચના તો
ગીતાકારે યે મિથ્યા ભાખી છે.
વર્તમાન એક જ છે સાચો.

રાજ: 'આજનો લ્હાવો લીજિયે રે,
કાલ કોણે દીઠી છે!:'
એ સંપ્રદાયના સંપ્રદાયી ક્યહારનાં થયાં!

જોગણ: બાનુ! ક્યહાંક ભૂલવું તો નથી ને!
આજ એક જ સાચી હોત,
સંયમમાં તો કો સંયત નહીં,
કે કુસુમ કો માંડવ નહીં.
આંખમાં સમાય એટલું જ જગત નથી.
હૃદયમાં પાથર્યો છે
એટલો જ કલ્યાણમાર્ગ માની
કોણે કોણે યાત્રા આદરી!

આજ ને કાલના ભેદ નથી,
આજ ને શાશ્વતના ભેદ છે, બાલે !

કાન્તિ: એટલે ? માજી ! ન સ્હમજાયું.

જોગણ: જમણા ને ડાબા સરિખડા
શુક્લ ને કૃષ્ણ બે છે જગતના રાજમાર્ગ.
પાપપુણ્યનો પ્રશ્નભેદ એટલો છે કે
આજ માણવી, કે શાશ્વત માણવું.
પાપ એટલે આજની જ લ્હાણ,
પુણ્ય એટલે શાશ્વતની માણ્ય.

પ્રમદા: પણ આજે ઉગ્યો
એ કાલ નહીં કાં ઉગે ?

જોગણ: જીવનને જ પૂછી જુવોને.
ઉગે ને આથમે, આથમે ને ઉગે,
એને નિત્યપ્રકાશ ભાખશો ?—
જીવનનો કે જગતનો ?
સૂર્યને છે અસ્તોદય,
આભનાં છે નિત્યઆચ્છાદન :
તેથી સૂરજથી આભ મ્હોટેરાં :
એક આભમાં અનન્ત સૂર્યો રમે.

યશ: ત્હારે જગત શું છે ?
ને શા છે જગતના સન્દેશ ?

રાજ: જગત એટલે જુવો છો તે :
अहं ब्रह्मास्मि ને तत्त्वमसि:
ને સદ્‍બુદ્ધિને સન્દેશ તો સ્હમજણના.

કાન્તિ: જાવ, જાવ, રાજ! ઉજવાવ જરીક.
જોગણ: નહીં, રાજ! એમ અવરોધો મા.
પૃચ્છાના પંખીને ઉડવા દો.
દીકરા! જગત એટલે જીવન.
જીવનઆદેશ એ જ સૌસૌનો જગતસન્દેશ.
કાન્તિ: ન પૂછવા શું પૂછ્યાની ક્ષમાયાતના છે.
પણ માજી! આપના જીવનઆદેશ—
જોગણ: સાધુને સન્તાડવાનું શું હોય?
ધોળે દહાડે યે મશાલ ધરવાની,
કે પડછાયામાં યે કાંઇ ન આચ્છાદાય.
સાધુજનના હોય સાધુતાના આદેશ.
ગામગામને ગોંદરે ધર્મવેદિ સ્થાપવી,
નગરનગરને ચોક અગ્નિહોત્ર માંડવા;
મહાજનની મહાનુભાવિતા મ્હોરવવી,
સુન્દરીઓની સૌન્દર્યવેલ ફળાવવી,
સંપ્રદાયોના અગ્નિ સંકોરવા,
ધર્મજ્વાલાઓમાં પરનાળે ઘી હોમવાં,
સદ્ધર્મને ઇન્ધન સીંચવાં,
કલ્યાણપન્થની કંટાળી નીન્દવી:
સંસારીનાં સજ્જન, સજ્જનનાં સાધુ,
સાધુના ધર્મસ્થંભ રચવા;
પર્ણકુટીરમાં રાજમહેલો
ને મહેલોમાં મન્દિર બાંધવાં:
એ અમારો બન્ધયોગીનો સંપ્રદાય.

પણ આંખડલી દેખે છે
એટએટલે ઉડાતાં નથી :
એવી છે પ્રારબ્ધની સીમાઓ.

રાજ : ને ભારતમાં તો પાળો પડી છે.

જોગણ : હા; પર્વતપાળ ને સરિતપાળ.

પ્રમદા : ભારત તો ખંડેર છે ને?—ભૂમંડળનું!

જોગણ : ભણતર તો ભલ્લેરૂં ભણ્યા
નિજનું સહુ નિન્દવાનું.
નિરખો અમૃતપુરનાં આ ખંડેર,
ને મંહી નાચન્તો પેલો કળાયેલ મોરલો.
ભારત છે જગતસમૃદ્ધિની ખાણ.
એ ખંડેરોમાંથી બોલશે જૂના જોગીઓ,
ને ભણશે કાળના મન્ત્રો,
ને ઘટાવશે જીવનમાં પ્રફુલ્લતી પ્રજા,
ત્હારે આજ શા અન્તરાયો સંકેલાશે,
ને ઉઘડશે ભીડયાં જગતનાં વજ્જબાર.
નગરખંડેરોમાં મણિધર પોઢયા છે,
વનખંડેરોમાં સાવજ સૂતા છે:
ત્હાં છે જગતના જોગીરાજ.
એ જગખંડેરો સચેત થશે
ત્હારે ધરતીકંપ થશે,
સંસાર સમગ્ર ડોલવા માંડશે.
ભારતનાં ખંડેરોને અવગણશો મા.
કાળજૂના એ ખંડેરોમાં

અનન્તના અગ્નિઓ ભાર્યા છે.
બેટા! ગેબની વાતો મા પૂછ.

પ્રમદા: ગેબનાં ગપ્પાં—

જોગણ: અણુદીઠને અપમાનો મા.
દીઠાંના દાયકા છે,
અણુદીઠની અનન્તતા છે.
ગિરિદેશના અમ હિમાદ્રિશિખરેથી
દિશાચક્રનું જગદ્દર્શન કરતાં
કંઇ કંઇ પડદા સંકેલાય છે,
અણુદીઠના આગળા ઉઘડે છે.

પ્રેમદા: પણ ભારતનો મહાપ્રશ્ન તો
સ્વરાજ્ય જ છે ને?

જોગણ: સ્વરાજ્ય? સન્તાનો! કે પ્રજારાજ્ય?
સહુસહુનાં સ્વરાજ્ય સરજાયાં,
ને સર્વહિતનું સત્યાનાશ વળ્યું.
ભારત પ્રજારાજ્ય વાંછે છે.
સહુ મહાપ્રજાઓ પ્રજારાજ્ય પામશે:
ભારતની મહાપ્રજા યે પ્રજારાજ્ય પામશે.
વિશ્વવ્યવસ્થાનાં વિધિનાં નિર્માણ છે એ.
દુર્લભ દીસતું યે સુલભ છે કંઇ કંઇ;
અવરાં તો છે આત્માનાં અધ્યાત્મરાજ્ય.
ભૂખ્યાંને ભોજન વિના ચાલે,
તરસ્યાંને પાણી વિના ચાલે,
મહાપ્રજાને તો પ્રજારાજ્ય વિના ચાલે.

—પણ દેહને જીવ વિના કેટલું ચાલશે?
અન્નપાણી મનુષ્યનું સર્વસ્વ નથી,
પ્રજારાજ્યે મહાપ્રજાનું સર્વસ્વ નથી.
મહાપ્રજાઓનું કલ્યાણકેન્દ્ર ઔર છે.
ધરતીનું ભાગ્યવિધાતા ભારત છે.
પ્રજારાજ્ય તો એનું આજનું ધ્યેય.
જોગીઓ જુદું જ ભાખે છે
ભારતનું અનન્તનું ધ્યેય.

કાન્તિ: ત્હારે, ભગવતિ!
ભારતનું નિત્યધ્યેય કીયું?

રાજ: કાળની કલ્યાણનન્દિની!
ભાખો ભારતનું નિત્યકલ્યાણ.

જોગણ: સાંભળો ત્હારે કાળની મહાવાર્તા.
બ્રહ્માંડઘેરતા આભના પડદા લટકે છે,
ને એ પડદાઓનાં પ્રચંડ ટિપ્પણાંઓમાં
બ્રહ્માએ આલેખેલી છે એ બ્રહ્માક્ષરી.
ભારતની બ્રહ્માક્ષરી અદ્ભુત છે.

દેવ: ભાખશો ભારતની એ બ્રહ્માક્ષરીમાંથી કંઇક?

જોગણ: કાળની ગુફાઓમાં જ્હાં
બ્રહ્માંડનું ભાગ્ય ઘડાય છે,
ત્હાં ઘડાય છે ભારતનું યે મહાભાગ્ય.
જગત્કલ્યાણના છે એ સૌભાગ્યમન્ત્રો.
આભઆભમાંથી કિરણો ફેંકતા
દિશદિશમાંથી તારલિયા ઉગે,

મહાપ્રજાઓ એમ કૈંકૈં છે બાણુ
અવનીનાં આભઆભમાં.
એ છે પ્રકાશ ને અન્ધારની બરછીઓ.
પ્રગટતા પ્રભાતને આરે
તેજઅન્ધારના ભાલાઓ ઉછળે,
એવી ઉછળે છે પૃથ્વીભરમાં
મહાપ્રજાઓના ધ્યેયમન્ત્રોની એ વજ્રસાંગો.
White Men's Burden,
Black Men's Burden,
Yellow Peril, Pan-Islamism,
Russo–phobia, Germano-phobia,
Armed Peace, Open Sea,
Superman & Super-civilization theories,
Asia vs. Europe,
The East vs. the West,
The Old vs. the New Hemisphere;
જાણજો, ઓ જગતના લોક!
સેનાઓનાં કરતાં સંસ્કૃતિઓના સંગ્રામ,
અદૃશ્ય છે માટે, મહાઅઘોર છે.
મહાપ્રજાઓના મહારાજ્યોએ ઉછાળેલી
એ ને એવી છે રાજમન્ત્રોની સાંગો.
પ્રજાજનના રાજ્યાભિલાષોએ છોડેલાં
એ છે ધૂંધવતાં પ્રકાશ.
સહુમાં સત્યાંશે છે, નિષેધાંશે છે.
સત્યના સાગરમાં

કેવળ અસત્ય કાંઇ તરે જ નહીં.
પણ સર્જક કરતાં ઘાતક છે એ,
રાજર્ષિઓ સમા રાજસ છે એ.
ભારત છે જગતનો બ્રહ્મર્ષિ,
ને ભારતના છે જગતને બ્રહ્મસન્દેશઃ
સાત્ત્વિક, સર્જક, કલ્યાણક.
ભારત તો બ્રહ્મસાગર છે બ્રહ્માંડનો.
સાગરનો જે છે બ્રહ્મસન્દેશ,
ભારતનો છે તે જગત્સન્દેશ.
સાગરનો જીવનમન્ત્ર છે સરિત્સમન્વય,
ભારતનો જીવનમન્ત્ર છે સંસ્કૃતિસમન્વય :
સર્વ દિશાઓનો સમચય.
યુગયુગથી મહાપ્રજાઓના મહાનદ
ભારતસાગરમાં ઠલવાય છે :
કાંઠાઓમાં ઘડીક છલકાઇ વમળાઇ
એ પ્રજાપૂર મહાજલમાં સમાય છે.
ઇતિહાસ ભાખે છે એમને
પરદેશીઓના હુમલા:
દ્રષ્ટાઓ ભાખે છે એમને
મહાસરોવરમાં ઝરણાંઓનાં નિર્ઝરવાં.
ભારતમાં છે જગતસંસ્કૃતિઓનાં ગુરુત્વાકર્ષણ.
સિન્ધુ, ગંગા ને બ્રહ્મપુત્રા,
ગોદાવરી કૃષ્ણા ને મહાનદ,
નવસેં ને નવ્વાણુ નદીઓ

નિત્ય નિત્ય નીર ઠાલવે,
ત્હો યે મહાસાગર છે
એકનિષ્ટ, અણુઉભરાતો ને માઝાવન્તો
आपूर्यमाणम् अचलप्रतिष्ठम्.
એવા છે ભારતના ભવ્ય ભાગ્યલેખ.
ધ્વજપટે ઇન્દ્રચાપમાં ૐકાર માંડી,
કરકમલમાં શાસ્ત્રસજ્જ થઇ,
સાત્ત્વિકવર્ણાં ત્રિપુંડ્રધારી,
બ્રહ્માભિમુખ બ્રહ્મયોધરાજો
'સંસ્કૃતિઓનો સમન્વય' પોકારતા,
વેદદ્રષ્ટા બ્રહ્મર્ષિ સરિખડા,
વનાટવીમાંથી જનાટવીમાં ઉતરશે,
જગતે ત્ય્હારે ભારતનો જયધ્વજ રોપાશે.
વત્સે ! અધીરાં મા થાવ.
આજ ભલે અન્યની હો,
ભૂતની પેઠે ભવિષ્યે ભારતનું છે.
'સંસ્કૃતિઓનો મહાસમન્વય'
એ જ બ્રહ્મહાકલમાં છે
ભારતનો જગતદિગ્વિજય.

પ્રમદા : પણ જગતસંસ્કૃતિઓમાં સર્વશ્રેષ્ઠ,
કાળસાગરના લક્ષ્મીકમલ શી,
આજની પશ્ચિમની સંસ્કૃતિના જયધ્વજ—

કાન્તિ : માજી ! સંસ્કૃતિઓની સમતુલા—

જોગણ : સંસ્કૃતિઓની સમતુલા એટલે

પૃથ્વીપાથર્યા ઈતિહાસના સાર સારવવાના.
અઘરૂં છે, આદરશો મા:
આદરો તો અવગણુશો મા કોઈને.
સર્વગ્રાહી એ આંખડલી કોકની છે,
ન્યાયનેકીલી એ દાંડી યે કોકને છે.
મજાદા: તોળે તો છે સહુએ ય તે
પૂર્વ ને પશ્ચિમનાં છાબડાંને.
એવી તો આણુ કોણે પાળી?
સહુએ ઉથાપી છે એ આણુ.
જોગણુ: તો માંડો સંસ્કૃતિઓની તુલા
પૂર્વ ને પશ્ચિમનાં પલ્લાંઓમાં.
જગસરખામણીએ ભારત નહીં ઝંખવાય.
ઉત્તર આપશે જગતઇતિહાસને
અગમ્યપૂછી પ્રશ્નાવલિનો.
માનવીને વ્હાલામાં વ્હાલાં છે
ધર્મ, ફિલસુફી, કવિતા ને લક્ષ્મી.
ઉત્તર દ્યો, આહ્‌વાન ઉચ્ચરતાંઓ!
માનવજાતના મહાભાસ્કર
પશ્ચિમઉગ્યા પયગમ્બરો કોણુ કોણુ?
સનાતન સંસ્કૃતિનાં શાસ્ત્ર
પશ્ચિમભાખ્યાં આગમનિગમ કિયાં કિયાં?
પશ્ચિમગાયું સર્વોત્કૃષ્ટ કાવ્ય ઇલિયડ.
વીરોની મહાકવિતા છે,
જાણે ખડ્ગનાં તેજ ઝળહળે.

આજના ગ્રીસને ઘડતી નથી
એ મહાકાવ્યની પ્રાણપ્રેરણા.
પ્રાણસ્ય પ્રાણનાં યે પ્રેરણા છે આજ
ભારત ભાગવત કે રામાયણ,
કે ફિરદૌસીની સાઠ હજાર શ્લોકસંહિતા.
હેલન ને સીતાના શીલભેદ
એ છે ગુણભેદ ઇલિયડ ને રામાયણના.
— અને શ્રી હરિનાં પત્ની લક્ષ્મીજી?
ભારત બ્રહ્મધામ હતું, તેથી
ભારત હતું જગતનું લક્ષ્મીમન્દિર.
ત્રિખંડમાં ઢળતી'તી એની સોનારેલો.
યૂરોપને આંબલે વસન્ત બેઠી,
ને લક્ષ્મીજીના મ્હોર મ્હોર્યા,
ભારતનો જલમાર્ગ જડ્યા પછી?–કે પહેલાં?
પ્રભાતે ને પ્રભાતે પ્રભુજી
પૂર્વખોળે પ્રગટાવે છે સૂર્યદેવને,
ને પૃથ્વીમાં વરસે છે પ્રકાશના મેઘ.
પૂર્વ એટલે જગતની ઉદયદિશા,
પશ્ચિમ એટલે જગતનો અસ્તાચળ:
એ વ્યાખ્યાઓ ભૂંસી કોનાથી ભૂંસાશે?
આર્યને તો દશે દિશાઓ છે દેવની;
આ તો આપના આહ્વાનના ઉત્તર.
ચારે દિશે માંડ્યાં છે તીર્થધામ,
ને શંકર ભગવાને માંડી'તી શારદાપીઠો.

દુનિયાના દશ દિગ્પાળો છે,
ને બ્રહ્માંડધુરન્ધર છે એ દશે દિગ્પાળો.
હિમાદ્રિ ચહુદિશને ઝરણે વધાવે છે તેમ
આર્યાવર્તનો આર્ય તો
દિશદિશના દેવને વન્દે છે.
જગતસંસ્કૃતિઓના મહાસમન્વય ઉપર
સ્થપાશે ભાવી જગતનાં માનવમન્દિરો.
મનુવંશ મેળે મળી ઉજવશે
સંસ્કૃતિઓના સમન્વયનો વસન્તસમયો.
ભારત આચાર્ય થશે
જગતસમન્વયના એ મહાયજ્ઞનો.

પ્રમદા: ભારતના એ તો ભૂતકાલ;
સૂર્યાસ્તના એ તો આથમેલા મહિમા.

રાજ: ત્હારે હોમર ગોઇથે કે શેક્ષપિયર,
એરિસ્ટોટલ પ્લેટો કે કેન્ટ
કિયા વર્તમાન કાળે તપતા'તા જે?
નેપોલિયન શાર્લમેઇન સીઝર કે સીકન્દર ઉપર
કિયો આજનો સૂરજ કિરણો વરસે છે?
અપમાનશો મા, આછકલા ઇતિહાસનવેશો!
ભારતને કે ભારતના ઇતિહાસને
ત્હમારા અજ્ઞાનને છાબડે તોળીને.
અપમાનના અંગારાની ઝાળોમાં
કંઇ કંઇ ભસ્મ થઇ ગઇ
મહાપ્રજાઓની પ્રજાલક્ષ્મીઓ.

અપમાનના ઉત્તર શી શાપની સિત્કારીઓ
ચિતાથી ચોગણી છે ચેતનવન્તી.

યશ : માજી અમને કાંઇ આદેશ?

જોગણ : ત્હમે દંપતીદેવ તો છો
મૂર્તિમન્ત સંસારના સદ્‌બોધ :
ત્હમને તે સદ્‌બોધ શા?
સન્તજનો! સુણજો સહુ—
રાજ! ઘડીક કાન ઢાંકજો—
સન્મુખ સ્તુતિ યે નિન્દા છે—ક્‌ય્હારેક તો.
દેવો નિરખે છે તે ભાખું છું.
ભટ્ટરાજ ને યશદેવી તો છે
દેહ ને દેહીનાં ઓચ્છવિયાં.
પાઠશાળાથી આત્માને પોષે છે,
અન્નસત્રથી દેહને પોષે છે.
ઉભય છે મનુષ્યત્વનાં માળીઓ.
એમને ઓરડે હરિવર છે,
એમને આંગણે હરિઓચ્છવ છે.
એમની પરસાળે છે પુણ્યતેજ,
એમના ચોકમાં છે દેવચન્દની.
એમનાં કર્યાં કોક આદરશે,
એમનાં ઉજવ્યાં કોક ઉજવશે.

દેવ : ને કૌમારસંઘનું ભાવી?—

જોગણ : દેવથી શું અજાણ્યું છે કે કહું?
કૌમારસંઘ છે સંસારસંઘનાં વડમૂળ.

રાજ: એ દૂધ છે? કે દૂધનો ઉભરો?
કાન્તિ: મા દેશો ઉત્તર, માજી!
એ જગઅળવીતરાને.
(ભદ્રરાજ સ્હામું નિહાળીને)
જાવ.
જોગણ: બેટા! હસનારાં સંગાથે હસજે:
હસવામાં હુલ્લાસ છે.
રાજ! ઝીલતાં આવડે તો તો
એ જગતવર્ષા છે;
કુમાર એટલે આંબાનો રોપ.
ન આવડે તો છે અમસ્તાના ઉભરા.
વર્ષે વર્ષે વર્ષા વરસે છે;
જગજનો અધૂરિયાં નથી?
જગત ઝીલતું નથી પૂરૂં,
ને અડધઝાઝેરી વર્ષા એળે જાય છે.
વરસતાં પાણી નહીં પીવાય.
સરોવર ને સરિતાની અંજલિઓ
ઝીલશે ને સંઘરશે, તે જગત પીશે;
અણઝીલ્યાં પાણી ખારેવાટ ઢોળાશે.
યશ: માજી કાન્તિકુમારી તો ગાય છે કે
અમૃત અંજલિમાં નહિ ઝીલું, રે બ્હેન!
જોગણ: અમૃતપુરનાં જેવાં ભાગ્ય.
વૈરાગ્યના વાયરા વાયા હશે.
કોડીલો કૌમારસંઘ તો છે

બ્રહ્મચર્ય ઉત્સાહ સાહસની મેઘછટા.
જલભરી કે જ્યોતિભરી
વર્ષા વર્ષવી છે દેવાધીન;
વર્ષાનાં વ્હેણ વાળવાં છે મનુષ્યાધીન.
વાળશે ત્હેમના વળશે લક્ષ્મીના ફાલ;
ને વર્ષાનાં સરજાશે ધન ને ધાન્ય.

રાજ: તીરથવાસી છો, દેશઓળે ખૂંદ્યાં છો:
મ્હારે એક છે પૃચ્છા:
દેશ આગળ ધપે છે ? કે પાછળ ?

જોગણ: રાજ! ધૂપદાનમાં ધૂપ સળગે,
યજ્ઞકુંડમાં દેવવહ્નિ ભભૂકે:
એવો ભડભડતો સળગે છે તમ હૈયે
પ્રજાકલ્યાણનો નિત્યહોમ.
તમ મુખડે શોભે એ જ વેણુની વીણા.
પૃચ્છામાં છે પૃચ્છકની વિચારકક્ષા.
રાજ! દુર્લભ છે સમગ્ર દેશદર્શન.
વિરલાએ દીઠો છે એ કાળપુરુષ.
યાત્રીઓને આછીપાતળી ઝાંખી થાય.
પ્રજાહિત પારખવાના મન્ત્રો છે બે:
એક તો: સંસારસંઘને પૂછજો કે
સંસારમાં સર્જન વધારે છે, કે વિસર્જન?
ને બીજું: પોપચાં ને પડળ ઉઘાડીને
નિહાળજો, અનુભવજો, ચિન્તવજો:
જાય તેથી સવાયા સાંપડે

તે મહાપ્રજા છે પ્રગતિને પન્થે.
બે હાથમાં બે બે મશાલો લેઇ
ક્ષિતિજની પરકમ્મા ફરી વળજો,
ને પારખી લેજો ભારતનાં પ્રારબ્ધ.
ભારતની ઓટની અવધો ઉતરી ગઇ.
ઇચ્છયાં પાણી નહીં ચ્હડયાં હોય;
ઉલ્લાસ, આનન્દ, સાહસ આછાં હશે;
લક્ષ્મીની વેળ નહિ વાધી હોય;
પણ પૂછજો પ્રારબ્ધના જ્યતિષીને કે
ઉર્મિઓ ઓટની ઉછળે છે, કે ભરતીની?
ભારતમાં આજ ભરતીના ઘોર ઘાજે છે.

પ્રમદા: એ મોજાં ડૂબાડશે તો નહીં ને?

રાજ: તમ જેવાંને એટલી યે ભારતચિન્તા
એ ય ભારતીઓનાં છે મહાભાગ્ય.

જોગણ: મહાસાગર માઝા મૂકે
તો ધરતીને ય ઝબકોળે.
એ જ છે સીમાસ્થંભો
રાષ્ટ્રીય ને આન્તરરાષ્ટ્રીય પ્રજાતત્ત્વોના.
જગતને ઓહે ચ્હડેલી મહાપ્રજાઓનાં.
રાષ્ટ્રીયત્વ ને આન્તરરાષ્ટ્રીયત્વનાં પલ્લાં
સમતોલ રહે તે પૃથ્વીસમતા:
નહીં તો પૃથ્વીસંગ્રામ.
શું ભારતમાં, કે જર્મનીમાં, કે ઇંગ્લાંડમાં,
પ્રજાપિતૃઓના પ્રજાત્વભાવનાના

વિષ ને કાંટા વેડાવા જ જોઇશે.
પ્રજાપિતૃઓ ! એ ત્રાજવું સમતોલ રાખજો.
તન્દ્રા નિદ્રા જડતા જ્યહાં જામ્યાં હોય,
ત્ય્હાં રાષ્ટ્રીયત્વની વીજળીઓ પ્રેરજોઃ
રાષ્ટ્રીયત્વની જ્વાલાઓ જ્યહાં ઝબૂકતી હોય,
ત્ય્હાં આન્તર્‌રાષ્ટ્રીયત્વના મેઘ છાંટજો.
પ્રજાપરીઘથી મનુવંશ સદા મ્હોટો છે.
પરસ્પરની દોષનિવારક છે એ ઓષધિઓ.
પ્રજાત્વભાવની અવધિઓ ન ઓળખી
એ મહાપ્રજાઓ પૃથ્વીપડમાં યે નથી આજ.
ઇતિહાસમાં ઉગી ને ઇતિહાસમાં સમાણી.

કાન્તિઃ ત્ય્હારે સંસાર કે સંન્યાસ? માજી!
આ પુત્રીને કંઇ આદેશ?

જોગણુઃ બેટા! બ્રહ્માંડ બ્રહ્મર્ષિઓનું છે,
જગત જોગેશ્વરોનું છે,
સંસાર સંસારીઓનો છે.
મા પૂછ એ અવળવાણીના અર્થ.
તું શું શોધ છ? શોધે છે તે પામજે.
સંસારની યે નહીં, સંન્યાસની યે નહીં,
ત્હારા વદનકમળની પાંખડીઓમાં
એવી અદ્ભુત કો બ્રહ્મકિરણાવલિ રમે છે.
જનજનની ન્યારી છે જન્મકુંડળી,
સહુસહુના નિરનિરાળા છે જીવનપ્રશ્નો.
અનોખાં છે એનાં જગત્‌જ્યોતિષ.

રાજ: તો થાવ ઘડીક જગત્જ્યોતિષી,
માંડો જગતની જન્મકુંડળી,
નાંખો રમલનો પાસો,
પૂછો પ્રારબ્ધને ઉત્તર,
ને ભાખો જગતના મહાપ્રશ્નો, માજી!
જોગણ: 'પૂર્વપશ્ચિમ બે પાંખે ઉડે છે પૃથ્વિપંખિણી.'
પૃથ્વિપંખિણીની એ પાંખપાંખના,
ને પાંખપાંખમાંનાં પીંછાંપીંછાંના
મહાપ્રશ્નો છે નિરનિરાળા.
જાગે તેનું જગત છે.
સોળમી સદીમાં લ્યૂથર જાગ્યો;
સત્તરમી સદીમાં ઈંગ્લાંડ જાગ્યું;
અઢારમી સદીમાં ફ્રાન્સઅમેરિકા જાગ્યાં;
ઓગણીસમી સદીમાં યૂરોપજાપાન જાગ્યાં;
વીસમી સદીમાં જગત્ જાગ્યું છે.
દેશેદેશ ગાજે છે દુંદુભિનાદ.
વીસમી સદીનો પ્હો ફાટ્યો મહાસંગ્રામથી;
ને પા આયખુ માંડ વીત્યું ત્હાં તો
વિશ્વસંહારનાં પગલાં સંભળાયાં.
આજના જગતનો પરમ પ્રશ્ન છે
મહાસંહારોના સંહારનો.
કોઈને યે નથી દીધાં જગનાથે
આગમ ભાખવાના અધિકાર:
અન્તજન હો! ત્હો ય જાણું છું તે ભાખું છું:

જગત! કાન માંડજે ને સાંભળજે:
બુદ્ધભૂમિમાંથી જ વિસ્તરશે
જગતશાન્તિના ચિરંજીવ જગતસન્દેશ.
દુનિયાએ સાધવાના છે વર્ણભેદના સમન્વય;
યૂરોપે સાધવાના છે રંકરાયના સમન્વય;
એશિયાએ સાધવાના છે સ્થૂલસૂક્ષ્મનાં સમન્વય;
ભારતે સાધવાના છે મહાસંસ્કૃતિઓના સમન્વય.
આ સદીનાં જન્મસિદ્ધિ સધાશે તો
ઇતિહાસ ભાખશે વીસમી સદીને
સમન્વયોનો મહામનવન્તર.

કાન્તિ: બ્રહ્માંડચક્રની લોકઘૂમટી યે
અજબ જ છે ને? માજી!

જોગણ: બુદ્ધ ભગવાનનું ભાગ્યચક્ર,
કૃષ્ણ ભગવાનનું રાસમંડળ,
વિશ્વજ્ઞાનીઓની વિરાટ ચક્રાવલિ,
ગીતાભાખ્યો કાળપુરુષ:
વિધવિધનાં એ સર્વે યે છે
એકનાં જ અનેક નામનિર્દેશ;
પરબ્રહ્મના બ્રહ્માંડરાસનાં નામવિશેષ.
શિખરે શિખરે મોરલા નાચે છે,
કૈલાસ માથે નટવર નાચે છે,
કૂદતી ફરતી વાદળીઓ નાચે છે,
માનવી માનવીનાં ભાગ્ય નાચે છે,
સૂર્ય ચન્દ્ર તારલા નક્ષત્રો

એમ નાચે છે બ્રહ્માંડનો મહારાસ.

ગાવ, સન્તજન! બ્રહ્માંડરાસનું એ મહાગીત.

(સન્તજનો સંગીતનાં સાજ લે છે; કાન્તિકુમારી ધીમું મેઘગીતું ચેલક વગાડે છે; પાંખડી જલતરંગ બંસી બોલાવે છે; જોગણુ એકતારો ગુંજારે છે; દેર કરતાલ ઝમકારે છે; યક્ષ ડમરૂ ઘોરાવે છે; પ્રમદા વાંસળી વાય છે; બાળકો મંજીરા ને ઝાંઝોના તાળ દે છે; એમ પ્રચંડ સંઘસંગીત જામે છે. ખંડેરમાંથી કાળજૂના પડધા નવપડછન્દે જાગે છે. વચ્ચે વચ્ચે ભદ્રરાજ બ્રહ્માંડજગાડતો શંખ પૂરે છે, નટરાજ શો નાચે છે.

એમ નેપાળી જોગણુ ગવરાવે છે, ને અમૃતપુરની સન્તમંડળી બ્રહ્માંડરાસનું ગીત ઝીલે છે.)

જોગણુ: નિરખો આ રાસ લોકલોકના રે,
રમે સૃષ્ટિ ને સૃજનાર;
રમે સૃષ્ટિ ને સૃજનાર;
અંગુલિમાં અંગુલિ પરોવીને
ખેલે તેજ ને અન્ધાર;
ખેલે તેજ ને અન્ધાર:
રસનાં ઉછળે રંગહેલિયાં.

પુરુષ ને પ્રકૃતિની બેલડી રે
ફરે ફૂદડી અનન્ત;
ફરે ફૂદડી અનન્ત;
તણખા વેર્યા નયનતેજના,
ત્હેનાં બનિયાં બ્રહ્માંડ;
ત્હેનાં બનિયાં બ્રહ્માંડ;
રસનાં ઉછળે રંગહેલિયાં.

પૃથ્વી ફરતો ફરે ચન્દ્રમા રે,
પૃથ્વી સૂર્યને ઘેરાટ;
પૃથ્વી સૂર્યને ઘેરાટ;
સૂર્યે ચોપાસ મહાસૂર્યની;
એમ ઘૂમતો વિરાટ;
એમ ઘૂમતો વિરાટ;
રસનાં ઉછળે રંગહેલિયાં.

રાજા પ્રજા ને મહાપ્રજા રે
વ્યષ્ટિ સમષ્ટિ સમસ્ત;
વ્યષ્ટિ સમષ્ટિ સમસ્ત;
દેહી ને દેહની લીલાકલા:
સૌના ઉદયો ને અસ્ત;
સૌના ઉદયો ને અસ્ત:
રસનાં ઉછળે રંગહેલિયાં.

પ્રવેશ ૪ થો

સ્થલકાલ: કાન્તિકુમારીની અટારીએ ઉડી જતું પ્હરોડ.

કાન્તિ: મ્હારી ભરછઠ હેલ છલકાય રે,
સખિ! નમતાં હું નીતરૂં;
મ્હારૂં અઢળક ઉર ઢળી જાય રે,
સખિ! નમતાં હું નીતરૂં.
મ્હારી હેલ, ત્હેવું રૂપ;
મ્હારા રૂપ જેવું ઉર:
મ્હારા હૃદય સમું હશે લલાટ કે?
સખિ! નમતાં હું નીતરૂં.
મ્હારી ભરછઠ હેલ છલકાય રે—
હા કહું? ના કહું? શું કહું?
આષાઢની રસોન્મત્ત વાદળી
અન્તરિક્ષમાં ઝઝૂમતી હોય
ને વિચારે જાણે વરસું કે ના વરસું:
મ્હારા હૈયાની વાદળી યે
એવી છલાછલ છલકાતી ઝઝૂમે છે.

નમું ? ને નીતરૂં ? કે ન નીતરૂં ?
હાથણી કળશ ઢોળવા ઝ્હુકી છે,
ને ટમટમી રહ્યાં છે જગન્નયનો
નિરખવા રસનાં એ કુતૂહલોને.
ખડો છે મ્હારી સન્મુખે
મ્હારા સમસ્ત જીવનનો મહાપ્રશ્ન.
સ્વીકારૂં કે નકારૂં ?
તોફાન ઉછળે છે, દિશા સૂઝતી નથી.
સંસારસાગર મહાજલભરિયો વિસ્તરે છે.
ઝૂકાવું કે નહિ મ્હારૂં નાવડું
જીવનયાત્રાના મહાપ્રયાણને કાજ ?

(કુંજની કોયલના સમો ગીતટહુકો ગાજે છે.)

હલકે હાથે તે નાથ ! મહિડાં વ્હલોવજો.

કાન્તિ: શું શું કરી ન નાંખું ? બંડ કરૂં ?
સંસારને સળગાવી મૂકું ?
જ્વાલામુખી જગાડું હૈયે હૈયે ?
દવ લગાડું ડુંગરે ડુંગરે ?
નહિ તો શે વળાશે કોઇથી યે
યુગયુગના આ વિશ્વઉકરડા ?
આજનું અઘોર જગત એટલે
વસુન્ધરેષુ સૌન્દર્યકથા,
ને જનપદેષુ રસકથા.
—ના; ગાવડી જેવી ગરીબડી
હિન્દુ દુહિતાઓ બંડ નહિ માંડે.

સંસારિયાની આમન્યા પાળશે,
મહાજનની માઝા નહિ મૂકે.
ઝંખશે, ઝૂરશે, વિનવશે, વિલપશે,
લગ્નચિતાએ સ્હડશે સ્મિતવદને;
પણ સંસારની સુવર્ણલંકા નહિ સળગાવે
હિલફુંગ્ધાથી દુભાયેલી દુહીતાઓ.

(વદનમંડળના ઉગ્ર અગ્નિ કુમળા પડે છે.)

બ્રહ્માંડશાયી બ્રહ્મદેવ!
અરુણમાં ઉગતા કાલવિધાતા!
વિશ્વતોમુખી વિરાટમૂર્તિ!
આયુષ્યના પ્રશ્નનો ઉત્તર શીખવો.
ભણ્યું સહુ ભૂલી છું
આજના આ ભીડને અવસરે.

(પ્રભાતનો મંડપ ભરી દૂરથી પાંખડીનું ગીત ગાજે છે.)

હલકે હાથે તે નાથ! મહિડાં વ્હલોવજો,
મહિડાંની રીત ન્હોય આવી રે લોલ.

કાન્તિ: જગતનું પ્રભાત પ્રગટ્યું.
કુલકુલમાં, આત્મનઆત્મનમાં,
સંસારની કાળમ્હોરી કુંજે કુંજે
મંડાયા છે મહામન્થન.
ત્હો ય આશાની કુંકુમવર્ણી ઉષા
નથી ઉગતી હજી મ્હારે હૈયે.
નથી ગમતું—નથી ગમતું ક્યહાંઇ:
નહિ જનમાં કે વિજનમાં,

નહિ રસટપકતી આ અટારીએ,
નહિ સહિયરમાં, નહિ એકાન્તકુંજે:
ક્‌હ્યાં ગમશે હૈયાસૂની હરણીને ?
ભૂલી પડી હોઉં એવી ભમું છું.
રસસેવા, દેવસેવા, કુલસેવા, સંસારસેવા,
માનવકુટુમ્બની સેવાની આશ!
ભાગી રજની જેવી વિસર્જન થાવ.
ગૌપુત્રી ધાણીએ જોડાશે.
વ્હારે ધાવ, હો નાથ!
મ્હારી વ્હારે ઓ! ધાવ.
ભારે હૈયાં હળવાં કરો.
આમ નયનનાં ખંજર ભોકી—
અહહહહ! ધીરી, જીહ્‌વા! ધીરી થા.
કોને બોલાવ છ? જોયા ત્હેં?
અદૃષ્ટના પડદાની પાછળ
ક્‌હ્યાં વિરાજે છે ત્‍હારા દેવ?

(અમૃતપુરને જગાડતી, ઘેર ઘેર ફૂલ આપતી ગાતી ગાતી પાંખડી આવે છે.)

પાંખડી: હલકે હાથે તે નાથ! મહિડાં વ્‍હલોવજો,
મહિડાંની રીત ન્‍હોય આવી રે લોલ;
ગોળી નન્‍દાશે, નાથ! ચોળી છંટાશે, નાથ!
મોતીડાંની માળા તૂટશે રે લોલ;:
ગોળી નન્‍દાશે ને ગોરસ વહી જશે,
ગોરીનાં ચીર પણ ભીંજશે રે લોલ:
હલકે હાથે તે નાથ!

(સાગરસ્નાને સંચરતી રાજમાર્ગે જોગણુ આવે છે, ગીત સાંભળવા થંભે છે.)

ન્હાની શી ગોરસીમાં જમનાજી ઉછળે,
એવી ન નાથ! ઢોરી રાખો રે લોલ;
ન્હાની શી ગોરસીમાં અમૃત ઠારિયાં,
હલકે ઉપાડી નાથ! ચાખો રે લોલઃ
હલકે હાથે તે નાથ!

જોગણુ: સંસારની વાછરડી સમી
ન્હાનકડી શી બાળકી,
ને મન્થનનાં ગીત ગા છ?
મ્હેરોડમાં? મહાસાગરને જ માર્ગે?

ક્રાન્તિ: માજી! એ જ નિહાળું છું સ્તો.
નારદજીની સાત્ત્વિકી બ્હેન
જાણે અમૃતપુરમાં ઉતરી આજ.

જોગણુ: પાંખડી! બેટા ફૂલડાંકુમારી!
(ઝબકીને જાગ્યા જેવી પાંખડી ચમકે છે.)

પાંખડી: (નિજનિમગ્ન ગણુગણુતી)
પ્રભાતના પ્હોરમાં સ્તો!
જાણે સૂરજ ઉગાડનારી જાદુગણુ!
આ ભડકા શી કફની
એમને ડરાવતી યે નહિ હોય?

જોગણુ: દીકરી! અમસ્તી ડર છ ગેરૂથી.
સંન્યાસને તેમ જ સુવર્ણને
ગેરૂ જ પૂવે છે સંસારમાં.
અમારાં વૈરાગ્યવજાનાં હેયાં

સ્નેહરસિયાંથી યે કુમળાં હોય, હો!
આવ, ચાંપ, ને પારખ.

પાંખડી: (ચોમેર ડોળા ઘૂમાવતી સ્વગત)
જગતની અટારીએ કાન્તિ બ્હેન
શશિયર મુખડે સોહાય છે:
જાણે ઇન્દુનો અમૃતથાળ.
એમની છાયા પડે છે ત્ય્હાં
જોગણુ શી ભૂરકી નાંખતી’તી જે?
જોઉં છું સ્તો જગતને ચોક:
જોગણુનાં યે જાદુ પી જાઉં: હા—આ.

(ભય વામતી હરિણીને પગલે પાંખડી જોગણુ કને જાય છે. ઉપર અટારીમાં કાન્તિકુમારી ફોડવતી ઉભી છે.)

પાંખડી: શા આદેશ છે? માજી!

જોગણુ: આવ, વત્સા! સાંભળ ને સ્હમજ.
મહી વ્હલોવી માંખણુ તારવ્યાં છે ત્હેં?

પાંખડી: ના, માજી! એવું પ્હરોડ નથી પડયું.
દેવ કહે છે ‘ત્હને ન આવડે.’
આશ્રમે રોજ ગોરસ જાગે છે,
પણુ છાશનાં પાણી.
ભટ્ટરાજ ને યશદેવી પધારે,
તો માંખણુ ઉતરે ને ખાવા મળે.

જોગણુ: પુત્રી પાંખડી! વત્સે કાન્તિ!
કહો, કર્મકથા કહું? કે શાસ્ત્રકથા?

પાંખડી: જોગીની કથા હોય જોગ જેવી:

વનવનની વાતોના વૈરાગ્ય.
શાસ્ત્ર મ્હારાં સારાં, દેવ જેવાં,
કે ખોળે પડિયે ત્હો યે તારે.

જોગણ: અમ જોગી લોકનાં જીવનપુરાણમાં
પ્રભુજી ધર્મસૂત્રો જ આલેખે છે
મણિઓ શા અક્ષર માંડી–માંડીને.
જોગીના ઇતિહાસનાં પ્રકરણે પ્રકરણે
આદેશ જ ઉઘડે છે શ્રી હરિના.
પણ શાસ્ત્રકથા જ સંભળાવું ત્હમને.
શાસ્ત્રમાં વ્હલોણું કેટકેટલાં છે? પાંખડી!

કાન્તિ: (ઉપર અટારીમાં સ્વગત)
સંસારની સૌન્દર્યકુંજોમાં
જોગનો શો હશે મહિમા?
જોગકથા જ જગતનો જીવનદિલાસો?
છણુછણુતી છાતીની ઝાળોનો
આ જોગણુ જ વનિતાઓનો વિશ્રામ?
રસકુંજે વૈરાગ્યના કન્થાધારી—

પાંખડી: શાસ્ત્રવાર્તા તો ત્હમે જાણો, માજી!
પણ દેવને આશ્રમે તો
વ્હલોણું બગડે ને વ્હલોણું સુધરે.

જોગણ: અણુઝંખવી રહેજો એ આંખડલી.
સૃષ્ટિમાં સહસહૂના ભેદ
ચિરસ્થાયી છે ને સકલસંચારીઃ
જાગતું જગત જુવે છે એ.

એક વેળા ક્ષીરસાગરને તીર
દેવદનુજનો સમૈયો મળ્યો.
કચ્છપ ભગવાનની બેસણી ઢાળી,
મન્દરાચળનો રવૈયો માંડયો,
એવી મહાસામગ્રીએ મન્થન આદર્યું,
ત્ય્હારે પામ્યા અમૃત ને હલાહલ.
વર્ષોની વાદળછાયાઓ પછી વીતી ગઇ.
જમાનાજીને તીર વૃન્દાવનના ગોપગ્રામે
કૃષ્ણગોપીએ ગોરસ મન્થ્યાં,
ને નિરન્તર ઉતાર્યાં નવનીત.
પાંખડી! મન્થનની એ જુગલજોડલી.
કીયું મન્થન ત્હને ગમશે?

પાંખડી: ગોરસનું સ્તો, માજી!
અમૃત તો મિઠ્ઠું લાગે,
પણ ઝેરની કટોરી પીવા
નિત્ય નિત્ય શિવજી ક્ય્હાંથી સાંપડે!

જોગણ: અમ્મર રહો, મ્હારી માતા!
સ્મશાને સ્મશાને કંઇ શિવ નથી
કે ઝેર પોતે પી જગતને જીવાડે.
માયાની મોહિનીની ભૂરકીથી
આંખને અંજાવા દેતી મા.
પૃથ્વીનાં અંજનનાં પડળો
તો પડદા છે સત્યદર્શનની આડેના.
સંસારવિશાળ ક્ષીરસાગરે

દેવોએ દોરી ખેંચી વિષ તારવ્યાં:
હૈયા જેવડી ન્હાનકડી ગોળીમાં
ગોપગોપીએ જીવનદૂધ મન્થ્યાં
ને પામ્યાં પરમ નવનીત.
કુટુંબની કુંજ સમોવડો
સંસાર હજી શોભતો કાં નથી?
કુમારાં સંસાર સુધારે છે,
દંપતીએ સંસારસુધારણા આદરી નથી હજી.
એકલે હાથે પુરુષો મથશે,
અમૃતનાં ઝેર કરશે અમસ્તાં.
સુન્દરીના સુન્દર ભાવ પ્રેરશે,
ત્ય્હારે જીવનમાં કવિતા જાગશે.
અધૂરાં છે એક સંસારતત્વનાં અવલમ્બન.
હૈયાહૈયાનાં ગોરસ લ્યો,
ગોપગોપી મન્થન માંડો,
સારૂ જનકુલ નવનીત પામશે.
'અન્ને સકલ સંસાર ઉભો છે,'
ને અન્નનું અમૃત છે નવનીત.

કાન્તિ: પણ ઘેરઘેર કૃષ્ણગોપી કય્હાં?

પાંખડી: ને એક કૃષ્ણને અનેક ગોપીઓ—

જોગણ: પુષ્પમાંથી સુવાસ લ્યો;
સારૂં સૌ સંઘરો.
કૃષ્ણગોપીની અતીન્દ્રિયો બાળી-પ્રજાળી
સ્નેહયુગલ સીતારામ સરજો,

દ્વાપરનાં દૂષણ જ્વાલાને પ્રાયશ્ચિત સંશોધી
ત્રેતાની પુણ્યલીલા પ્રગટાવો.
વ્રજ ધોઇ ધોઇ પંચવટી પમરાવો,
ને કુલકુલમાં માંડો સીતારામનાં સિંહાસન.
દંપતી સંગાથે યજ્ઞ આદરો,
જીવનયજ્ઞનાં કે સંસારયજ્ઞના હવિ
તો જ દેવો સત્કારશે.
દેહ હૈયાં કુલ દેશ જગત
સૂજવાં શણુગારવાં સોહવવાં
એ છે મનોરમાની મનોરમ રમણા.
જ્ઞાનચાવીએ વિજ્ઞાન ગહનતા ખોલે છે,
પ્રકૃતિના ભેદની આભગુફાઓ ઉઘાડે છે.
આવતી કાલનો યુગ છે
સૌન્દર્યનો, ભવ્યતાનો, અદ્‌ભુતતાનો.
સંસારસોહામણો સુન્દર થશે,
કે આભસોહામણો અદ્‌ભુત થશે,
એટલો પુરુષ રહેશે યુગઅધિષ્ઠાતા.
નહિ તો સુન્દરી જ છે
આવતા યુગની યુગદેવતા.
સત્કારજો, વિશ્વનાં વારસ!
કાલે સૌન્દર્યનો યુગ ઉગે છે.
—સાગરસ્નાને આવો છો કે કોઇ?

પાંખડીઃ ના, માજી! ફૂલ આપી નથી રહી હજી.
અડતાં તો આભલાં જેવાં છો,

શીળાં કુમળાં ને જળભર્યાં;
ને ચિંતા શી આ કફની ક્ય્હાંથી?

જોગણ: કફનીની યે કથા કહીશ.
આટલું તો વહેંચજે ઘેરઘેર
ત્હારાં ફૂલડાંની ફોરમ સંગાથે.
(પાંખડી ગાતી ગાતી જાય છે.)
હલકે હાથે તે નાથ! મહિડાં વ્હલોવજો,
મહિડાંની રીત ન્હોય આવી રે લોલ.

કાન્તિ: આભનો જે આધાર, માજી!
એ દીકરીઓનો આધાર.
પ્રારબ્ધને પૂછું છું પ્રશ્ન,
પ્રારબ્ધ ઉત્તર નથી આપતું.
અભેદ્ય દુર્ગ શી વજ્રદીવાલો
ચોમેર ઉભેલી પેખું છું,
ને દૃષ્ટિને રૂંધે છે દુનિયાના દુર્ગ.
મ્હારા એકદંડિયા મ્હેલ ફરતું
પાથર્યું છે નર્યું નીર નીર ને નીર.
એ સાગરનો આરો ક્ય્હાં હશે?

જોગણ: વત્સે નીરમાં નારાયણ છે;
નિરખ, તો અણઉકલતું યે ઉકલશે.
ત્હારા આયુષ્યોત્સવની વરષો ઉગી.
હૈયું ત્હારૂં કૌમારની કળી હતું.
પાંખડીઓ ઉઘડું ઉઘડું થાય છે,
નવવસન્તના અનિલ અડકયે

'ખીલું, હસું ને ફોરૂં' કહે છે.
સંસાર એટલે દંપતિના રસરાસઃ
કુમારિકા વસુન્ધરાના છૂપલા વસૂઓની
પરિમલવાડી વિસ્તારી પાથરવી.
શોધ ત્હારા સંસારિયાનો સ્વામી,
ને સમર્પ એહને સમસ્ત જીવન.
જીવનચોકનો એક ચન્દ્ર ઉગ્યે
સંસારની પૂર્ણિમા પ્રગટશે ત્હારી;
બ્રહ્મમુહૂર્તમાં બ્રહ્મબોલ બોલ્યે
દિનભર ત્હેના પડઘા સંભળાશે.
જગતશોભને! ત્હારાં લગ્ન થશે
તે તિથિએ તોરણ બન્ધાશે ત્રિલોકને.
સુન્દરીસંઘનાં પ્રગટશે સૌન્દર્ય ને સદ્‌ભાગ્ય,
ને મંડાશે પરમ રસયજ્ઞ.
પણ ધીરી, વત્સે! ધીરીઃ
તાર ત્હારી પિનાક શી મ્હડી ભ્રુકુટિ.
રૂપ દીધું તે રસ દેશે,
ને રસ આપ્યો તે રસિયો આપશે.
સૌભાગ્યને જ વરે છે સુન્દરતા.
આહ્નિકવેળા થઇ ગઇ; જાઉં છું.

કાન્તિ: પધારો, માજી! આદેશ.

જોગણ: કલ્યાણ, દીકરી! સદા સોનું ય તે.
(જોગણ સાગરસ્નાને જાય છે. જતાં જતાં જનાન્તિક)
અહાહા! રસિકતા ને સુન્દરતા!

સંસારની સૂર્યકાન્તિ ને ચન્દ્રપ્રભા !
આત્માને અજવાળતી જ્યોતિઓ !
ક્ય્હારે થશે જગતને રણવગડે
તમ પાવનકારી દેવદર્શન ?
પુણ્યલોકનાં પુષ્પની એ પાંખડીઓ
માનવી ક્ય્હારે માંડશે મુગટમાં ?
રસ ને સુન્દરતામાં પ્રભુતા પ્રગટાવવી
એ જ ધર્મકર્મ કરે
કો રસયોગીન્દ્ર તો ?

કાન્તિઃ પ્રેમની લાગી છે મ્હને ભૂખ.
રોમરોમનાં કિરણોમાં મ્હારાં
લોકલોકની જ્યોત ઝળહળે છેઃ
જાણે કો નવસૃષ્ટિઓ પ્રગટશે.
પણ મુજ પ્રકૃતિનો પુરુષોત્તમ ક્ય્હાં ?
ગોપગોપિકાઓનાં વ્હલોણું,
ને હૈયાંહૈયાંનાં રસગોરસ !
દોરી ખેંચવા દેવ મળશે કે દાનવ ?
એકલી પાંખે ન જ ઉડાય ?
એક પગે યાત્રા નહિ થાય.
આંખડલી સન્મુખ આવશે
અલબેલી એ હૈયામાંની રસમૂર્તિ ?
કાલે આપવાનો છે ઉત્તર મ્હારે.
'સીતારામનાં સિંહાસન માંડો !'
ઉત્તર, ઓ આત્મન્ મ્હારા !

દંડકારણ્યની દારુણ ગુફાઓમાં.
પણ ચેતજે ઓ ચતુરા!
રખે કો રાવણ હરી ન જાય.

(વદનમંડળે ઉગતા સૂર્યનું તામ્રવર્ણું ઉગ્ર તેજ પડે છે.)

આવ, ઓ વીરી નીન્દલડી!
મ્હને ત્હારે ખોળે ઉંઘાડ.
મ્હારે નથી જાગવું.

(પ્રાણાંતભીષણ ભયંકરતા વદને પ્રગટી નીકળે છે.)

ઝંપલાવ જીવ! જગતની ઝાડીઓમાં.

[આત્મહત્યા કરનારીની પ્રચંડજ્વાળ મુખરેખાવન્તી કાન્તિકુમારી ઝરૂખેથી ઉતરે છે.]

પ્રવેશ ૫ મો

સ્થલકાલ: સુન્દર બાગનાં પુષ્પોમાં ચન્દ્રિકાનાં તેજ ને અન્ધાર

(સુન્દર બાગમાં બેસતી વસન્તનાં પુષ્પો પ્રફુલ્લ્યાં છે. ઉંડાં ઘેરાં હલેતાં પગલે ને આનન્દની આંખડીએ પાંખડી મહીં ગાતી રમતી નિરખતી આવે છે.)

પાંખડી: ફૂલ વીણી વીણી ગૂંથ્યો મ્હેં તો હાર રે,
હું તો વેચવાને નીસરી;
ફૂલડે વધાવે, આવો ન્હાનકડી નાર:
કોઇ લેશો કે ?
મૂલવશો કે ?
ફૂલ વીણી વીણી વિ.
પુણ્યરંગી મોગરા ને પાપરંગી ડમરા;
પ્રેમમાં પરોવી મ્હેં તો આંસૂડાંની ધાર:
કોઇ લેશો કે ?
મૂલવશો કે ?
ફૂલ વીણી વીણી વિ.
પારકું ગાયું: હું વ્રતભંગ થઇ આજ.
(ઝબકીને જાગ્યા જેવી)
કરડયો, કરડયો મ્હને યે,
કરડયો એ કાળો ભમરો.

(હાથે કાંઇ કરડયું હોય એમ છાબ ઉશેટી દે છે, ફૂલ વેરાય છે. ને ઉપર ભમરા ગુંજે છે.)

ખરે ! હું વ્રતભંગ થઇ.
આજ મ્હારાથી વાડીનાં ફૂલડાં
ન વીણાય કે ન વ્હેંચાય.
ને કાન્તિદેવીને શણગાર્યાં પછી
હવે શણગારવાનાં ય તે કોને ?
—હું ત્હને અશ્રદ્ધાની આંખે જોતી,
કાળી પાંખોના મધુકર !
મ્હારા કાનમાં તું ગુંજતો,
મ્હારી વેણી ઉપર ભમતો,
મ્હારી ફૂલછાબમાં કદી ત્હને
પાય માંડવા દીધો નથી.
મનમાં મલકાતો મા,
જોજે ત્હારી વ્હલે કરૂં તે.
પાંખડીઓમાં પૂરીને શીવી જ લઇશ.
(ઢોળાયેલાં ફૂલ વીણી છાબમાં સાંભરવા માંડે છે.)
મ્હેં યે ઉછીતું લીધું આજ.
પરાયું લઇ ગાયું, ને ભુલી.
પારકું ગીત શાને ગાયું ?
એ તો અવનીનું અન્ધારૂં છે.
દુનિયામાંના દેવના દીવાિંડયા તો
મ્હારા નવરંગ પ્રફુલ્લેલાં પુષ્પો.

(જાણે અદ્‌ભુતનાં દર્શન કીધાં હોય ને આભમાં એ શોધતો હોય એવો ગગનદૃષ્ટિએ ઇન્દુકુમાર આવે છે.)

ઇન્દુ : ઉદાર ને ચિરસ્મરણીય સન્ધ્યા!
ત્હારો ગુણઓશિંગણુ કેટકેટલો થાઉં?
પ્રભાવર્ણો દિવસ નહિ,
દુનિયામાં રાત્રી જ અદ્ભુત છે?
જગતને આચ્છાદે છે ત્હારો મણિપાલવ.
ત્હારા નિગૂઢ ભેદ ખોલી ત્હેં
અક્ષય ભૂમિની અટારીઓ ઉઘાડી:
ભાગ્યદેવીનાં દર્શન કરાવ્યાં.
યુગની જાણે યુગઅધિષ્ઠાત્રી!
સન્ધ્યાની સન્ધિકાની જાણે મહાદેવી!
મ્હેં નિરખીઃ એ નિરખતી હશે?
શી એની ભવ્ય સુન્દરતા!
શીર્ષે સૂર્યરેખાઓ શાં
લટલટમાં ચંપાનાં ફૂલ,
ને ફૂલડે ફૂલડે ફૂમતું;
ને હૈયે હૈયાવર્ણી
જાઇજાઇની ધવલવેલ ચોળી,
ઉપર ગુલાબના મલકટઃ
નવપલ્લવની ફરતી ઝૂલ:
કરપદની કમલિની ઉપર
જલશુદ્ધ કમલદલનાં કંકણોઃ
ને સહુ ઉપર ફૂલમંડળી સમો
દેવબાતીગર ફૂલચોરસોઃ
દેહદેવને વીંધી ઝૂલતો

પવિત્રા દ્વાદશીનો જાણે
ઝૂલતો ફૂલહિન્ડોલ.
પણ અજબ એ નયનોની નયનલીલા!
આત્મન્ ન્યોછાવર છે
ત્હારી આંખલડીના મોર ઉપર.
કિયો જાદુગર ઉતારશે એનાં જાદુ?
એ નયન! જાણે તેજનાં કુંડ:
એ નયન! જાણે ગહનતાનાં સરોવર:
એ નયન! જાણે અદ્‌ભુતવર્ણી
ઇન્દ્રધનુષ્યનાં જળવમળો.
કીકીઓ તો જાણે તરવરતાં માંછલાં!
ઓ રમતિયાળ મચ્છવેધિની!
ત્હારો મચ્છ વીંધાયો,
તું સ્વયંવર જીતી ગઇ.
(અન્ધકારગુફા સમા આકાશમાંથી એક તારો ખરે છે.)
પ્રારબ્ધ શી પ્રસન્નનેત્રી સન્ધિકા!
સદાસર્વદા પ્રસન્ન રહેજે,
ત્હારા અણુઅણુ કિરણ વરસી વરસી
અજવાળજે પ્રિયના પ્રેમધામને.
(કુંજમાં કોયલ ટહુકે છે, ટહુકામાં પાંખડી ગીતટહુકા પૂરે છે.)
પાંખડીઃ વેગળી વસન્તના મોંઘા આલાપ.
મોંઘા આલાપ, લોલ ઉરના વિલાપ;
વેગળી વસન્તના મોંઘા આલાપ.
સરિતાની કુંજ મંજુ ટહુકાની રેલમાં

ઝૂકી, ઝુકયાં કો ચતુરાનાં ચાપ:
    વેગળી વસન્તના મોંઘા આલાપ.
ધીમી ધીમી મ્હારી કોકીલા રડે છે;
માનવી સુણો છે કેલિના કલાપઃ
    વેગળી વસન્તના મોંઘા આલાપ.

સંસારના આંબાવાડિયાની કોયલડી !
કોયલ ! તું રડ છ કે ગા છ ?
(ફરીથી ટહુકી કોયલ અગમ્ય ઉત્તર વાળે છે.)
ઈન્દુ : અહો ટહુકાર ! માત્ર ટહુકાર !
જીવન એટલે જ શું ટહુકાર ?
દર્શન નહિ, માત્ર શ્રવણ ?
દેવકોકિલાના સમો ટહુકાર !
અદૃશ્ય આત્માનો જાણે ટહુકાર !
વિશ્વકુંજ ભરી ગાજતો ટહુકાર.
ને જગતકુંજે ગાય છે એ કોણ ?
વસન્તસખી પાંખડી ?
કે કવિતા ? કે સુન્દરતા ?
કે અન્ધારી રાત્રીને માંડવડે
એકાકિની પ્રતિભા ગાય છે
ને નિજને સાંભળે છે ?
અથવા વિધાત્રી ઉતરે છે
છાબ ભરી છઠ્ઠીના લેખ આલેખવાને ?
અન્ધારિયામાં, ભવિષ્યરાણી !
અન્ધારને અક્ષર મા આલેખતી.

પાંખડી: (પાસે આવી) વેરાઇ ગયાં છે :
ભાઇ ફૂલ વીણી આપશો ?
ઇન્દુ: આ તો ફૂલડાંની ફૂલબાળા !
શું કર છ—અંહી—અત્યહારે ?
પાંખડી: સન્ધ્યાની સન્ધિકામાં
ફૂલડાંનાં રંગો નિરખું છું.
ઇન્દુ: દેવના આશ્રમની આ તો બાલા.
ત્હારી પરબનાં પરિમલ પા છ ?
સહસ્રજીહ્વાએ જગત ભાખે છે
દુનિયામાં દેવ નથી પધારતા.
દેવ ભલે દુર્લભ હોય,
દેવીઓ દુર્લભ નથી દુનિયામાં.
પાંખડી: 'દુનિયામાં દેવ દુર્લભ!'—
તો દેવીઓને ઓળખશે કોણ?
ને પરણશે કોણ?
દેવીઓ અસુરને તો નહિ વરે ને ?
ઇન્દુ: તો બ્રહ્મચારિણીઓ રહેશે,
સરસ્વતી સરિખડી:
—સંસાર અભડાવશે નહિ તો.
પણ આટલી મોડી કાં આજ ?
ને હાથે શું થયું આ ?
પાંખડી: કાન્તિ બ્હેનને આજ શણગાર્યાં'તાં.—
ઇન્દુ: હા, જગતના શણગારને જગતે શણગારી'તી
કુદરતની કમીના માનવીએ પૂરી!

મનુજની ધૃષ્ટતા યે ક્ય્હાં જઇ અટકશે?
પાંખડી: ને હાથે તો છે ભમરાનાં ડંખ.
કાન્તિ બ્હેન કહેતાં'તાં કે
'સારસ પાળિયે, પોપટ પાળિયે,
કામણગારા કાળુડા ભમરાને
ફૂલછાબ બોટવા ન દઇએ.'
ફૂલ ફરતો હું ચંપો વેરતી.
ચંપાની કોર પૂરાતી નથી હમણાં,
વાડ ભાગી ને ભાગી રહે છે.
ત્હમારો ફૂલરૂમાલે ગૂંથાતો નથી પૂરો.
કુદરત કંજૂસ થઇ છે.
આછાં ઉતરે છે આજકાલ
કાન્તિ બ્હેનનાં ચંપાનાં વન;
એટલે ભમરો ડંખ્યો.
હેં! કાળાં એટલાં કૂડાં હશે?
ઇન્દુ: કોયલે કાળી છે, વનકોકિલે!
ને કૃષ્ણ ભગવાને કાળા હતા.
પાંખડી: ભગવાનની તો અકળ લીલા,
ન કળાય અમ બાળકડાંથી.
પણ પૂછું? હેં! પૂછું એક?
કોયલ ગાય છે, કે રડે છે?
ઇન્દુ: (બાળકના સરળ પ્રશ્નથી ચમકીને—જાણે નવાં આભ ઉઘડયાં હોય એમ ઉંચે નિરખતો)
વસન્તની કોકિલાનાં રુદન!

(ક્ષણેક ચિન્તનશિલાએ થંભીને)
હા ! કોણ અર્થ કથશે
એ અમાનુષ મન્ત્રમધુરપના ?

પાંખડી: અમૃતપુરની કુંજકુંજમાં
હું એકલી ભમતી,
ને આંખડી યે ન ફરકતી.
વચમાં કફનીથી કંપતી.
હમણાં અશ્રુથી અમુંઝાઉં છું.
કાન્તિ બ્હેને નીર સારતાં'તાં;
શણગારથી સજાઇને નીર સારતાં'તાં.
એમને રડતાં જોઇ હું યે રડી.
વસન્તમાં લોક રડતાં કેમ હશે ?
હમણાં જગત રડતું ભાસે છે.
કાન્તિ બ્હેન કેમ રડતાં'તાં ?

(આભમાંથી અદૃશ્ય વજ્રપાત થાય ને આત્માને મૂર્છા આવે, એવું ઇન્દુકુમારને થાય છેઃ પ્રફુલ્લેલાં કમળ સમી વિકાસેલી આંખે શિખર સમો સ્તબ્ધ અન્તરિક્ષ નિહાળતો ઇન્દુકુમાર અનુત્તર ઉભે છે.)

ત્હમને ય ભમરી ડંખી કે શું ?

(ઘટાઓના પડદા પાછળથી ધીરી વાયુલહરી સમી ગીતધારા આવે છે.)

હું તો ગઇ'તી કદંબના ઝાડે કદંબનાં ફૂલ લેવા.

ઇન્દુ: એ કોનો વળી ટહુકાર ?

પાંખડી: એ તો વિલાસ આવી.
નવા જમાનાના નવા રોગ.

ઇશ્પિતાલો માંડો એમની.

વિલાસ: હું તો ગઇ'તી કદંબના ઝાડે કદંબનાં ફૂલ લેવા;
હું શું જાણું કો આવે પછવાડે કંદબનાં ફૂલ લેવા?

(એક ધાવણા બાલકને ચુંબન કરતી અન્ધારાને ઓછાયે ઓછાયે ચાલતી સુન્દરી આવે છે. દર્પણમાં ચીર પડી હોય ત્હેવા ત્હેની રૂપકલામાં ચીરા પડેલા છે.)

ઇન્દુ: શેની ટેલ નાંખ છ? બાઇ!

વિલાસ: મ્હારા નશીબની.

પાંખડી: રાતના અન્ધારાં ઉતરે છે
ત્ય્હારે રોજ ટેલ નાંખે છે.

ઇન્દુ: ત્હારૂં નામ? જગત્દુહીતા?

વિલાસ: લોક મ્હને કૌવચ કહે છે.
મ્હારા કાંટા બીજાને ન વાગે
ત્હેની ટેલ નાંખું છું જગતમાં.

પાંખડી: કુમારી છે બિચારી.
વિલાસ! કંઇક કહે ત્હારી કથા.
પુરમાં પરદેશી જેવા છે.

વિલાસ: વિલાસ નહિ, કૌવચ.
મ્હારી કથા એટલે ગીતનાં બે ચરણો.
હું તો વગડાની વાટે ચાલી કદંબનાં ફૂલ લેવા;
એહ આવ્યા જાણે વનેવનમાળી કદંબનાં ફૂલ લેવા.

ઇન્દુ: તેથી કુમારિકાને આ બાળક?

વિલાસ: કુન્તાજીને કર્ણ હતો ને?

ઇન્દુ: નવયુગનાં કુન્તાજી પધાર્યાં!

ને આ આપનો કર્ણ ?

વિલાસ: મ્હેં તો મુખડે એને ઝાંખ્યું કદંબનાં ફૂલ લેવા;
એણે નેણુલેથી નેણુબાણુ નાંખ્યું કદંબનાં ફૂલ લેવા.

ઇન્દુ: અમૃતપુરમાં તો આણ હતી ને કે
અઢાર પછી કુમારિકા ન હોય કોઇ ?
શિવાય કે આજીવન બ્રહ્મચારિણી ?

વિલાસ: ગયા જમાનાના મુચકુન્દ લાગો છો.
આ તો નવો યુગ બેઠો.
મ્હેં તો લીધો એ કુંજનો કેડો કદંબનાં ફૂલ લેવા;
એણે ઝાલ્યો મ્હારો પાલવછેડો કદંબનાં ફૂલ લેવા.
પહેલું તો ગર્ભપાતમાં ગયું.
આ તો મ્હારૂં બીજું બાલકડું.

(ફૂલગુલાબી બાળકને કોટી કરે છે.)

ઇન્દુ: સંસારે આ ઉગ્યાં સ્હવાર ?
अष्टवर्षे भवेद् गौरी ખોટું હતું.
બે બાલકની માતા કુમારિકા,
એ જગતજુઠાણું સાચ્ચું છે ?

પાંખડી: કળજુગ છે ને આજ.

ઇન્દુ: કલિયુગની કુન્તાજીઓ !
બાળલગ્નના બળબળતા ચૂલામાંથી સંસાર
પ્રૌઢલગ્નના ભડભડતા હોલામાં પડે છે.

પાંખડી: ત્હારે લગ્નની ઋતુ કઇ ?

ઇન્દુ: આયુષ્યની બેસતી વસન્ત.
હૈયાકુંજે કોયલ બોલે તે લગ્નઋતુ.

વિલાસ : હું તો ગઇ'તી ધરાને ઢાળે કદંબનાં ફૂલ લેવા;
એહુ આવ્યા મ્હારી દેહની ડાળે કદંબનાં ફૂલ લેવા.
(ટેક નાંખતી અન્ધારે અન્ધારે ફરે છે.)

ઇન્દુ : બુદ્ધે કીધું, ખ્રીસ્તે કીધું;
એવું કરૂં રસવિશ્વે કે
સંસાર સૌભાગ્યવતીઓનો જ વસે.

પાંખડી : બુદ્ધે દુઃખ ધોયાં'તાં જગતનાં?
ને ખ્રીસ્તે પાપ ધોયાં'તાં ને?
દુઃખ ને પાપ ધોવાયાં દુનિયાનાં?

ઇન્દુ : પાપ ન ભાગે તો પરાજયે જય છે.
પાપ ને દુઃખના પાંડિત્ય
આનન્દનન્દિનીઓ કાજે નથી.
પાંખડી! તું તો પરિમલ ઉડાવ.
ફૂલની પરબે પાણી પા,
વસન્ત વીણી વીણી ઓરડે આણ.
(આઘેથી ટેકનો ટહુકો ગાજતો આવે છે.)
હું તો ગઇ'તી કદંબની ડાળે કદંબનાં ફૂલ લેવા.

ઇન્દુ : (દિશાઓના દુર્ગો ઉપર અગ્નિઅંગારા શાં નયનબાણ
વર્ષાવતો વર્ષાવતો)
દિશાઓના ઉકરડા સળગાવી દઉં?
સંસારની સુરંગોમાં પલીતા ચાંપુ?—
(ખમચે છે, વન વચ્ચે વડલો પડે એમ એનો આત્મન્ જાણે પડે છે.)
સળગાવીશ તો છાંટીશ શાથી?
ઇન્દુ! જગતના કલ્યાણવાંછું? પ્હેલ્લાં તો

નિજના આત્મામાં અમૃતના મેઘ ઉગાડ.

(વજ્રકાયી મહાશાખા સમો ખિન્નમુદ્રાળો ઉભે છે. આઘેથી વિલાસનો ગીતટહુકાર ગાજે છે.)

વિલાસ : હું તો ગઈ'તી ધરાને ઢાળે કદંબનાં ફૂલ લેવા;
એહ આવ્યા મ્હારી દેહની ડાળે કદંબનાં ફૂલ લેવા.

(વીજળીનાં કિરણ વાગ્યે સંજીવન પામેલા શો ઇન્દુકુમાર સચેત થાય છે. હૈયે ને લલાટે તિલક કરે છે, દિશાઓને વન્દે છે, અંજલિ કરી મુખડે માંડી આભને પીએ છે.)

ઇન્દુ : સંસારને સુધારવો
એટલે હિમાદ્રિને ઉથલાવવા.
ને આ તો સુધારાને સુધારવાનો!
પણ એ સાહસે આદરીશ.
આભ! તું સાક્ષી છે આત્મનૂનો.
(મન્દિરશિખર શો કૃતનિશ્ચય ઉભે છે.)

પ્રવેશ ૬ ઠ્ઠો

સ્થલકાલ: પ્રમદાની અગાસીએ અન્ધારી ચૌદશનો ચન્દ્રમા
(અગાસીની પાળે ઉભી ઉભી દિશાઓના અન્ધકારને શોધે છે.)

કાન્તિ: હું તો ઉભી'તી આભલાંને આરે
વસન્તની વાટ જોતી;
સજી આત્મા ને દેહ શણુગારે
વસન્તની વાટ જોતી.
હું તો તારલે તારલે જોતી'તી,
વસન્તની વાટ જોતી.
હું તો દક્ષિણુપન્થ શોધતી'તી,
વસન્તની વાટ જોતી.
ત્ય્હાં તો સૂરજ ચાલ્યા આઘેરા,
વસન્તની વાટ જોતી;
મ્હેં તો માન્યા દિનનાથને નમેરા,
વસન્તની વાટ જોતી.
હૈયાસૂની ને એકલી અટૂલી,
વસન્તની વાટ જોતી;
હું તો વસન્ત માસને ય ભૂલી,
વસન્તની વાટ જોતી.

(પ્રભાતનાં આછાં આભરણુ સજેલી પ્રમદા સુન્દરી આવે છે.)

મ્હને સખિઓ ભૂલકણી કહે છે,
    વસન્તની વાટ જોતી;
તાળી લેઇ-દેઇને સૌ હસે છે,
    વસન્તની વાટ જોતી.
હું તો ઉભી'તી આભલાંને આરે
    વસન્તની વાટ જોતી;
કંઇક ભૂલી સલૂણા સંસારે,
    વસન્તની વાટ જોતી.

પ્રમદા : (કને આવી, લતા જેમ મંજરીને કોટી કરે તેમ કોટી કરીને)
સંસાર એટલે જ મહાભૂલભૂલામણી.
લોક ભૂલકણું જ છે, કાન્તિબ્હેન!
આભલાને આરે ઉભાં
પૃથ્વીને ભૂલ્યાં—
આજ કાંઇ અત્યહારના પ્હોરમાં!

કાન્તિ : ઓખાને સ્વપ્નાંમાંથી નથી જગાડયાંને?
ત્હારી અગાસી છે કુંજની પરવાડે
ને તાડથી ઉંચેરડી.
અમારો છે આજનો સન્કેત
અન્ધારી ચૌદશનો ચન્દ્રમા જોવાનો.
જગતમાં થોડાંકે જોયો છે.
હમણાં આવશે પ્રભાતનાં ઝુલણુંલો
ને બોલાવશે.

પ્રમદા : હા, આજે છે મહાશિવરાત્રી;
પધારો, આનન્દો ને આનન્દાવો.

સહુનાં નથી હોતાં
બુલબુલબોલે જાગવાનાં સૌભાગ્ય.
પણ આનન્દજો, અમૂંઝાશો મા.
આ અગાસી છે જગત માણવાને.

કાન્તિ: ત્હારે જીંદગી એટલે માણવું ને મઝા.
કલ્યાણ નહિ, સુખ;
પુણ્ય નહિ, ધર્મ નહિ,
પણ વિલાસ ને વિહાર.

પ્રમદા: જીંદગી એટલે કાલ નહિ, આજ.
જીંદગી એટલે લ્હેર ને લીઝ્ઝત.
સન્ધ્યાને નહિ, અમે સ્હવારને પૂજિયે.

કાન્તિ: હા, ત્હમારે ઉગતા સૂરજને પૂજવો છે,
ત્હમારે ત્રિકાલને ઓળખવા નથી.
નવા જમાનાના ત્હમે Epicureans.
ભાભી! લોકલોકે કહ્યો સંસાર,
યુગયુગના વિલાસપૂજારીઓ
એ સંસારને કરે છે અસાર.
તારાને વીણવા જાઓ છો
ને અન્ધારામાં ન્હાઓ છો.
ભાભી! કહું? નહિ સાંભળે તું.
વિલાસીઓ જગતને ઝંખવતા ન હોત
તો જગત આજ સૂરજસોહામણું હોત.
આજ તો અન્ધકારજલમાં
તારાઓ તરે છે,

ને અન્ધકારને ભાખે છે અજવાળાં.
ભાભી! ગાઉં મારી આતમગાથા?
બ્રહ્માંડ એટલે બ્રહ્મ બૂડવાનો મહાધરો.

નમે આભમાં અન્ધાર, રમે વીજના ચમકાર;
જળની ઝડીઓ પડે પૂરમાં, હો બ્હેન!
દમે હૈયાના ભાર, ઝમે નયણુંની ધાર,
વ્હાલાની વાત જાગે ઉરમાં, હો બ્હેન!

ચ્હડી અટારી આંખને જૂવે જીવ એ પન્થ;
ઢળે તિમિરનાં ઝાપટાં,
મંહી ઘેરાણા કોડીલા કન્થ, હો બ્હેન!
જળની ઝડીઓ પડે પૂરમાં; હો બ્હેન!
ફાળાં કાજળનાં વાદળાં, હો બ્હેન!
કાળો–કાળો વરસાદ,
મહાજગત ભીંજે એ કાજળજળે, હો બ્હેન!

યુગયુગ કેરી વાત, પ્રલય તણું પાણી પડે;
મહીં ડૂબ્યાં દિવસ ને રાત,
એક આંગણુ ઉભો મેહુલો.

એવા વરસે અન્ધાર, ઝીણી વીજના ચમકાર,
જળની ઝડીઓ પડે પૂરમાં, હો બ્હેન!
દમે હૈયાના ભાર, ઝમે નયણુંની ધાર,
વ્હાલાની વાત જાગે ઉરમાં, હો બ્હેન!

અન્ધારી રજની ને આંસુનાં પૂર,
ઉંડું આકાશ અને આછેરાં ઉર;

કહે, સખી! કેમ કરી ઉતરૂં?
　　વ્હાલાજી શઠ વીસરેલ;
સાંધ્યું સૂકાને ભાગી પડયું,
　　હોડી ઉભી જળરેલ;
　　મ્હારી હોડી ઉભી જળરેલ.

પ્રમદા: અમાવાસ્યાએ તારામંડળ ઓર તગતગે.
વ્યોમસાગરનો પડછાયો એ માનવસંસાર.
તારલા જેવા મંહી જીવો તરવરે.

કાન્તિ: તરે ય તે ને ડૂબે ય તે.

પ્રમદા: ને સંસારનાં સમુદ્રફૂલ?
બાલુડાં તો દેવ છે ને ત્હમારે?
કૌમારને આંબે નથી ઉગતા એ, હો!

કાન્તિ: વેલ પ્રફુલ્લે ને માતા મ્હોરે.
દેવદડા જેવાં બાળકડાં તો
સંસારની શેરીએ રમતાં પુણ્યફૂલડાં.

પ્રમદા: ત્હારે ચૈત્રી પડવો ક્ય્હાં આઘે છે?
મ્હોરાવો ત્હમારો યે માંડવડો
ને અવતારો અવનીમાં એ દેવફૂલડાં.

કાન્તિ: તે પહેલાં નહિ પ્રગટે ફાગણુની ઝાળ?
ને જગત બળી ભસ્મ નહિ થાય મહીં?
અમસ્તી પજવ મા, ભાભી!
વેચજે સંસારના બજારમાં,
ને પૂરજે કોયલને કનકપાંજરે.
પણુ લગ્નવિધિ તે લગ્ન નથી બધાં.
ધનના ઢગ પૂજવાના, કે પતિને?

માથે મુગટ માંડવાના કે હૈયે ?
દીકરી એટલે અપરાધણુ જાણે.
અવની ભરતાં માનવમન્દિરોમાં
મણુમણુનાં પરણુવાં
ને મણુમણુના સંસાર સૃજવા.
લક્ષ્મીલાધ્યો પશુ કે પદવીલાધ્યો પાપી
એવા સંગે વિહારખેલ ખેલવા
ને ધન કે ધામને દેહ વેચવા
એ તે લગ્ન કે વ્યભિચાર ?
પૃથ્વીને ખંડે ખંડે, ભાભી !
સ્વયંવર એટલે પૌરાણિક ગપ,
સ્નેહ તે કવિતાનું સ્વપ્નું,
ધર્મસહચાર તે મિથ્યાવાદ,
અને લગ્ન તે લૌકિક દન્તકથા.

(અંગઅંગમાંથી વીજળીઓ ઝબકતી યશદેવી આવે છે.)

યશ : મ્હારા રાજ દીઠા ક્‌હાંઇ ?

પ્રમદા : સેંથેથી સરક્યો કે શું હીરલો ?
કે કોઇ હરણુ કરી ગયું ?
મોંઘા તે સહુને ય મોંઘા.

કાન્ત : યશ નિત્યે શોધે રાજને.
ને રાજ સદા શોધે યશને.
સંસારની કુંજગલીઓમાં
ભૂલાં પડે, ને જડે યે એટએટલાં.
યશ ! હમણું પધારશે પ્રીતમદેવ.

યશા: સંગાથે નીકળ્યાં'તાં રૂમઝુમતાં.
એ સાગરે ગયા તપશ્ચર્યાનાં દર્શને;
મ્હને કહે ફૂલડાંમાં ઉભજે.
કુંજને કાંઠડે વાટ જોઇને થાકી,
ફૂલ ઉગ્યાં ત્હો ય એ ન ઉગ્યા.
હમણાં આવશે કિરણને પગલે.
આજ તો સન્કેત છે ને
અન્ધારી ચૌદશનો ચન્દ્રમા જોવાનો.
કાન્તિ બ્હેનની આંખડીઓમાં
આવી વસશે એ ચન્દ્રચાપ,
ને જીતશે પછી જગતને.

કાન્તિ: યશ બ્હેનને પાંખો પ્રગટી, ભાભી !
જાણે પારિજાતની પાંખડીઓ !
મનમધુરી ને વાયુઝીણેરી.
દેહવલ્લરીએથી પ્રેમના પરિમલ ફોરે છે.
કઇ કુંજે ઉગી એ વેલ ?

પ્રમદા: પૃથ્વીની પુણ્યકુંજો સૌ યે સરખી.
પૂર્વનાં લગ્ન સૌ પાપ નથી,
પશ્ચિમનાં લગ્ન સૌ પુણ્ય નથી.
યશને લાધ્યું તે સૌને લાધજો.

કાન્તિ: સાગરની સેરે સેરે મોતી નથી, ભાભી !
જે તે જળમાં ડૂબકી માર્યે
મોતીથી ખોબલો ન ભરાય.
ઉજમાળાં યશદેવી શાં સ્નેહશમણાં

સુન્દરીવૃન્દ સઘળો યે વાંછે;
પણ સેંથીમાં પૂરવાને ચન્દ્ર
કાંઇ માગ્યા નથી મળતા.
ક્હે તો ઉઘાડું, ભાભી!
મ્હારા હૈયાનાં બારણાં.

પ્રમદા: દેવી સમક્ષે હોમ માંડજો:
તેજનાં પ્રારબ્ધ ઘડશે.

કાન્તિ: યશદેવી! પ્રમદા ભાભી!
તો સાંભળો મ્હારી વસન્તવાર્તા.
અન્તરના યે અન્તરમાં મ્હારા
વસન્ત ખીલી ગઇ છે કાંઇક,
ઉંડામાં ઉંડું પોઢતા અભિલાષ
ઉરમાં તરવરે છે હવે.
બ્રહ્માના સહસ્રદલ કમલ સમી
આત્મવિભૂતિની પાંખડીઓને
આઘેના અનિલ આવી ફરકાવે છે!
આશા વાંછા વાસના,
ભવિષ્યઅવલંબતી ભાવનાઓ
વિજયધ્વજ રોપે છે હૈયાની અગાસીએ.
પરમ એકાન્તનાં ગીત
ઉભરાઈ–ઉભરાઇ જાય છે.
દિશાઓને બોલતી સાંભળું છું.
પ્રારબ્ધની પોથી ઉઘડે છે,
પણ અક્ષર નથી ઉકલતા.

વીજળી શાં ગેબનાં અજવાળાં
ઝબકે છે, ઝલાતાં નથી.
મેઘછાંયડીએ આનન્દસરોવર સમોવડું
હૈયું ઘેરૂં ઘેરૂં ડોલે છે.
અવનવી સેરો ફૂટે છે,
ને આત્માનાં જલ છલકાય છે.

પ્રમદા : બ્હેન! એ પરદેશના પવન.
કૌમાર કોળી રહ્યું,
હવે યૌવનનાં પ્રભાત પડયાં.
કુમારિકાની કિરણાવલિનું પ્રફુલ્લન
મહિયરને માંડવડે હવે પૂરૂં થયું.
વસન્ત વરસી, નવઅંકુર ઉઘડયાં.
ચૈતરે ચંપો મ્હોરશે,
ને મ્હોરશે મ્હારી યે આ ચંપકવર્ણી.

કાન્તિ : વળી વળીને વળામણાં, ભાભી!
દાદાજીને દરબારે હવે
દીકરી કાજે ઓરડા નથી, હેં!
પારકા મહેલની કબરો
પૂરશું ત્ય્હારે, પ્રમદા!
અજાણી સિરાઇએ સ્હોડ વાળીશું,
ને અણઓળખી દૂરે
દૂંફાઇશું કે હિજરાઇશું, બ્હેનાં!
કહો તો ભેખ લઉં, જોગણ થાઉં,
અહાલેક જગાવું અમૃતપુરમાં.

શા દોષે દેશવટા દ્યો છો
દીકરીઓને મહિયરિયેથી ?

પ્રમદા: મહિયરથી સાસરિયે એ દેશવટા ?
જગતના જનમથી એ તો વિધાતાએ
કુંવરીઓને કરમે લખ્યા છે.

કાન્તિ: મ્હારી માતાની સુખકુંજ,
મ્હારા બાળખેલનું લીલામન્દિર,
મ્હારો અલબેલો માંડવડો મૂકાવી
ક્ય્હાં-ક્ય્હાં મોકલશો મ્હને ?
શું પામવા પાઠવશો પરદેશ ?

પ્રમદા: મનના મ્હોરેલા મનોરથ.

કાન્તિ: કોની કોની ફળી, ભાભી !
આત્માની અણુમૂલી ઝંખનાઓ ?
બધે અનર્થ થયા અર્થના
કે લગ્ન એટલે કામપૂજા.
ડુંગરે ડુંગરે દવ લાગ્યો,
ને પ્રભુતા મટી પશુતા પ્રગટી.
પુરપુરમાં પુરોહિતોએ ભાખ્યું કે
પ્રેમ ને પ્રેમકથા એટલે
મુગ્ધાઓને ફોસલાવવાનાં ધતીંગ;
ને લગ્ન એટલે સંસારી જુઠ્ઠાણું.

(ઉતાવળે પગલે ભટ્ટરાજ આવે છે.)

રાજ: મ્હારાં દેવી—અહો ! એ વિરાજે.
ફૂલવાડીઓ સૂકાણી તમ વિના તો.
પ્રમદા સુન્દરી ! મદ ન પાતાં,
કાન્તિ કુમારી ! કૌમાર ન શીખવતાં;

નહિ તો ઢોળાઇ જશે
ભરી ભરી અમારી અમૃતકટોરી.

પ્રમદા: પધારો, રાજ! પધારો.
હયાની હરિણીને શોધવાને
હરણપગલે પધાર્યા લાગો છો.
શીખવો અમને ત્હમારાં વ્રત.
લગ્ન એટલે શું?

યશા: આટલું તો હું યે શીખી અનુભવે
કે હસ્તમેલાપન નહિ,
પ્રાણમેલાપન એટલે લગ્નઃ
આત્મતારોનું અનુકમ્પી સંગીત,
જીવનૂજીવનનું Perfect atuning.
જીંદગીનું એ અનવધિ સંગીત,
અન્તરના એ અનહદ નાદ
સ્નેહનાં સમાધિસિદ્ધો સાંભળે.

કાન્તિ: ત્ય્હારે સ્નેહ એટલે શું?

યશા: ત્હમે તો પૂછો છો કે
પરબ એટલે શું, ને પાણી એટલે શું?
તરશ છીપાવે તે પાણી.
વધારે તો પૂછો ત્હમારા વીરને;
આ ઉભા માનવતાના મ્હોર.
કહો રાજ! સ્નેહ એટલે શું?

રાજ: નિત્યાનિત્ય શીખે તે યે પૂછે
એવો વિશ્વભેદ એ સ્નેહ.
સ્નેહ એટલે, ઓ યશરાણી!

અણુઉચ્ચાર્યે યે અનુભવિયે છીએ
માનવઉરમાં દેવામૃતની એ ભરતી.
હૈયામાં હૈયાની ઉષ્મા,
જીવમાં જીવનનું ચૈતન્ય,
સંસાર ભરી વહતો સૌભાગ્યભાવ;
સૌન્દર્યસ્વરૂપના રસકલાપને
નમન, સત્કાર, પૂજા:
આત્મામાં આત્માનું પ્રતિસ્થાપનઃ
માનવીમાં અવતરતી રસપ્રભુતાઃ
દિવ્ય ચક્ષુનાં લોકોત્તર સંસારદર્શનઃ
અન્તર્યામીની સૃજનભાવનાઃ
રસિકોના નિષ્કલંક રસઅભિષેક,
પ્રિયતીર્થે પ્રાણજ્યોતની આર્તિ,
જીવનયજ્ઞના આત્મવહ્નીના અગ્નિહોત્રઃ
પુણ્યાત્માઓનો એ લગ્નસ્નેહ:
ને લગ્નસ્નેહની મહાદીક્ષા તે સ્નેહલગ્ન.
નથી એ પૂર્વનાં વજ્રબન્ધી કજોડાં,
વયનાં વિક્રયનાં રૂપનાં ગુણનાં;
કે નથી એ પશ્ચિમનાં પલકહરિયાવ કરારનામાં,
મોહનાં લોભનાં ઉન્માદનાં સગવડતાનાં.
પશ્ચિમની પરસ્પરની પસંદગી,
પૂર્વની પરસ્પરની જીવનપરાયણતા:
કરારે નહિ ને વિક્રયે નહિ,
પુણ્યવર્ચસ્વીઓનો જીવનયજ્ઞ:
નરનારના રસયોગ તે સ્નેહલગ્ન.

नैनं छिन्दन्ति शस्त्राणि,
नैनं दहति पावकः ॥
યુગયુગના લોકલોકના ભવોભવના
એવા એ અમ્મર માનવયોગ.

પ્રમદા: જળે જળે કમળ નથી,
વને વને અગર નથી,
કે લગ્ને લગ્ને અમૃત હોય.
(દિશાઓને શોધે છે.)

કાન્તિ: ભવિષ્યની ગુફાના ગર્ભમાંથી
રસના બુદ્ધદેવ કો પ્રગટશે
ત્‍હારે ઉગશે દીકરીઓનો દિનમાણ.
ત્‍હાં સૂધી આશા સૌ નિરાશા છે,
ત્‍હાં સૂધી રસમેધ માંડજો
ને મંહી બાલબાલાનાં હવિ હોમજો.
માતાઓનાં હૈયાં કાપી કાપી
ઓ લોક ! સન્તાન ક્‍હાં ધવરાવશો ?

યશ: પ્રેમ ને પ્રિયા ને પ્રીતમ—
ઓ સકલસંચારી રસદેવતાઓ !
જગતને ઘેલું કીધું ત્‍હમે.
દ્યો, દર્શન દ્યો, ને દાખવો દેવમાર્ગ.

પ્રમદા: (આભને જોતી તર્જની દાખવીને)
ઓ ઉગ્યો; પે–એલો, પ્‍હણે;
ક્ષિતિજને આરે, આભની પાનીએ.
(સહુની દષ્ટિધારાઓ દાખવી દિશે ઢળે છે.)
પે–એલો; ઉઘડતાં પોપચાં શો,

રસદેવની પગલી સરિખડો,
વડલાને મુગટે.

કાન્તિ; વડલાને મુગટે ?
એ તો છે જગતની લલાટપાંદડી?

યશ: વિધાતાએ માંડેલી વિશ્વત્રિપુંડ્રની રેખાઃ
ચન્દનની આછેરી જાણે આડ.

રાજ: વ્યોમવિહારીએ વેરેલી રસપાંખડી.

કાન્તિ: હૈયાની કાતળી જાણે;
અન્ધારાની આંખ.
જગત્સૌભાગ્યની રેખા જાણે પ્રગટી.

રાજ: કાન્તિ બ્હેન ! એ વડલે વસે છે,
ખરેખર ! સંસારનું સૌભાગ્ય.
આપણી દન્તકથા છે ને કે
એ વડલેથી જોગી આવશે
તે મન્દિર માંડશે ઓંકારનાં;
એ ઉઘાડશે અણદીઠાં અજવાળાં.

પ્રમદા: પણ આવ્યાં પાછળ અરુણનાં ત્રિશૂળ.
આ પરોવ્યો કિરણને ભાલે.

રાજ: ઝડપાયો ગગનવિહારી પતંગ શો.

કાન્તિ: જગતની જાણે કીકી હોલવાણી.
દુનિયા શેનાથી દેખશે ?

પ્રમદા: દુનિયા સૂરજથી દેખે છે ?
કે ચન્દ્રથી ?

કાન્તિ: અજવાળે સૂર્યથી ને અન્ધારે ચન્દ્રથી.
અન્ધારઅજવાળતી હોલવાઇ

આ તો આભમાંની પ્રારબ્ધરેખા.
(અગાસીમાં અજવાળાંનાં પાથરણાં પથરાય છે.)
રાજ : એ ગયો, ને કહે છે ‘જાવ.’
ચાલો, જઇશું ?
યશ : ચાલો ત્‍્હારે.
પ્રમદા : પડતા બોલનો જાણે પડઘો.
એક તાર બોલ્યો ‘ હું,’
તો બીજો તાર બોલ્યો ‘ હું.’
હજી કિયા ગઢ જીતવાના છે ?
યશદેવી લાધ્યાં એ ઓછાં પડયાં ?
રાજ : યશ તો છે મ્હારી જીવનજ્યોત,
સંસારગુફાની અમૃતદીવડી.
પણ ભાભી ! આત્માને ઉત્તર પૂછજો,
આટલે વર્ષે યે રસતૃષા છીપી ?
યશ તો મ્હારો રસચિન્તામણિ છેઃ
ચિન્તવું છું તે તે પામું છું.
યશદેવીની અવધો નથી મ્હારે.
‘રસતૃપ્તિ’ ને ‘સ્નેહતૃપ્તિ’ શબ્દ ઘડનારા
ઘમંડી વ્યાકરણાચાર્યો જુઠ્ઠા છે.
યશ : રાજ! ત્‍્હમારો તાગ ત્‍્હારે
ત્‍્હેમાં નથી લાધતો કે મ્હને ?
ત્‍્હમે યે અગાધ જ છો.
ઘૂમું-ઘૂમું છું હૈયાંનાં જલમાં,
પણ આત્માના આરા નથી જડતા.
રાજ : આભના આરા એ આત્માના આરા;

પ્રભુની પાળો એ પ્રેમની પાળો.

કાન્તિ: ત્હારે પરમે, રાસને રસચોકે.

રાજ: ત્હાં તો દેવ ઉતરશે રમવાને.

(સ્હવારનાં જેવાં હસતાં હસતાં યશદેવીને ભટ્ટરાજ જાય છે.)

પ્રમદા: ચૈત્રી પડવો, કાન્તિ બ્હેન!
પૂર્ણિમા જેવાં પ્રકાશજો હો!

કાન્તિ: મોકલશો ત્હાં જઇશ, ભાભી!
ને દેહને વેચીશ દુનિયાને દરબાર.
ખરતાં ફૂલડાં કોણ ઝીલશે?
પાંખડીએ પાંખડીએ પુષ્પો
ધૂળની અંજલિઓ ભરશે.

પ્રમદા: (કાન્તિ કુમારીને હૈયામાં લઇ ચાંપીને)
જગતની સૌભાગ્યતારલી!
સૌન્દર્યસિંહાસનની કિરીટજ્યોત!
રસદેવની ઓ રસચન્દ્રિકા!
ઉગવાં ને આથમવાં એ તો
આયુષ્યનાં સ્હવાર ને સ્હાંજ.
વસન્તમાં કેસૂ વીણ્યાં ને વાળ્યાં,
ફૂલની રમતો રમ્યાં ને રીઝયાં,
જીવનના ગજરા ગૂંથ્યા,
તે ચોકમાં વેચવાને કાજ?
ઉછેર્યાં એ પરદેશ પાઠવવાને?
વિયોગ એટલે વિશ્વની ગ્રીષ્મ;
જંગલને સૂકવે, આંબાને પાકવે.
પરવાસે જજે, સુખી થજે,
પણ વીસરજે મા, હો!

દૂરથી સુણીશું કોયલનો ટહુકાર,
ને રીઝીશું એને રસપડઘે.

કાન્તિ : તું તો જગતભાભી છોઃ
ત્હને વિસારે તે પોતાને વિસારે.

(આંબાડાળે વેલ લટકે એમ ભાભીને સ્કન્ધે કર ઢાળી ઢળે છે.)

પ્રમદા : અન્તરિક્ષના અદૃશ્ય દેવને વિનવી
સારંગી શાં ગણગણો છો, બ્હેન!
ગાઉં એ ત્હમારૂં એકાન્તનું ગીત ?
રસતીર્થના રસિયાને આમન્ત્રણ ?

કાન્તિ : ગા એ આત્માનો પોકાર.

પ્રમદા : એ તો છે આત્મતીર્થનો ટહુકાર,
કુંજેકુંજે ને મંજરીમંજરીએ પડઘો પાડતો.
પુરના પરદેશી ! અમારે તીર્થે ય આવજો;
ઓ આતમદેશી! આત્માને તીર્થે ય આવજો.
ગંગા નથી, સ્નેહગંગાનો ઘાટ આ
ત્હમારે પગલે સુહાવજોઃ
પુરના પરદેશી !
જોગી–વૈરાગીની સાથે સન્દેશડા
પુણ્યાળુ ! પુણ્યનો કહાવજોઃ
ઓ તીરથવાસી ! આત્માને તીર્થે ય આવજોઃ
ઉરના જગવાસી ! અમારે તીર્થે ય આવજો.

(જગતની બે રસજ્યોત સમી નણંદભોજાઈ
અગાસીમાંથી ઉતરે છે.)

પ્રવેશ ૭ મો

સ્થલકાલ: અમાસની મધ્યરાત્રીએ સાગરતીર્થનું સ્મશાન.

ઇન્દુ: ભલ્લેરા ભગવાન!
તું છે ભલો એક ભવવનમાં.
કેવુંક હતું એ કારમું સ્વપ્નું!
ભ્રમણા ભૂલ અન્ધકારનાં ઇન્દ્રજાળ
દેહની પેઠે દેહીને યે
પડયાં છે આવરી–આચ્છાદીને.
પુણ્યઘંટાઓ ગાજે છે દેવમન્દિરોમાં,
પણ પાપનાં દુંદુભી ઘોરે છે
નગરનગરને ચોકેચોક.
સંસાર છાંડયો, સાગરગુફા વાસી,
પુર તજી પ્રકૃતિને ઉદ્યાને આવ્યો,
ચિત્તસાન્ત્વની શાન્તિ ર્‌હો યે કોકિલી.
ઉરના ઓ અખંડ આરામ!
દિલના ઓ અમૃતદિલાસા!
અવનીને કીયે આરે હૂંડું ત્‌હમને!
(પાછળ ભાકો)
પ્રથમ તો, ઓ સ્નેહેશ્વરી!
ત્હારી ઝંખનામાં નિદ્રા જ નાઠી.

શય્યામાંથી શૂળો વાગી,
ને ચાલ્યો શાન્તિની શોધમાં.
નથી જનતામાં, નથી નિર્જનતામાં
પ્રસન્ન આત્માની એ પ્રાણપ્રસન્નતા.
કુલકુલનાં ખંડેર શોધ્યાં–ને વર્જ્યાં.
નગરના મ્હેલોને ભોગળો ભીડી'તી,
હવેલીઓને ગોખ ભડકા ઉછળતા'તા.
સંસારમાં સ્મશાન દીઠું,
આત્માનાં નીર મેઘધારાએ નીતર્યાં.
દષ્ટિદેશ ભરી ઉભાં
દેશદેશના સંસારનાં સ્મશાન.
પછી વિજનતાને આ એકાન્તઆરે આવ્યો.
સાગરતીરે તો સૂનકારનું સામ્રાજ્ય છે.
મ્હારા ઝંઝાનિલને જંપ ક્ય્હાં વળશે?
પ્રાણમાં તોફાન ઘોરે છે,
જગતસંગ્રામના શંખનાદ સુણું છું,
સૃજનનાં મહાજલ ચકવે ચ્હડયાં છે.
સંસારિયાના સર્વભક્ષી વમળોમાં
આત્મન્ ડૂબશે, કે તરશે?
પૂર છે પ્રલયનાં સમોવડાં.

(સ્મશાનમાં ભડકા.)

તારકાવલિના ગહન તેજસન્દેશ ઉકેલતી
મ્હારી સંસારઆંજી આંખડલી
આકાશમાં અનિમિષ ઠરી રહીઃ
મહાશૂન્યમાં સૂની, ને આભમાં આભી.

ત્ય્હાં સ્વર્ગગંગાએ જલપાલવ સંકોર્યો,
ને મહીંથી પ્રિયતમ! તું પ્રગટી:
જાણે સુજનની સૌન્દર્યલક્ષ્મી.
અમૃતના સરોવર સમો મુખચન્દ્ર,
સુભગ ઇન્દ્રરંગ તરવરતા
સદ્‌ભાવ પ્રફુલ્લ કપોલફૂલડાં,
પ્રેમની પીંછીથી કોરેલા
થનગનતા આંખલડીના મોર,
આનન્દની ઉષા સમી ત્હારી દેહકલા:
સ્વર્ગસોહામણી એ અદ્‌ભુત રસમૂર્તિ,
દેવોની દિવ્યતા સરખડી,
મુજ આંખલડીને આરે ઝબૂકી રહી.
એક ગુલાબની અનેક પાંખડી ઉઘડે,
એક મણિમાંથી અનેક કિરણો તરવરે,
પ્રાણેશ્વરી! ત્હારાં યે અમૃતઅજવાળાં,
દેવવીજળીઓના ઝબકારા જેવાં,
દિશાવનમાં એમ ઝળહળી રહ્યાં.
(ભડકાઓમાં નેપાળી જોગણ.)
તારિકા સમી તેજસ્રોતસ્વિની આંખલડીના
અનન્તરશ્મિ રસફૂવારામાં માણતો
આત્મા મુજ અન્તરે ઠર્યો,
ને તન્દ્રાની સમાધિ લાધી.
ફૂલછોડમાં વહેતો પવન વિરામે,
ત્હારા ઉરભાવ ઉકેલતો આત્મન્
એમ વિરામી ગયો.

પ્રિયતમે! એ તો અવળું ઉતર્યું;
આરામ તો ઉલટા નીવડયા,
સ્નેહ આથમી શયતાન જાગ્યા.
સખિ! શું એ ભયંકર સ્વપ્નું?
કેવી પાપપુંજની એ સૃષ્ટિઓ!
કેવા ભૂતાવળના એ રાસ?
જગત નહિ, જહન્નમ હતું તે.
જગત તો છે આત્માનું કલ્યાણતીર્થ:
આ તો હતાં વિનાશનાં વમળો.
નથી નિરખ્યાં, ન નિરખશો
કોઈ એવાં અમાનુષી સ્વપ્નાં.
—પ્રિયે! સ્વપ્નાં સાચાં હશે?
એ અસુરસમાજનાં ઇન્દ્રજાળો,
એ શયતાનપરિવારનાં નાટકો,
એ પિશાચલોકના પડછાયા,
સાચ્ચા હશે એ સ્વપ્નાંના સંસાર?
અમાસની આ ઉભરાતી અન્ધારભરતીમાં
બ્રહ્માંડના પ્રકાશ બૂડેલા છે,
સંસારની સોહામણી પ્રભુતા
તેમ ડૂબી હતી તિમિરપૂરમાં.
એકાકી તમોઘન ઉભો હતો
અન્તરિક્ષની ગુફાઓ ભરી ઉછળતો.
શાં હિલહાહક એ દર્શન!
સુખજીવનના તુજ આભાસમાં, ઓ દેવિ!
એવી કાજળકાળાશ ક્યહાંથી?

આત્મા એ અગ્નિમાં પ્રજ્જ્વળી ઉઠયો;
ને ખાખે ન રહી ખાખીને કાજ.
(વિશાળ ચિતા સમાન પાછળી ભડકા; મહીં જોગણુ પટ ઉતારે છે.)
આત્મનૂસખિ ! એ સ્વપ્નું જ હજો !
સાચને એના ઓળા યે મા અડશો.
શા એ દાનવોના મન્દિરમહોત્સવ!
સ્વપ્નલોકની શી એ નિગૂઢ તમિસ્રા !
જાણે દેવિ! પ્રેરણાએ પાંખ દીધી,
તેજલોકે આંખ આપી,
ને બેઠો હું ઉડીને
દેવનિવાસ હિમાદ્રિશૃંગને કિરીટે.
આકાશની અઘોર ઝાડીઓ
આસપાસ વિશ્વ ભરી વિસ્તરતી,
ને વચ્ચે ઉભો'તો શિખરનો હિમમિનાર.
ફરતો દુઃખનો મેઘાડમ્બર ડોલતો.
કેવું હૃદયવિદારણ એ દર્શન!
ઉત્તરા ખંડની છમાસિક રજનીની રેલ
સારા જગત ઉપર ત્યહારે રેલાતી દીઠી.
પૃથ્વીપડનાં માનવસર્જ્યાં નરક
મુખ વિકાસતાં નિહાળ્યાં.
મધ્યાહ્નનમાં જામતી મધ્યરાત્રી,
ભર્ગવન્તા ભાસ્કરોનાં ખગ્રાસ ગ્રહણ,
પૂર્ણિમાઓને આચ્છાદતી અમાવાસ્યા,
બ્રહ્માંડવાસી બ્રહ્મને યે નચાવી
અન્ધારપછેડો ઓઢાડતી યોગમાયાઃ

એવું એવું ભાળવાનું ભાગ્યમાં ઠર્યું.
દિશદિશમાં દીઠાં ત્ય્હાં
દુઃખ પાપ દુર્ભાગ્યનાં પ્રફુલ્લન,
મનુષ્યની શયતાનિયતનાં મહાભારત.
વિધિલખ્યાં સૌભાગ્ય માનવી ભૂંસે,
પ્રભુદીધી પ્રભુતાને ભસ્મમાં ભારે,
એવાં જોયાં સંસારનાં જાળાંઓ.
રસસરવાણીઓ શોષાઇ જતાં,
સૌન્દર્યફૂલડાં દહાઇ પડતાં,
ચેતનને વ્હડયાં'તાં મૃત્યુનાં ઘેન.
પાપની પદાવલિ બાંધીપાંખે નિરખવી,
દૂરપાસેના દુઃખવાયુની આરત
બાંધ્યે હાથે સાંભળવી,
એવા હતા મારા બ્રહ્મલેખ.
પિશાચલોકના પાપતાંડવ,
ભૂતસંઘના વિશ્વભયંકર આનન્દરાસ,
તિમિરસૃષ્ટિના વિલાસસાક્ષી થવું
એવો નિર્માયો'તો મ્હારો ભાગ્યમન્ત્ર.
કુમળાં કમળોને ભમરો દંશ દેતા,
મહાવિકાળ વિરૂપા કો હેંડાબાઓ
કમલને–કોકિલને ચાવી ખાતી,
પ્રભુકલિકા શી કુમારિકાઓને
દૈત્યસમાજ નરમેધમાં હોમતા,
અજવાળિયાંની અમીજ્યોત ચન્દ્રકલા શી
કલાખીલતી મુગ્ધાઓનાં સુધાસ્રોતમાં
જોગણીઓ યક્ષણીઓ ડાકણોનાં જૂથ

સ્નાન કરતાં, મેલ ઉતારતાં,
નવવધૂનાં કાળજ કાપી કાપી
અઘોરીઓ એની રૂંઢમાળ પહેરતા.
બ્રહ્માંડતીર્થની પવિત્રતાના તપોવનમાં
વિહરતી અનિયન્ત્રિત અપવિત્રતા,
પુણ્યદેશમાં પાપનાં મન્દિર,
મનુષ્યની મંગલતાના ચન્દનચોકમાં
મંડાતા અમંગલતાના કાજળસાથિયાઃ
નયન માંડી મ્હેં નિહાળ્યાં.
નિરખ્યાં—નીતરતી આંખડીએ નિરખ્યાં
દુનિયામાંનાં એ દોઝખ.
હૈયાહૈયામાં બળતી શગડીઓ,
કુલકુલમાંની ન્હાનીમ્હોટી હોળીઓ;
મહેલવાસી આત્માઓનાં શતખંડ ખંડેર,
રસોડાનોમાંનાં પ્રેમનામી પાપઃ
દેહના ચળકાટસ્હોતા ઉરના અન્ધારઃ
સૌન્દર્યવર્ણી વિલાસરંગીલી પાપિણીઓઃ
બુદ્ધિબાહુલ્ય વાક્ચાતુર્ય સંસ્કારિતાના
સ્વાંગધારી નરપિશાચ પાપિયાઃ
વિશ્વનો વડલો એમ
દાવાનળમાં સળગતો હતો.
માનવીને દેહવૃક્ષે છિદ્રો છે,
સંસારનાં અંગોઅંગ ઉપર
એટલાં છે ધુંધણાના ડાઘ.
જગતભરમાં ભભૂકતી હતી એવી
જ્વાળામુખીની મહાજ્વાલાઓ,

વ્યોમ ભરી વિષ ઉછાળતી વરાળો.

(ચિતાનો છેલ્લો વિશાળ ભડકો: જોગણ ચિતા ઉપરથી ઉતરે છે.)

જોગણ: મ્હારી અતીન્દ્રિયો ભસ્મ થઇ આજ.
હાશ! અગ્નિસ્નાને હું શુદ્ધ થઇ.
પંચેન્દ્રિયોની પાંચે પાંખો
પંચાગ્નિની જ્વાલાઓમાં પરિશુદ્ધી;
અતિશયતાનાં ઓઢણાં ઉતાર્યાં,
વાસનાનાં વિષાંકુર પ્રજાળ્યાં.
પ્રભુવેદી ઉપર લોકયજ્ઞની હું આહુતિઃ
લોકને કાજે બળી લોકને ઉદ્ધારીશ.
પાપપાવની મ્હારી અમાવાસ્યા!
ત્હારાં અન્ધારવાદળ કેવાં ઝૂકયાં છે!
મ્હારા અન્ધકારે ઉતારીને ઠાલવ્યા
અન્ધકારના તુજ મહાસાગરમાં.
એ કાજળઢગ પણ ધોવાશે,
ને પ્રભાતે ભાલમાં પીયળ પીળાશે.
મ્હારી અમાસમાં સૂર્ય ઉગ્યો,
વિશ્વવાંચતું દેવલોચન પ્રગટયું.
યોગસિદ્ધિઓના મહાલયનાં મણિદ્વાર
ઉઘડયાં મ્હારે કાજ.
જ્વાલામાં જલી ગઇ આજે
દેહ ને દેહીની બન્ધનગ્રન્થીઓ.
શરીર ને આત્મા છૂટાં પડયાં,
દેહની સીમાઓ દેહીને નથી હવે.
સવિતાના સર્વત્રગામી કિરણ શો
આત્મા આકાશોમાં ઉડશે.

આત્મા–પરમાત્માને અન્તરિયાળ
બન્ધાયો મ્હારે યોગસમાધિનો સેતુ.
સ્થલ કાલ જડતાના
અભેદ્ય ગહન ઇન્દ્રિયપર પટાન્તરો
સન્કેલાયાં સિદ્ધિદંડના ઇલ્મથી.
પણ આત્મન્! જાળવજે હો!
સિદ્ધિવૈભવે વૈરાગ્યને અભડાવતો મા.

હો!–ઓ! દુઃખનો દિલાસો એક યોગીનો અંચળો;
હો!–ઓ! પ્રારબ્ધનો પાસો એક યોગીનો અંચળો.

જે કાન્ત છે કેસરીનો સુવર્ણ,
સંસારનો જેહ હિરણ્યવર્ણ;
જે વિશ્વસોહવતું સુન્દર સૂર્યતેજઃ
યોગી જનનો સહુસુભગ તે બ્રહ્મવર્ણો જ ભેખ.

હો!–ઓ! સંસારની શાન્તિ એક યોગીનો અંચળો;
હો!–ઓ! આત્માની કાન્તિ એક યોગીનો અંચળો.

(કમંડળું લઇને ચિતાને પ્રોક્ષણ કરે છે, સાગર ભણી વળે છે. આઘેથી નેરખીને)

અહો!–અરે! કોણ? યુવરાજ! અત્ય્હારે?

ઇન્દુ: (પોતાની જ ધૂનમાં લીન)

એવે ચૂંથાતા પુષ્પના પરાગ શા,
ઢોળાતા રસની છાંટણ શા,
દળાતા આત્માની વેરાતી રજ શા,
આઘેના રુદનના તૂટેલા સ્વર,
રડતી કોયલના મન્દ્ર કૂજન સરિખડા,
તિમિરવન ભેદતા તરતા આવ્યા.
વ્રતોપવાસિની કો યોગબાલા
ભિક્ષામન્ત્રે વિનવતી હોય;

પરલોકવાસી પ્રિયનું કો સુન્દરી
સ્મરણશેષ સ્નેહગીત ગાતી હોય;
નિરાશાને પીંજરે પડેલી આશા
નિશ્વાસ ઢાળી ડસકાં ભરતી હોય:
અનિલે આવી એવું કહ્યું.
ક્ષિતિજ પાછળથી સન્ધ્યાના ભભૂકા ઉઠે,
એવા હતા ધીરા ને ઊંડા
રુદનના એ નિશ્વાસ.
બ્રહ્માંડ જાણે 'હાય' ઉચ્ચરતું'તું.
હાથ સાંકળેલા હતા,
પાંખ બાંધેલી હતી વિધાત્રીએ.
વિધિબન્ધો એ છોડવા મથ્યો,
સંસારશૃંખલાઓ તોડવા મથ્યો.
વિધિયોગ સંજોગબલ ને આત્મબલનો
સૃષ્ટિજૂનો સંગ્રામ જામ્યો.
બ્રહ્માંડતત્વોના દુર્ગ સ્હામે
માનવજન્તુ કેટલુંક ઝૂઝશે ?
ભવસાગર જીત્યો ને હું હાર્યો.
ગગનની ગુફામાં ઊંડેરું નિહાળ્યું,
રુદનની દિશામાં દિલને પ્રેર્યું,
ને પાઠવ્યાં અન્તરના આશીર્વાદ.
નથી—નથી ઓળખતા સંસારીઓ
દુનિયાવાસી દેવદેવીઓને.
કાળી ઝાડીઓનાં ઝુંડમાં,
કાળાં કુસુમોના વેલમંડપમાં,
કાળા ભ્રમરોના ઘટાઘેરમાં,
કાળી તમિસ્રાનાં અમ્બર ઓઢી—

આનન્દમૂર્તિ ! પ્રકાશપ્રકાશિની!
અમૃતપૂતળી એ કાન્તિકુમારી !
એવા કરુણ રવે તું કાં રડતી'તી ?
સુન્દરીનાં સીતાજી સરજ્યાં પ્રભુએ,
રાક્ષસે પૂર્યાં સતીને અશોક વનમાં.
ત્હારી આંખડલીમાંથી આત્મા નીતરતો,
કીકીકાજળમાંથી વરસી જગતને કાળું કરતો.

જોગણ : शुक्लकृष्णे गती ह्येते
जगतः शाश्वते मतेः
સન્ત જન એક છે હરિનો યુવરાજ.
યુવરાજ ! એ જગતના યુવરાજ !
એક જ છે સૂત્રધાર
કિરણો જેટલાં કોટ્યાવધિ બ્રહ્માંડસૂત્રોનો;
ને એ જ एकमेवाद्वितीयम छे
શ્રદ્ધાળુઓનું પરમ શ્રદ્ધાનિધાન.
નીતરતે નયણે ત્હમે નિરખ્યો
એ તો છે વિરાટનો અઘોર રાસ.
ગાંડીવધન્વા યે કંપ્યો'તો
कालोस्मिનાં એ વિરાટદર્શને.
અન્ધારિયાં ને અજવાળિયાં,
પ્રકાશ ને પડછાયાની પરંપરાથી
ગૂંથાઇ છે આ સંસારની ભુલભૂલામણી.
તેજના મહાસાગર ભણી ભૂવો !
સાધુતાના સિન્ધુજલ નિહાળો !
આકાશનો અન્ધારઆછો ચન્દરવો,
ને એ ચન્દરવાની ચાંદણીઓમાંથી

પ્રભુતાનાં પ્રગટતાં પરમ ભર્ગ:
નથી—અણુ માત્રે નથી
બ્રહ્મવિહોણું બ્રહ્માંડ,
કે તેજવિહોણો અન્ધકાર.
વસન્તમાં યે અમાસ તો ઉતરે છે;
પણ અમાસઅમાસને ઓઢણે યે
નિરનિરાળી છે ચન્દ્રેરીની ભાત,
ને પ્રભુપ્રભાની ઝગમગતી તારાટપકી.
અનુભવને ન અનાદરો, યુવરાજ!
અનુભવ છે ઉર્ધ્વગામીના આધાર.
દિવસ ને રજનીનાં બ્રહ્મશાસ્ત્ર—
—પણ કોને ઉદ્બોધું છું હું આ?
શિલાને કે શિખરને?
નિર્વાક! નિશ્ચેતન! નિરાત્મન્!
કોને સંભળાવું છું આ શબ્દસન્દેશ!
અમાસની આ અન્ધારઅટવીમાં
ભૂલો પડયો છે બ્રહ્મનો બ્રહ્મકુમાર.
લોચનની કીકીકીકીમાંથી
ડુંગરના દવ ભડભડે છે.
મ્હારા સનાતન ગેરૂરંગોથી
હોલવું એના એ આત્મનૂભડકાઓને.
(માથે કફની ઓઢાડી દોરી જાય છે.)
જુવો ને જાણો, ઓ જગતના લોક!
સ્મશાનનો સીમમાં યે શાન્તિ નથી
સંસારના મહાજ્વાળામુખીઓની.
હો!—ઓ! દુઃખનો દિલાસો એક યોગીનો અંચળો.

પ્રવેશ ૮ મો

સ્થલકાલ: આનન્દસરોવરની કુંજોમાં અજવાળી બીજનો ચન્દ્રોદય.

રાસમંડલી: ભગવાન રાસેશ્વરનો જય!

(ઇન્દુકુમાર ને જોગણુ આવે છે.)

જોગણુ: पुष्णामि चौषधिः सर्वाः
सोमो भूत्वा रसात्मकः
દેહ ને દેહીની ઔષધિઓનાં સંજીવન
એ સોમાવતરણુનાં સીંચેલાં છે.
અમૃતપુરના અમૃતાધિકારીઓ!
એ રસ પીઓ ને પાવ;
ને માઝા વિસારતા મા.

દેવ: રસ–લીલા–રમણુાથી સાધો, રસસન્તાન!
પ્રાણુ ને પીંડનાં આરોગ્ય:
પણુ આત્માના ઉજાસને
ઓછાયે યે અભડાવશો મા.

યશ: આજ રાસ કોણુ ઉપાડશે?

કાંચન: વસન્ત ઉપાડશે, ઓ–હો,
ત્હમે લજ્જાળાં લાજતાં હશો તો.
કોયલ હોય તો જ વન બોલતાં હશે?

વસન્ત: ત્હારૂં જ ગીત ગાઉં, યશ!

રાજ અગાશીએ ઉભ છ
અલબેલી આંખડીએ વસન્તી વાઘામાં તે.
(રાસમંડળી રાસચક્રમાં ગોઠવાવા માંડે છે.)

રાજ : માજી! યોગીને પગલે પુણ્ય છે;
પધારી પાવન કીધાં અમને.
સંગાથે સ્નેહી સાધુને ય લાવ્યાં છો ને?

જોગણુ : યુવરાજ તો યાત્રાળુ છે જગતના;
મુજ સરિખડા યોગપન્થ પ્રવાસી છે.
આ એમનું બ્રહ્મચર્યનું વર્ષ છે.
અમૃતપુરને આંગણે હમણાં
અતિથિ છે અમૃતજલના.
—આવો, બ્રહ્મકુમાર! ને નિરખો
પ્રેમની પ્રેરણાઓ સમોવડાં
અમૃતપુરનાં સન્તાનોની રસરમણા.
રસબ્રહ્મચર્યને ધર્મમાર્ગે
સંસારનાં ઉદ્ધાર ને કલ્યાણ.

રાસ : પધારો ને ખેલો, કુમાર!
ઉજળી બીજનાં મીઠડાં મટકાંમાં.

(રાજ રાસમંડળમાં પરોવાય છે, જોગણુ સુન્દરીસમાજમાં ભળે છે.
કવ્હારેક ઘૂઘરિયાળા રાસદંડ, કવ્હારેક પૃથ્વીઘૂમણુ શી રસફૂદડી, કવ્હારેક કુંજગાજતી રંગતાળી, કવ્હારેક પ્રણયપ્રણામઃ એમ વિધવિધના અંગહિન્ડોળે ડોલતી રાસમંડળી વિધવિધના રાસહિન્ડોલ આદરે છે.
કદંબ નીચે ભરી ભરી કુંજમાં એકાકી ઉભેલો ઇન્દુકુમાર આઘેથી રાસ નિહાળે છે.
વેણુ માત્ર વાગે છે, રાસ જામે છે.)

વસન્ત : સખિ! આજે મૃદંગચંગ સાજે
કિરીટ શીર્ષ છાજે વિરાજે વસન્તના.
વેણુ વાજે, સ્નેહ પાજે;
ત્હારે કાજે કુંજ ગાજે;
સખિ આજે વિ૦ ધ્રુવ.

બેઠી બાલા વિશાલા ઉમંગમાં;
વાટ જોતી કપોતી શી અંગના;
પન્થ ભાળે–નિહાળે છે કન્થના
હસન્ત આ દિગન્તમાં:

વેણુ વાજે, સ્નેહ પાજે;
ત્હારે કાજે કુંજ ગાજે:
સખિ! આજે વિ૦

ઇન્દુ : (સ્વગત) આ તો જાણે વ્રજ ઉતાર્યું,
કે કૈલાસકુંજો આણી અમૃતપુરમાં?
રાસરસિકોનું પ્રત્યેક રસયુગલ
તો જાણે અર્ધનારીશ્વરની રસમૂર્તિ.
કલ્યાણ કરજો નટવર ને નટેશ
સર્વ મંગલ રસોપાસકોનું.

(ગાતી ને સહુને ફૂલડે વધાવતી પાંખડી આવે છે. રાસમંડળી એનું ગીત ઝીલે છે. વસન્ત એક માત્ર મેઘમન્દ્ર ઢોલક વગાડે છે.)

પાંખડી: જગમાં વાગી વ્હાલપની વાંસલડી જો!
પુણ્ય ફળ્યાં પૂર્વજનાં સખિ! મ્હારે ઓરડે.

સસરા મ્હારા દિનઉગમતા સૂર્ય જો!
સાસુજી સ્હવારની કુંકુમવાદળી.

જેઠ મ્હારા મહાજનના મ્હોડવિયા જો!
જેઠાણી સંસારની રૂમઝૂમ વ્હેલડી.

દીયર મ્હારા સોળ કળાના ચન્દ્ર જો!
ફ્હેરાણી એ ચાંદલિયાની ચન્દની.
નણુદલ મ્હારાં ફૂલફૂલ્યાં ફૂલવાડી જો!
નણુદોઇ એ વાડીના રસિયા રાજવી.
વીર મ્હારા અર્જુનના અવતાર જો!
વીરી મ્હારી સુખદુ:ખશોભિત જાનકી.
કુંવરી મ્હારી આંબાડાળની કોયલ જો!
કુવરો મુજ આંબલિયે રમતા મોરલા.
પિયુજી મ્હારા ભવસાગરનું નાવ જો!
એ નાવે હું અજબ સુકાની અલબેલડી.
ઘર મ્હારૂં પ્રભુભર્યું પરમ મન્દિરિયું જો!
ભાંડુ મુજ પ્રભુજીની પ્રગટ લીલાકલા.

(ઘડિયેક રાસમંડલી માત્ર હીંચની જ હમચી ઘૂમે છે.)

જગમાં વાગી વ્હાલપની વાંસલડી જો!
પુણ્ય ફળ્યાં પૂર્વજનાં સખિ! મ્હારે ઓરડે.

ઇન્દુ : (સ્વગત)

સ્વજનથી યે સન્તાવાંનાં!
સ્નેહઝરણાંનાં સંગમ આડી
પોતે જ માંડવાની પર્વતપાળ.
પાળીશ–પ્રાણ પડતાં યે પાળીશ
ગુરુદેવ! ત્હમારો વર્ષભરનો બ્રહ્મચર્યાદેશ.
સ્વજન સન્મુખ સન્તાવાનો શેષ માસ,
કુંજના સાન્ધ્ય પડછાયા શો,
વર્ષ થઇ હૈયે વાગે છે;

કુંભની દ્વાદશવર્ષી જેવડાં લાગે છે
બ્રહ્મચર્યના આ બાર માસ.
ઉગવાનો કે આથમવાનો આ અવસર ?

(ભદ્રરાજ ઇન્દુકુમાર કને આવે છે.)

ફૂલડાંકુમારી તો છે ફૂલમ્હોર્યો કદમ્બ,
ને ગીતટહુકો તો જાણે મંહીની
કૃષ્ણચન્દ્રની જગન્મોહિની બંસરી.
ઠીક વસાવ્યું છે ત્હમે યે આ વૃન્દાવન.

રાજ : પણ અમૃતપુરની ગોપાંગનાઓ
કુલગોપની છે સહધર્મચારિણી;
દમ્પતીઓ બેલડીએ જ પધારે છે
આ અમ રસયુમનાને ઘાટ.
પરણેલાંને એકલડાં સત્કારતો નથી
અમારો આ રાસસંઘ.
કુમારાંને સાધુઓ પ્રવેશાવે રાસમન્દિરે
નેત્રને નિર્મળાં પારખી-પારખીને.

(રાસચોકના બીજા ભાગમાં)

જોગણ : રાસેશ્વરનાં રસસન્તાનો!
નૃત્યનું ગીત સુણ્યું છે ?

કાંચન : (પાંખડીને)
રાસમાં ભેખ શો વળી આ ?

પાંખડી : ના, કાંચન બ્હેન! છણકા શા એ ?
દેવ કહેતા હતા કે
કલ્પની નીચે ય માનવી છે:

ને યોગ તો સૌને સાધવો ઘટે,
સંન્યાસ તો સૌને ય શોભે:
પંચ વર્તમાન પાળે–પળાવે એટલો.

યશા: ના માજી! ગવરાવોને ત્ય્હારે:
નથી સુણ્યું અમે એ ગીત.

જોગણ : ગાવ, પુત્રીઓ! ગાવ,
નૃત્ય તો સૃજનજૂનું છે.
સૃષ્ટિ અને સૃષ્ટાની વિશ્વનિયમાવલિના
તાલ અનુસાર જીવવું એ મહારાસઃ
રસેશ્વરની રસોર્મિએ જીવન ઝીલવાં.
ગાવ એ સૃજનપ્રલયનું ગીત.

નીર ડોલે, નીર ડોલે, સૃજનનાં નીર ડોલે રે:
નીર ડોલે, નીર ડોલે, પ્રલયના નીર ડોલે રે. ધ્રુવ

નેહે જગમાત કેરી આંખડી રે ડોલે;
ડોલે હરિ લક્ષ્મીજીને ખોળે:
　　સૃજનનાં નીર ડોલે રે.
શેષ કેરા મણિ ડોલે, સાગરતરંગ ડોલે;
ડોલે બ્રહ્મા પદ્મને હિન્ડોલે:
　　સૃજનનાં નીર ડોલે રે.
નિરખી જગનાથ કેરાં હઇડાં હસી રહ્યાં;
મૂક્યું નૃત્ય તે દિને ભૂગોલે;
　　સૃજનનાં નીર ડોલે રે.
નીર ડોલે, નીર ડોલે, પ્રલયનાં નીર ડોલે રે:
નીર ડોલે, નીર ડોલે, સૃજનનાં નીર ડોલે રે.

કાન્તિ: માજી! આ શાં ગાયાં–ગવરાવ્યાં ?
સૃજનપ્રલયનાં નીર એક હશે ?
જોગણ: એ જ પરમ સત્ય, વત્સે !
મૃત્યુ એટલે અમૃતનો ઘૂંટડો પીવો.
બેટા! હમણાં રાસ રમ,
જ્ઞાનગોઠડીમાં રસરમણા રહી જશે.
(જોગણ ઇન્દુકુમાર ભણી વળે છે.)
કાન્તિ: (સ્વગત)
મ્હારા નાથ! મ્હારો કાન્ત !
બીજના આ ચન્દ્રધનુષ્ય સરિખડો
ઉગ્યો ને આથમ્યો જીવનાકાશમાં.
સૃજન ને પ્રલય મ્હારે એક થયાં.
(ભટ્ટરાજ ને ઇન્દુકુમાર જોગણ કને આવે છે.)
જોગણ: वर्णानां ब्राह्मणो गुरुः ;
એમ આશ્રમ માત્રનો પાયો ગૃહસ્થાશ્રમ.
રાજ: ને રસબંસીને અનહદ નાદે
ગૃહસ્થાશ્રમની પદતાલી તે રાસ.
જોગણ: કલ્યાણ થાવ પુત્ર! ત્હમારૂં.
સંસારિયાંની સરલ કીકીઓ
પુણ્યના પ્રકાશ ઉકેલે છે ગહન.
સંસારની રસબંસરી પુણ્યગીત ગજાવે
એટલું સંભાળવાનું છે સાધુઓને શિર.
રાસ: રસનો પરમ સાગર પાથર્યો છે,
પણ સદાની માઝાવન્તો.

રસહિન્ડોલે યૌવન ડોલે છે અહીં,
પણ પ્રધાનતઃ પવિત્રતાથી ઉર્મિએ.

જોગણ: રસમાં છે રાસની પ્રેરણા,
ને પુણ્યમાં છે રાસની પાળ.

રાજ: સહુ પોતપોતાને જ સાચવે છે.
છતાં સંસારની સંયમપાળો સારી.
દર્શનમાં દેવ ને રસવાર્તામાં વસન્ત છે
સ્નેહશોધન્તાં કૌમારાશ્રમીઓનાં:
પણ અડવાનાં અગ્નિ દઝાડે,
માટે સ્પર્શનિષેધ છે વિજાતિઓને:
એકાન્તની શયતાનભૂતાવળ ભમાવે
માટે દૃષ્ટિઅતિક્રમની છે બાધા.

ઇન્દુ: એકાન્તમાં તો ઇશ્વરના છે આવાસ?

રાજ: સાધુતાનાં લોચન હોય ત્હેમને,
સપ્તરંગી સંસારને નહિ.
દુનિયામાં દેવ છે ફ્હોયલા,
ને શયતાન છે સ્હોયલા.

જોગણ: સંવનનકાલે ગુરૂજનનો દૃષ્ટિઅતિક્રમ
સ્નેહનાં સાધુઓને છે નિરર્થક,
કામનાં પૂજારીઓને છે પાપદિશા.
ઉષ્મા સેવી–સત્કારી દાઝવું નહિ
અગ્નિહોત્રની એ પરમ અગ્નિચર્યા.
સંસ્કારની પુણ્યભાવ સુઘડતા
ને સત્સંગની પાવનકારિણી સંયમપાળ

એ જ છે યૌવનની લગામો.
બાકી તો आत्मैव ह्यात्मनो
बन्धुरात्मैव रिपुरात्मनः

રાજ: પણ દાઝવાની બીકે
અગ્નિ જ ન પ્રગટાવવા
એમ તો નહિ ને?

જોગણુ: તો તો લૂંટાવાની બીકે
લક્ષ્મી જ ન વસાવવાની.
એવી હોય કાંઇ અવળી આણુ?

ઇન્દુ: પણ રાજ! કહેશો?
ત્હમારી કુંજે લગ્ન એટલે શું?

રાજ: (હસતાં)
લગ્નની જિજ્ઞાસા જાગી?
બ્રહ્મચર્યવ્રત ટકશે બ્રહ્મચારીનાં?
માજી! ભૂલ સુધારજો; સાંભળો.
સતિયાંના સંવનનનો પરિપાક તે લગ્નઃ
રસોપાસકોની સ્નેહદીક્ષા તે લગ્નઃ
ગુરુજન કે સખીજન સમક્ષ
બ્રહ્મચર્યસોહન્તાં બ્રહ્મસન્તાન
પ્રેમપ્રતિજ્ઞા લઇ સંસારવ્રતને વરે
એ અમારી અમૃતકુંજે લગ્ન.
દેવવિધિ કે દેશવિધિ એ બાહ્યાચાર,
આત્મનૂવિધિ એ જ લગ્ન.

એ અવસરથી તેઓ અખંડ લગ્નવતિયાં;
પછી તે કૌમારનિયમાવલિથી પર.

જોગણ: ને પે–એ–લાં કાન્તિદેવી:
કુમારિકા છે, કે સંસારિણી?

રાજ: કપરો પૂછયો પ્રશ્ન,
જલના રંગ જેવો.
દેહદેશે કુમારિકા છે,
આત્મદેશે છે સંસારસોહામણી.

જોગણ: એમ જ, ભટ્ટરાજ ! એમ જ.
પુણ્યનાં પુષ્પોનાં સ્નેહલગ્ન
નથી વિધિ કે નથી વિલાસ.
પ્રેમભાવનું રસગૂંથણ એ લગ્ન,
આત્મામાં આત્માની રસપ્રતિષ્ઠા એ લગ્ન.

રાજ: ને એ રસરાસમાં સદ્ધર્મસ્થાપના
તે પુણ્યપમરતો ગૃહસ્થાશ્રમ.
–ને માજી! ધર્મ એટલે શું?
સંપ્રદાયો?

જોગણ: આખાં–ભાગ્યાં એ યે છે નાવખંડો
આ મહામોજ સંસારસાગરતરણનાં.
મધ્યજલમાં એકલબાહુએ તરવા કરતાં
કાલજીર્ણ હલ્લેસાંનો આધારે શો ખોટો ?
બાકી તો પુણ્ય ને પ્રભુ,
દેવ ને દેવજીવન તે ધર્મ.
પન્થ એટલે પાંણિયારાંના પાણી,

ને સંપ્રદાય એટલે ખોબલામાંનાં પાણી;
ઢોળાઇ ઢોળાઇ જતાં યે
પીધે કંઇક તૃષા ઠારે.
મહાસાગર મ્હારા ખારા,
ને મેહુલા આવે આઠે માસે!
–પણ સાંભળો–સાંભળો, સોહાગિયાં!
કાન્તિકુમારીનો રસહીંચકો.
ગગનમાં ગાજતી કોયલ બોલે છે;
સુણો એ બ્રહ્માંડભેદી ટહુકાર.

વસન્તઃ જીવનઝૂલે ઝૂલન્તાં પૂર્વે
દેવી શાલ ઓઢાડે છે યશરાણીને.

રાજ : સહિયરનું સલૂણું એ સખ્ય.

(રાસમંડલે અન્ય દિશામાં)

વસન્તઃ યશ બ્હેન! ગાવ એ કાશ્મીરી શાલ.
નાથે શાલ ને ગીત બન્ને આપ્યાં;
બતાવો જગતને.

યશઃ એમાંથી શું શું દીઠું નથી સંસારે
કે દેખાડતાં શરમાઉં? નિહાળો.

હું તો ઓઢું–ઓઢું ને સરી જાય રે
મ્હારી કાશ્મીરી શાલ.
મ્હારૂં હ્રદય ઢાંકું એવી બતાવ, સખિ રે!
કોઇ લાવજણુ શાલ. ધ્રુવ
ધરી ઝોળી એક યોગીરાજ આવિયા રે લોલ;
મ્હેં તો છાતી પર ફુન્દણાં પડાવિયાં રે લોલ:

. મોંઘા ભિક્ષામન્ત્ર મનડે જડાવિયા રે લોલ:
પછી ઓઢવા ખરીદી આ રસાલ
　　　　　　　મ્હારી કાશ્મીરી શાલ.
મ્હારૂં હૃદય ભરાયું અને વાધતું રે લોલ;
મ્હારી ચોળી કેરાં બન્ધનો હરાવતું રે લોલ;
મ્હારા સાળુડાનું પોત તો આછું હતું રે લોલ:
પછી ઓઢવા ખરીદી આ વિશાલ
　　　　　　　મ્હારી કાશ્મીરી શાલ.
મ્હારે હૈયે બ્હેન! શાલ ન આવી રહે રે લોલ;
મ્હારી લાજ કેરાં ચીર તે લેતી વહે રે લોલ;
રખે! ઉરલેખ લોક કો વાંચી લહે રે લોલ:
મ્હને ગૂંથી આપ, રાજવણુ બાલ!
　　　　　　　એક અદ્દભુત શાલ.
મ્હારૂં હૃદય ઢાંકુ એવી બતાવ, સખિ રે!
　　　　　　　કોઇ લાજવણુ શાલ.

કાન્તિ: યશ! મેઘ ગર્જશે ને વર્ષશે,
વીજની વેલડી નર્તશે,
ઉરઆકાશે રસઘટા જામશે:
વર્ષા વાળી પાછી નહીં વળે.
ઉભરાતાં અન્તર સાગર શાં ઉછળશે,
ઢાંકયાં નહિ ઢંકાય.

યશ: ગાવ ત્હમારો હીંચકો, કાન્તિ બ્હેન!

કાન્તિ: ના, ના, નહિ—લે.

(યશના ભુજપાશમાંથી છટકવા ડોલે છે.)

યશ: ગાવ, નહિ—બસ—ગાવ.

કાન્તિ: લે ત્ય્હારે હીંચક હીંચકે.

ત્હારે ક્ય્હાં કશુંય છે અધૂરૂં તે?

(કાન્તિકુમારીનાં ચરણોમાં પગના પાટલીપલ્લવમાં સન્તાતો એક પડછાયો પડે છે. કાન્તિકુમારી રાસમાં ઘૂમે છે તેમ તેમ એ પડછાયો પણ ઘૂમતો ભાસે છે.)

હિંચકો કોણ દેશે? રાજ!
મ્હને કો ઝૂલાવશે? મહારાજ!

લળી લળી આંબલિયાની ડાળ,
કે ત્ય્હાં મુજ ઝૂલો ઝૂલે, સિરતાજ!
હિંચકો કોણ દેશે? રાજ!
મ્હને કો ઝૂલાવશે? મહારાજ!

રડે—રડે કોકિલ ઉપર રુદન,
નીચે મંજરી ઢળી, સિરતાજ!
હિંચકો કોણ દેશે? રાજ!
મ્હને કો ઝૂલાવશે? મહારાજ!

(પડછાયાને પ્રાણવન્તો માની લેવાને કાન્તિ કુમારી વાંકી વળે છે. પડછાયો જાણી ચતુરા ચોબીલી પડે છે.)

જૂવો—જૂવો અલબેલી આ વસન્ત,
હું ય અલબેલડી, સિરતાજ!
હિંચકો કોણ દેશે? રાજ!
મ્હને કો ઝૂલાવશે? મહારાજ!

(રાસ પૂરો થયે સ્વગત)

એ પડછાયો હતો કે પુરુષ?

—એ શેનો પડછાયો ?
મ્હારા પ્રાણનો પડછાયો ?
કે મનના મનોરથનો પડછાયો ?

રાજ: અમીકંઠી દેવકુમારિકાનો એ ટહુકો !

(કાન્તિ કુમારી ભદ્રરાજની સ્હામું જૂવે છે, એટલે)

પધારો, અતિથિદેવને સત્કારો.
અમૃતપુરે આવ્યા છે જગતના અતિથિ.

(જગતજેતા જયધ્વજ સરિખડી કાન્તિ કુમારી આવે છે. ઇન્દુકુમારને)

એમની ફૂલપરબનાં પાણી—

કાન્તિ: મ્હારી પરબ શાની એમાં ?
વાડીમાં ઉગી વાડીમાં કરમાય,
સજ્જનને સોંપ્યે તે પ્રેરણા પાય.
જગતવાડીનાં ફૂલડાંની એ પરબ.

રાજ: ત્હમારી આત્મનવાડીનાં
ફૂલપરિમલની એ પરબ.
ત્હમારી પવિત્રતાના, પુણ્યભાવના,
ત્હમારાં રસપ્રકાશ ને પ્રભુતાના,
સુજનસોહવતા ત્હમારા સૌન્દર્યના
પરિમલની એ તો પરબ.
ઓ કૌમારકિરીટિની દેવિ !
દેવભૂમિ શા ત્હમારા હૃદયોદ્યાનમાંના
બ્રહ્મવર્ચસ્‌ની એ પરબ.
બ્રહ્માંડ શાં ભાગ્ય હશે

એ અતિથિ પીશે એ પરબનાં પાણી.

વસન્ત : પધારો, ઘડીપળ રહી છે,
મહિનાનાં ઉર ભરી લઇએ.

કાન્તિ : ત્હમે તો એવા જ છો.
કવિતા આમ ઢોળી નાંખશો તો
યશદેવીને શાથી વધાવશો જી ?

(દેહધનુષ્યને વાળી તીરછાં દૃષ્ટિબાણ ફેંકતી કાન્તિ કુમારી રાસમંડળ ભણી વળે છે. રાસ રચાયો છે. વાર્તાવાદમાં રહેવાથી પોતે સંગાથીવિહોણી એકલી–અટૂલી પડે છે, રાસને આરે ઉભી પળેક મૂંઝાય છે.)

રાજ : પધારશો ? અતિથિ દેવ !
અમૃતપુરનાં સૌન્દર્યદેવી
વાટ જોતાં ઉભાં છે
રાસના રસઘાટે એકલવાયાં.

(અદસ્યનાં આકર્ષણે ડગલું ઉપડે છે, પણ પૃથ્વી જાણે પાયને પકડી રાખે છે.)

ઇન્દુ : (સ્વગત) વ્રત ? નહી જ જાઉં.

સ્હામે વ્હેણે હોડીને દોરથી કો દોરે એમ કો અતીન્દ્રિય દોરદોર્યા ઇન્દુકુમાર રાસમંડળમાં જાય છે, કાન્તિકુમારીને ફૂલઅંજલિથી વધાવે છે. ફૂલસ્પર્શે કાન્તિકુમારી વિચારમૂર્છામાંથી જાગે છે, રાસ જામે છે. રાજદંડની રૂપાઘૂઘરીઓની રમઝટ રણકે છે.)

વસન્ત : ચન્દ્ર ! જરા જાતાં–જાતાં તો બાપુ ! થોભ.
વીર ! ફૂલડે વધાવું,
મ્હારે હઇડે હુલાવું;
જરા જાતાં–જાતાં તો બાપુ ! થોભ. ધ્રુવ.

આવ, આંખડીમાં ચન્દ્ર! મૂકી રાખું;
મ્હારા માથાનો મુગટ કરી ઝાંખું;
મ્હારા મન્દિરના દેવ સ્થાપી પૂજું-પૂજાવું, હો ચન્દ્રજી!
વીર! ફૂલડે વધાવું,
મ્હારે હઇડે હુલાવું,
જરા જાતાં-જાતાં તો બાપુ! થોભ.

(એક એક રસયુગલો રાસ પૂરો કરી વિરમતાં જાય છે.)

રસરાસ અધૂરા કો રહી જશે;
કંઇકંઇની બેલડીઓ યે તૂટશે;
પ્રાણ વારૂં, પાલવડો પ્રસારૂં, ઉભા રહો, હો ચન્દ્રજી!
વીર! ફૂલડે વધાવું,
મ્હારે હઇડે હુલાવું,
જરા જાતાં-જાતાં તો બાપુ! થોભ:
ચન્દ્ર! જરા સાચું-ખોટું તો બાપુ! થોભ:
ચન્દ્ર! જરા—

સખીઓ: ચન્દ્ર આથમ્યો, અજવાળાં સમેટાયાં.

કાન્તિ: ચન્દ્ર ઉગ્યો કે આથમ્યો?
આ રહ્યો,—આ—આ મ્હારો ચન્દ્ર.

(રાસ વિરમે છે, કાન્તિઇન્દુનો રાસ અધૂરો રહે છે. રસતન્દ્રાવન્તી એ બેલડી પરસ્પરનાં લોચનમાં લોચન ઢાળી-સ્વપ્નવશ સમીક્ષણેક ઉભે છે. પ્રમદા ત્હેમને વિખૂટાં પાડે છે. વનઘટાઓની કુંજગુફાઓમાં ભમતા ભૂત જેવો ઇન્દુકુમાર અદૃશ્ય થાય છે.)

પાંખડી: એ જ એ અતિથિદેવ:
કાન્તિ બ્હેન વાટ જોતાં હતાં તે.

પ્રમદા : બેશ-બેશ, ચબાવલી !
ન્હાનું મોઢું ને મ્હોટા બોલ.
કાંચન : કાન્તિ બ્હેન ! જાગો, જાગો.
વસન્ત : રસસમાધિ છે સ્નેહયોગિનીની.
પ્રમદા : આજકાલ સમાધિઓ બહુ લાધે છે
સ્નેહનાં સાધુ અને સાધુડીઓને.
અમે તો અથડાતાં ને અથડાઈએ,
જગતને માર્ગે અનુભવ વીણતાં.
પાણી લાવો, પાણી કોઈ.

(ઘવાએલી રસવીરાંગના સમી કાન્તિકુમારીને વસન્ત હૈયાડાળે વિસામો દે છે, પ્રમદા સુન્દરી પાલવપંખે વાયુ ઢોળે છે, જલ આવ્યે જોગણુ ઝારી લઇ જલકણ છાંટે છે, પાંખડી ફૂલપ્રોક્ષણ કરે છે, સખીઓ આશ્વાસનગીત ગાય છે.)

સખીઓ: ખમ્મા મ્હારી નન્દિની ! રે નન્દિની !
કુંળું ત્હારૂં હૈયું સંભાળ એક, નન્દિની !
ખમ્મા મ્હારી નન્દિની ! રે નન્દિની !
ખેલતાં શું કાંટા વાગ્યા ? બાપુ નન્દિની !
કેવડાને ક્યારે જતી ન, બ્હેન નન્દિની !
મોગરાના મૂકજે કિરીટ શિર, નન્દિની !
ખમ્મા મ્હારી નન્દિની ! રે હો નન્દિની !
ઉડતાં કો તેજ શું વાગ્યાં ? બાપુ નન્દિની !
વીજળીને ઝાલવા જતી ન, બ્હેન નન્દિની !
ચન્દ્રિકામાં ઝીલજે ઝીલાય તેમ, નન્દિની !
ખમ્મા મ્હારી નન્દિની ! રે હો નન્દિની !

કોકિલાની કેલિ વાગી શું? બાપુ નન્દિની!
પુષ્પના શું વાગ્યા પરાગ? બ્હેન નન્દિની!
વ્હાલઘેલી વાટમાં વસન્ત વાગી? નન્દિની!
વેણુ? કે કો વાગી સુહાગી રાજઆંખડી?
ખમ્મા મ્હારી નન્દિની! રે હો નન્દિની!

દેવ: શિક્ષાવચનો વૃથા છે અંહીં,
ને ઉપાલંભે છે અમસ્તા.
પૃથક્કરણથી પર છે એ
રસસોહાગિયાંઓની પરમ પ્રેમવાર્તા.

જોગણ: कोदात्?　　　कस्मादात्
स्नेहोदात्,　　　स्नेहायादात्:
स्नेहोदाता,　　　स्नेहप्रतिग्राहिता:
स्नेहैतत्ते.

રાસમંડળી: રસેશ્વર ભગવાનનો જય!

(પોયણાંની પાંખડીઓ શી કાન્તિકુમારી લગરિક આંખ ઉઘાડે છે.)

જોગણ: रसो वै सः

પ્રથમાવૃત્તિમાંની નોંધ

એક દિહાડો મુદ્રણાલયના મુદ્રણાધિપતિ મ્હારે ત્‍હાં આવ્યા હતા. વાતચીત થતાં ત્‍હેમણે કહ્યું: કવિ સાહેબ! આ અંક છપાતાં ત્રણ વર્ષ વીતવા આવ્યાં. ફરમાના કાગળો યે ઝાંખા પડયા.

હસતાં હસતાં મ્હેં કહ્યું: ઇન્દુ કુમાર લખાતાં આજ ત્રીસમું વર્ષ પૂરૂં થવા આવ્યું; તો છપાતાં ત્રીજું વર્ષે ન થાય?

આ ગ્રન્થના કાગળ શાહી છાપ ફરમામાં વિવિધતા જણાય તો પાઠક! ત્‍હેનો ખુલાસો ઉપરના વાર્તાલાપમાં જડશે. વસન્ત આવે ને જાય, ફૂલડાં વીણાય ને ગુંથાઇ, એમ ગૂંથતાં ગૂંથતાં આ ગ્રન્થનાં ગૂંથણ ને મુદ્રણ પૂરાં થયાં છે. એટલે કાગળ વિ. ની રંગછાયાઓમાં ભેદ જણાશે. મંહીના કવિતાના પરિમલ ઉરબહલાવતા લાગે સો પાનાંઓની આ ઉપલક્રિયા કરમાશને પાઠક! ક્ષણિક કાળછાયા ગણજે. પાનાં નથી, અક્ષર અમૃતહૈયાળા હોય.

નવેમ્બર, ૧૯૨૭ — ના. દ. કે.